મહીકાંઠા અને પાલણપુર એજન્સિની સ્કુલો, સાર્વજનિક લાઇબ્રેરીઓ તેમજ સ્કુલોમાં ઇનામ માટે મે પો. એ સાહેબ બહાદુરે તેમજ મે ડીરેકટર સાહેબ બહાદુરે લાઇબ્રેરી માટે મંજુર કરેલ.

મહીકાંઠા એજન્સિની સામાન્ય

ભૂગોળ.

ભૂગોળની મુખ્યસંજ્ઞાઓ, અને મહીકાંઠાની વિસ્તૃત સામાન્ય હકીકત સહિત.

લખનાર તથા પ્રસિદ્ધ કરનાર

ભાઇચંદ પુંજાદાસ શાહ.

હેડમાસ્તર, તાલુકા સ્કુલ સાદરા-મહીકાંઠા

આવૃત્તિ બીજી. — પ્રત ૧૦૦૦.

સંવત ૧૯૭૧ — સને ૧૯૧૫.

શ્રી "જ્ઞાનમન્દિર" પ્રિન્ટીંગ પ્રેસમાં ઠાકરરાય અમૃતરાયે છાપી.

સાકડીશેરી રોડ—અમદાવાદ.

કિંમત ત્રણ આના.

મહીકાંઠા અને પાલણપુર એજન્સિની સ્કુલો, સાર્વજનિક
લાઇબ્રેરીઓ તેમજ સ્કુલોમાં ઇનામ માટે મે પો. એ
સાહેબ બહાદુરે તેમજ મે ડીરેક્ટર સાહેબ બહાદુરે
લાઇબ્રેરી માટે મંજુર કરેલ.

મહીકાંઠા એજન્સિની સામાન્ય

ભૂગોળ.

ભૂગોળની મુખ્યસંજ્ઞાઓ, અને મહીકાંઠાની વિસ્તૃત
સામાન્ય હકીકત સહિત

લખનાર તથા પ્રસિદ્ધ કરનાર.

ભાઇચંદ પુંજાદાસ શાહ.

હેડમાસ્તર, તાલુકા સ્કુલ સાદરા-મહીકાંઠા

આવૃત્તિ બીજી. પ્રત ૧૦૦૦

સંવત ૧૯૭૧ સને ૧૯૧૫

શ્રી "જ્ઞાનમન્દિર" પ્રિન્ટીંગ પ્રેસમાં શંકરરાય અમૃતરાયે છાપી
સાકડીશેરી રોડ—અમદાવાદ.

કિંમત ત્રણ આના.

જાહેર ખબર.

રત્નત્રયી-અથવા ટૂંકી વાર્તાઓ -વડોદરા સરકાર, કાઠિઆવાડ, મહીકાંઠા, પાલણપુર અને બીજાં સ્ટેટોમાં ઇનામ લાઇબ્રેરી માટે અને મુંબાઈ ઇલાકાના લાઇબ્રેરી બુક તરીકે મંજુર — રૂ. ૦-૮-૦

બાળગીત:—મુંબાઇ ઇલાકામાં કન્યાશાળાઓમાં ઇનામ માટે મંજુર. — રૂ. ૦—૧-૦

સુવર્ણકુમારી--(ગુજરાતી પંચની સને ૧૯૧૨ ની ભેટ)-રૂ.૧--૮-૦

મળવાનું ઠેકાણું.— પ્રયોજક અને પ્રકાશક,

ચતુર્ભુજ માણુકેશ્વર ભટ્ટ.

વકીલ—**સાદરા.**

આપણો સંસાર સુખી કેમ થઈ શકે?

અથવા

ગ્રામ્ય મંડળમાં સુધારો (ગદ્ય) — મૂલ્ય બે આના.

પ્રસૂનાંજલિ (કાવ્યો). . — મૂલ્ય ચાર આના.

પ્રયોજક અને પ્રકાશક,

મળવાના ઠેકાણા.— **સીતારામ જે. શર્મા (કડી)**

શર્માસદન, કડીઆવાડ સ્ટ્રીટ,

નડાની બાગોળ-પ્રાંતિજ.

તથા "ગુજરાતી પંચ"—પાંચકુવા—**અમદાવાદ.**

બીજી આવૃત્તિની પ્રસ્તાવના.

"મહીકાંઠા એજન્સિની સરળ ભૂગોળ, મહીકાંઠા એજન્સિની સામાન્ય ભૂગોળ, ઇડર મસ્થાનની સામાન્ય ભૂગોળ અને ભૂગોળની મુખ્ય મજ્ઞાઓ" એ ચારે પુસ્તકો મહીકાંઠા એજન્સિમા મહીકાંઠાના મે પો. એજન્ટ, મેજર એન એમ. કોચહીલ સાહેબ બહાદુરે સ્કુલો માટે, સાર્વજનિક લાઇબ્રેરીઓ, તેમજ સ્કુલોમાં ઇનામ આપવા માટે સર્ક્યુલર ન ૪ તા. ૧-૪-૧૪ થી; તેમજ પાલણપુર એજન્સિમા ઇનામ, લાઇબ્રેરી માટે મંજુર કર્યા છે

"મહીકાંઠા એજન્સિની સામાન્ય ભૂગોળ, અને ઇડર મસ્થાનની સામાન્ય ભૂગોળ" એ બે પુસ્તકો મુંબાઇ ઇલાકાના મે ડીરેક્ટર સા. ઈં. ન ૧૭૭૪૭ તા. ૮-૩-૧૫ થી લાઇબ્રેરી બુક્સ તરીકે મંજુર કર્યા છે. તેથી તેઓ સાહેબોનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છુ. વળી કેળવણી ખાતાના સત્તાધિકારી સાહેબો, રાજા બહાદુરો, ઠાકોર સાહેબો પ્રતિષ્ઠિત વિદ્વાનો, શિક્ષકો, સંભાવિત સદ્‌ગૃહસ્થો અને શિષ્યોએ આ પુસ્તક અવલોકી જથાબંધ ખરીદી ઉત્તેજન આપી મારા પ્રત્યે જે સદ્‌ભાવ દર્શાવ્યો છે તેથી તેમનો પણ આભારી છુ.

આ પુસ્તકો મહીકાંઠા એજન્સિની, તથા ઇડર મસ્થાનની શાળાઓમા શિષ્ય અને શિક્ષક વર્ગને ખાસ ઉપયોગી થઇ પડેલા હોવાથી મારો આ પ્રયત્ન સફળ થયેલો જોઇ કૃતકૃત્ય થયો છુ

પહેલી આવૃત્તિ ટૂંક મુદ્દતમા ખપી જવાથી સુધારા વધારા સાથેની આ બીજી આવૃત્તિ બહાર પાડવામા આવી છે આ પુસ્તકમાં અપૂર્ણ રહેલી બાબત યા ભૂલો સુચવવા કૃપા થશે તો તે ઉપકાર સાથે સ્વીકારી હવે પછીની આવૃત્તિ વખતે ઘટિત સુધારો કરી કૃતાર્થ થઇશ

સાદરા તાલુકા સ્કુલ. } ભાઇચંદ પુંજાદાસ શાહ.
જુલાઇ ૧૯૧૫

પ્રસ્તાવના.

મહીકાંઠા એજન્સિનુ સામાન્ય વર્ણન, સંસ્થાનો અને તાલુકાની ભૂગોળ, જાણવા લાયક સ્થળો; અને ભૂગોળની સંજ્ઞાઓ આપી આ પુસ્તક બીજા અને ત્રીજા ધોરણના વિદ્યાર્થીઓ ઉપરાત ઉપલા ધોરણના વિદ્યાર્થીઓ, શિક્ષકો વગેરેને ખાસ ઉપયોગી થઇ પડે અને માહિતી મળે એ ઉદ્દેશથી લખવામાં આવ્યુ છે

શિક્ષકોના ધ્યાનમા હશેજ, કે પ્રથમ સ્થળસૂચક શબ્દોથી શરૂ કરી દિશાઓનુ શિક્ષણ ચોકસ અપાયા પછી નિશાળના મકાનથી આરંભ કરી તેની આસપાસના ફળીઆ, રસ્તા, ગામની ભૂગોળ એ પ્રમાણે આગળ વધીને તાલુકા અને સંસ્થાનની ભૂગોળ, છોકરાઓને ગમ્મત પડે અને તેમની વિચારશક્તિ ખીલે; એ રીતે શીખવવાની છે. તેમા આ પુસ્તક સહાયભૂત થઇ પડે એ હેતુ રાખવામા આવ્યો છે

મ્હોટા ગામ, નદીઓ, કે તેની બીજી હકીકત છોકરાં ગોખી કાઢે કે વાચી જાય એ બહુ ઉપયોગનુ નથી, પરંતુ ત્યા વસતા લોકો અને તેમના ઉદ્યોગો, ત્યાની જમીન, તે ઉપર આધાર રાખતી ખેતી અને બીજી પેદાશો, ગામ, તાલુકા, સંસ્થાન અને એજન્સિના અધિકારીઓ, તેમની ફરજો, વગેરે ઘણી બાબતોથી શિક્ષકોએ વિદ્યાર્થીઓને વાકેફ કરવા જોઇએ આ બધુ શિખવવાનો ઘણો આધાર શિક્ષકની જાત માહિતી અને શિખવવાની કળા ઉપર છે

નકશાની મદદ અને સ્થળોના વર્ણનથી વિદ્યાર્થીઓને ગમ્મત સાથે જ્ઞાન મળે છે એ જાણીતી વાત છે તેમા રમુજી વર્ણનથી

તેમના મન ઉપર એવી તો સચોટ અસર થાય છે, કે ફરી તેમને તે વિષે પુસ્તકમથી વાચવાની જરૂર પડતી નથી.

સામાન્ય રીતે એમ માનવામા આવે છે કે ભૂગોળનું પુસ્તક તો ફક્ત બાળકો માટેજ છે, તેથી તેની વિશેષ માહિતી મેળવવા માટે મોટી વયના પુરૂષો પ્રયાસ કરતા હોય એમ લાગતું નથી. એમ ધારવામા આપણી ભૂલ છે. આ એજન્સિ સંબંધિ મેં ફક્ત જુજ જ્ઞાન સ્કુલમાં ભણતી વખતે તે વખતના ભૂગોળના નાના પુસ્તકમાથી મેળવ્યુ હતું તેજ પરતુ શિક્ષક પદે આવ્યા પછી મહીકાઠા સબધિ વિશેષ હકીકત જાણવાની જીજ્ઞાસાએજ મને વધારે જ્ઞાન સપાદન કરવા પ્રેરણા કરી છે અને તેનુજ આ લઘુ પુસ્તક એ પરિણામ છે આ એજન્સિના વતનીને તો ખસુસ કરીને મહીકાઠા સબધિ ભૂગોળનુ જ્ઞાન અવશ્ય હોવુજ જોઇએ. એજન્સિ, દરેક સસ્થાન, તાલુકો, જિલ્લો કે પ્રાતની માહિતી મેળવવાથી ઘણી જાતના લાભ થાય છે

આ પુસ્તક છપાવી પ્રગટ કરવા માટે ઉત્સાહ પ્રેરનાર ઉદાર ચિત માનવના અને મહીકાઠાના પ્રજાનુ હિત અને કેળવણીનો ફેલાવો કરવાનુ જેના હૃદયમા નિરતર વાસ કરી રહેલુ છે એવા નેક નામ. મે કટોસણ ઠાકોર સાહેબ અને મે વરસોડા ઠાકોર સાહેબે ઉદાર આશ્રય આપી જે મદદ કરી છે તેથી હું આ સ્થળે તેઓ નામદાર સાહેબોનો અંતઃકરણ પૂર્વક આભારી છુ

આ પુસ્તક લખવામા તેમજ એજન્સિ બંધારણ વગેરે સંબધિ કેટલીક વિશેષ માહિતી આપવામા મ્હને મ્હારા પરમ શુભેચ્છક રા રા. દામોદર મહાશંકર ભટ્ટ, મહીકાઠા એજન્સિના કેળવણી ખાતાના અધ્યાપક પેન્સનર ડે. એ. ઇ. સાહેબ મે. પ્રભુરામભાઇ

મુળજીરામ ભટ્ટ, હાલના ડે એ. ઈ. સાહેબ મે મંહમદમીઆં ઉ-મમાનમીઆં કુરેશી, સ્કોટકોલેજના હેડ માસ્તર સાહેબ મે હરિ-લાલ ચંદુલાલ ઠાકોર, પેન્શનર એજન્સિ સિરસ્તેદાર, અંબાલાલ પ્રભુદાસ, સાક્ષર ચતુર્ભુજ માણકેશ્વર ભટ્ટ, પેન્શનર થાણદાર મુળચંદ ઉત્તમદાસ, ગોવરધનદાસ ધરમચંદદાસ અને શિક્ષક બંધુઓ, અને એજન્સિ સ્ટાફના ઘણા અનુભવી સદ્‌ગૃહસ્થોએ આ પુસ્તક વાંચી સુધારી તેમજ મારા અભ્યાસ અને અનુભવમાં વધારો થાય તેવા હેતુથી જે જે કીંમતી સલાહ અને સુચનાઓ આપી છે તે માટે હું તેમનો અંતઃકરણ પૂર્વક આભારી છુ

પ્રેમચંદ રાયચંદ મેલ ટ્રેનિંગ કોલેજના સ્વર્ગસ્થ પ્રિન્સિપાલ રાવસાહેબ માધવલાલ હરિલાલ દેશાઈ અને હાલના પ્રિન્સિપાલ રાવબહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી જેઓ મ્હારા ટ્રેનિંગ કોલેજના શિક્ષાગુરૂ છે, તેમણે કીમતી અને વિદ્વતા ભરેલા ભૂગોળના શિક્ષણ વિષેના સને ૧૮૯૨ થી આજ સુધીના ગુજરાતશાળાપત્રોમા જે જે લેખો લખ્યા છે તેમા સુચવેલી સુચનાઓ અનુસાર આ પુસ્તકની સંકળના રચવામા આવી છે. તેથી તેઓ સાહેબોનો, આ પુસ્તક યોજવામા એજન્સિ અધિકારી સાહેબોએ મને જે જે કીમતી સુચના આપી છે તેથી તેમનો, અને આ પુસ્તક લખવામા મે જે જે પુસ્તકોની મદદ મેળવી છે તે તે પુસ્તકોના કર્તાનો, તેમા ખાસ કરીને ઇડર સંસ્થાનની ભૂગોળ લખવામાં રા. રા. જોગીદાસની ભૂ-ગોળથી મને ઘણી ઉપયોગી સહાય મળી હતી તેથી તેમનો, એ સૌનો અંતઃકરણ પૂર્વક આભારી છુ.

તા ૧-૧-૧૪
સાદરા.

ભાઇચંદ પુંજાદાસ શાહ.

અનુક્રમણિકા.

વિભાગ ૧ લો.

ભૂગોળની મુખ્ય સંજ્ઞાઓ.

દિશાઓ.

દિશાઓ ચાર છે; **પૂર્વ**, **પશ્ચિમ**, **ઉત્તર** અને **દક્ષિણ**.


જે બાજુએ સવારમા સુરજ ઉગે છે, તે બાજુને **ઉગમણી** અથવા **પૂર્વ દિશા** કહે છે

જે બાજુએ સાજે સુરજ આથમે છે, તે બાજુને **આથમણી** અથવા **પશ્ચિમ દિશા** કહે છે.

પૂર્વ દિશા ભણી મો કરી ઉભા રહીએ તો ડાબા હાથ તરફ જે દિશા તેને **ઉત્તરદિશા** કહે છે. અને જમણા હાથ તરફની દિશાને **દક્ષિણદિશા** કહે છે.

ખૂણાઓ.

સુચના:—ખૂણા શિખવવા માટે કાળા પાટીઆ ઉપર અથવા ભોયપર મોટો ચોરસ કાઢવો, તે ચોરસની બાજુપર દિશા પ્રમાણે નામ લખવા, પછી તેના સામસામા ખૂણા સાંધીને પછી છોકરાને વચમા ઉભો રાખવો, પછી ખૂણાની સમજણ પાડી બે બાજુ વચ્ચે જે જે ખૂણા આવે તેના નામ બોલતા અને લખતા શિખવવા.



ખૂણા ચાર છે. **વાયવ્ય, ઇશાન, નૈઋર્ત્ય અને અગ્નિ.** ઉત્તર અને પશ્ચિમ દિશા વચ્ચેના ખૂણાને **વાયવ્ય ખૂણો** કહે છે. ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેના ખૂણાને **ઇશાન ખૂણો** કહે છે પશ્ચિમ અને દક્ષિણદિશા વચ્ચેના ખૂણાને **નૈઋર્ત્ય ખૂણો** કહે છે. પૂર્વ અને દક્ષિણ દિશા વચ્ચેના ખૂણાને **અગ્નિખૂણો** કહે છે

મુખ્ય ચાર દિશાઓ અને ચાર ખૂણાઓ મળીને આઠ દિશાઓ થાય છે. માથા ઉપરની દિશા તે **આકાશ** અને પગ નીચેની દિશા તે **પાતાળ દિશા** મળી દશ દિશાઓ થાય છે

સુચના:—બની શકે તો નિશાળના ઓરડામાં જમીન ઉપર હોકાયત્ર પેઠે ગોઠવીને પાસેની આકૃતિ જેવી મોટી આકૃતિ કેટલીક મુદ્દત ટકે એવી કાઢવી, જ્યારે દિશાઓની હકીકત કહેવી પડે, ત્યારે આ આકૃતિનો ઉપયોગ કરવો જેથી દિશાઓની સારી સમજણ પડશે.



નકશાની દિશાઓ:—નકશો બધા દેખી શકે તેમ સામી ભીંત કે લાકડાની ઘોડી ઉપર ટાંગવો તો નકશાની ઉપરની બાજુને **ઉત્તરદિશા**, નીચેની બાજુને **દક્ષિણદિશા,** જોનારના જમણા હાથ તરફની બાજુને **પૂર્વદિશા** અને ડાબા હાથ તરફની બાજુને **પશ્ચિમદિશા** કહે છે.

સુચના:—નકશાની દિશાઓ અને કુદરતી દિશાઓ એકજ છે, તે બાળકોને સમજાવવા માટે નકશાને ભોંય ઉપર પાથરવો, અને ઓરડાની દિશા પ્રમાણે નકશાની દિશાઓ મેળવી પછી નકશો એમને એમ ઉપાડી ભીત ઉપર લટકાવવો. જેથી કુદરતી દિશાઓ અને નકશાની દિશાઓ વચ્ચેનો ભેદ સમજાશે.

વ્યાખ્યાઓ *

સુચના:—આમા આપેલી તમામ ભૂગોળની સજ્ઞાઓ એકી સામટી ગોખાવવાની કે શીખવી દેવાની નથી પરતુ ભૂગોળના પાઠ શિખવતી વખતે જે નવી ભૂગોળની સજ્ઞા શિખવવાની આવે તે **મોડલ** (નમુના) દ્વારા શિક્ષકે શિખવવી જોઇએ આવા નમુના નદી, તળાવ, ગામની પડોશના ઊચા નીચા ટેકરા, ઝરણુ વગેરે સ્થળે વિદ્યાર્થીઓને લઇ જઇને તેમને પ્રત્યક્ષ બતાવી, તે ઉપરથી ડુગર, નદી, બેટ, ભૂશિર, દ્વીપકલ્પ, સયોગીભૂમિ, સામુદ્રધુની વગેરે શબ્દોની સંજ્ઞા અવલોકન દ્વારા સગીન રીતે શીખવા શકાય છે.

નકશો:—દેશ કે તેના કોઈ ભાગનો કાગળપર ચિત્રેલો નમુનો કે આકાર

પૃથ્વીની સપાટીના **કોરી જમીન** અને **પાણી** એવા બે ભાગ છે. કોરી જમીન નક્કર અને જડ છે

કોરીજમીન:—એના ત્રણ વર્ગ થઇ શકે છે, **સપાટ પ્રદેશ, પર્વતો અને ખાણો** જમીનનો મોટો ભાગ તદ્દન સપાટ અને સરખો હોય તેને **સપાટ પ્રદેશ કે મેદાન** કહે છે

૧ સપાટ પ્રદેશ કે મેદાન.

૧. કેટલાક ઘરના સમુદાયને **ફળીયું, વાસ, મહોલ્લો કે પોળ** કહે છે.

૨, જેમા થોડાં ઘર અને ફળીઆં આવેલા હોય તેને **ગામ** કહે છે.

---

* સને ૧૮૯૩ ના ગુ શા પત્રમા " સ્થળ વિષે પાઠો " એ મથાળા નીચે વ્યાખ્યાઓનુ શિક્ષણ કેવી રીતે આપવુ તે સમજાવેલુ છે.

૩. નાનુ ગામ હોય અને જ્યા જુજ ઘર હોય તેને **પરૂં** કે **ગામડું** કહે છે.

૪. જે ગામમાં વસ્તી વિશેષ હોય અને ગામ કરતાં સહેજ મોટું હોય તેને **કસ્બો** કહે છે.

૫ જ્યાં ગામ કે કસ્બાથી વસ્તી વિશેષ હોય, ઘણાં મોટાં ઘરો અને બજારો હોય અને વેપાર ધમધોકાર અને સારો ચાલતો હોય તેને **શહેર** કહે છે.

૬. જે ગામ કે શહેરમા રાજા કે રાજાનો મુખ્ય અધિકારી રહે છે તે ગામ કે શહેરને **રાજધાની** કહે છે.

૭. જે શહેર નદી કે દરીઆ કિનારે આવેલુ હોય અને ત્યાંથી વહાણ કે આગબોટ મારફતે માલ ચઢતો ઉતરતો (આવતો જતો) હોય તેને **બંદર** કહે છે.

૮ જે સ્થળે રેલવે (આગગાડી) મારફતે માણસો (ઉતારૂઓ-પાસેન્જરો) અને માલ ચઢતો ઉતરતો હોય અને ત્યા થોડો વખત રેલવે ઉભી રહેતી હોય તે સ્થળને **રેલવે સ્ટેશન** કહે છે.

૯ જે સડક ઉપર આગગાડી ચાલતી હોય તેને **રેલવે** કહે છે. અને જ્યા આગગાડીના જુદા જુદા ઠેકાણે જવાના રસ્તા મળે છે તે જગા **જંકશન** કહેવાય છે.

૧૦. કેટલાક નાનાં મોટા ગામો એક જયે આવેલા હોય તેવા ગામોના સમુદાયને **તાલુકો**, **મહાલ** કે **પરગણું** કહે છે

એક અને એકથી વધારે ગામ પોતાની માલકીનાં જેમને હોય છે તેમને **તાલુકદાર** કહે છે. અને તેમના હસ્તકનો જે મુલક તે **તાલુકો** કહેવાય છે.

તાલુકાના પેટા ભાગને ખાલસામાં **મહાલ** કહે છે. બરોડા રાજ્ય, ઇડર અને બીજાં સંસ્થાનોમા તાલુકાને પણ **મહાલ** કહે છે.

તાલુકો, મહાલ કે પરગણું જેના હવાલામાં હોય છે, તે અમલદારને એજન્સિમાં **તાલુકદાર**, જિલ્લામા **મામલતદાર** અને બીજાં મોટા દેશી રાજ્યોમાં **વહીવટદાર** કે **મહાલકારી** કહે છે.

૧૧. કેટલાક તાલુકાઓ એકઠા જોડી એક અમુક ભાગ બનાવવામાં આવ્યો હોય છે. એવા અંગ્રેજ સરકારના ખાલસા મુલકને અથવા પ્રાતના નાના ભાગને **જિલ્લો** કહે છે. અને તેનો વહીવટ કરનાર અમલદારને **કલેકટર** કહે છે.

૧૨. દેશી રાજાના તાબાના મુલકને **સંસ્થાન** કહે છે.

૧૩ નાના દેશી રાજ્યને **તાલુકો** કહે છે.

૧૪. કેટલાક દેશી રાજ્યો કે તાલુકાઓનો સમુહ કે જેના ઉપર અંગ્રેજ સરકારની દેખરેખ હોય તેને **એજન્સિ** કહે છે અને તેનો વહીવટ કરનાર અમલદારને **પોલિટિકલ એજંટ** કહે છે.

૧૫ ઇલાકાના વિભાગને અથવા કેટલાક જિલ્લા, એજન્સિઓ, અને **સંસ્થાનથી** બનેલા મુલકને **વિભાગ** કે **પ્રાંત** કહે છે. તેના ઉપરીને **કમિશ્નર** કહે છે.

૧૬. કેટલાક વિભાગ કે પ્રાત અને દેશી રાજ્યોથી બનેલા મુલકને **ઇલાકો** કહે છે. ઇલાકાના ઉપરીને **ગવર્નર** કહે છે.

૧૭. કેટલાક ઇલાકા, પ્રાંતો અને મોટા દેશી રાજ્યો મળીને જમીનનો મોટો ભાગ બનેલો હોય અને જેમા એકજ ભાષા બોલનારા કે એકજ ધર્મના ઘણા લોકો વસતા હોય તેને **દેશ** કહેછે.

૧૮. પૃથ્વી ઉપરની જમીનના જે મોટા પાંચ ભાગ ઠરાવેલા છે અને જેમા ઘણા દેશો આવેલા હોય છે તે દરેકને **ખંડ** કહે છે.

ખંડ પાંચ છે. **એશિઆ. યુરોપ, આફ્રિકા, અમેરિકા,** અને **આસ્ટ્રેલિઆ.** પહેલા ત્ર ખડને જુની દુનીઆ, અને બાકીના બેને નવી દુનીઆ કહે છે

૧૯ જમીનના થોડા ઊ ણવાળા ભાગને **ટેકરી,** તેથી વિશેષ ઊંચાણ વાળા ભાગને **ટેકરો** । તેથી ઘણા ઊચાણ વાળા ભાગને **ડુગર** કહે છે.

૨૦ જમીનના ઘણા ઊંચાણ વાળા ભાગને અથવા ઊંચા અને મોટા ડુગરને **પર્વત** કે **પહાડ** કહે છે,

૨૧ પર્વતના છેક નીચલા ભાગને **તળાટી** કે **તળેટી** કહે છે.

૨૨ પર્વતના છેક ઉપલા ભાગને **ટોચ** કે **શિખર** કહે છે.

૨૩ શિખર અને તળેટી વચ્ચેના ભાગને **પર્વતની સપાટી** કે **પર્વતની બાજુઓ** કહે છે

૨૪. ઘણા ગાઉ સુધી એક બીજાને અડીને ડુંગરો આવેલા હોય તેને **ડુગરોની હાર** કહે છે.

૨૫ પર્વતો ઘણા ગાઉ સુધી તળીએથી એક બીજાને અડીને જોડાઇ જતા હોય તેને **પર્વતોની હાર** કહે છે.

૨૬ ડુગરો કે પર્વતોની વચ્ચે આવેલા નીચાણ ભાગને **ખીણ** કહે છે. જ્યા પર્વતો ઘણા પાસે હોય છે ત્યા ખીણ સાકડી હોય છે. ને જ્યા પર્વતો છેટે છેટે આવેલા હોય છે ત્યા ખીણ પહોળી હોય છે

૨૭ ડુંગર કે પર્વતને મથાળે આવેલી સપાટ જમીનને અથ-

વા પહાડો ઉપર આવેલા પ્રદેશને **ઉચ્ચ પ્રદેશ** કહે છે.

૨૮. લગભગ સપાટ જમીનના વિસ્તારેલા ભાગને **મેદાન** અથવા **પ્રદેશ** કહે છે.

૨૯. જે ઉચી જગાએથી જુદી જુદી દિશાઓમા પાણીનાં ઝરણો વહે છે. તેને **જળક્ષેપ પ્રદેશ** કે **જળાશય** કહે છે.

૩૦. પહાડોમાં થઇને જવા આવવાના માર્ગને **ઘાટ** કહે છે.

૩૧ પહાડ કે જમીનની અદર થઇને જવાય એવો પહાડ કે જમીનને કોરીને માર્ગ બનાવેલો હોય તેને **ટનલ** કહે છે.

૩૨ જે જમીન ઉપર ઘણા ગાઉ સુધી રેતી પથરાએલી હોય તે ભાગને **રણ** કહે છે

૩૩ રણમા કોઇ કોઇ સ્થળે ઝાડપાન વાળી, ખેડાણ કરવા લાયક, અને વસવા લાયક જમીન હોય, અને ત્યાં પાણી વગેરે મળી શકે તેમ હોય, તો તેવા સ્થળને **રણદ્વીપ** કહે છે

૩૪. ચારે બાજુએ પાણીથી વીટળાએલા જમીનના ભાગને **દ્વીપ, બેટ** કે **ટાપુ** કહે છે.

૩૫ જે જમીનની ત્રણે બાજુએ દરીઓ આવેલો હોય અને એક બાજુ જમીન સાથે જોડાએલી હોય તેને **દ્વીપકલ્પ** કહે છે.

૩૬. જમીનના બે મોટા ભાગને સાધનારો જમીનનો નાનો (સાકડો) ભાગ તેને **સંયોગીભૂમિ** કહે છે

૩૭ જમીનની અણી લાગી થઇને સમુદ્રમા ગએલી હોય તેને **ભૂશિર,** (જમીનનું માથુ, છેડો, અણી,) **કેપ** અથવા **પોઇન્ટ** કહેછે.

૩૮. જમીનનો જે ભાગ નદી, દરીઓ, કે પાણીના કોઈ ભાગની લગોલગ આવેલો હોય તેને **કિનારો** કે **કાંઠો** કહે છે.

૩૯. બે નદી વચ્ચેનો પ્રદેશ તેને **દોઆબ** કહે છે. દો=બે, અને આબ=પાણી.

૪૦ દરીઆમા પાણીની સપાટી અંદર ઊંચા ટેકરા કે ડુંગર આવેલા હોય તેવા ડુગરો કે ટેકરાને **ખડક** કે **ખરાબો*** કહે છે.

૪૧. ઊચા ખડકો કોરીને નદી ઉંડાણમાં વહે છે તેવા નદીના ઉચા ખડકોને **કૅનન** કહે છે.

૪૨. કોઈ કોઇ વખતે ઘણા જોરથી પૃથ્વીના પડના નીચેના ભાગમાથી ખડકનો ઓગળેલો રસ, પથ્થર, વરાળ, વગેરે બહાર ધશી આવી ઊચે ફેકાય છે પથ્થર, રાખોડી વગેરે ઘણે દૂર સુધી જઈ પડે છે ઓગળેલો રસ નીકળીને બહાર ઠરી જાય છે, અને શકુ આકારમા તેના પહાડો બને છે તેની વચ્ચે મોટી નાળ જેવુ વિશાળ મો હોય છે, અને તે નવી પૃથ્વીના પડમા છેક નીચે ગરમી-વાળા ભાગ સાથે સંધાએલી હોય છે તેમાથી **બળતો રસ (લાવા) વરાળ, રાખોડી** વગેરે, કાયમ નીકળ્યા કરે છે આવા બળતા પહાડને **જ્વાળામુખી** કહે છે.

૪૩ ઘણી વખત માઇલોના માઇલ સુધી પૃથ્વીનુ પડ હાલતું માલમ પડે છે અને થોડો વાર હાલીને સ્થિર થઇ જાય છે આને **ધરતીકપ** કહે છે.

મહાસાગરમા અમુક અમુક અંતર સુધી ગરમ પાણીના જે પ્રવાહો ચાલે છે તેમને **ગલ્ફ સ્ટ્રીમ** અને **કયુરો સીવા** કહે છે.

સમુદ્રની અંદરના પ્રવાહોની દિશાનો આધાર પૃથ્વીની દૈનિક

---

* ગામની જે જમીન ખેડાણમા આવી શકે તેવી ખેડાણ લાયક ન હોય તેવી, પડતર જમીનને પણ **ખરાબો** કહે છે

ગતિ, પવન અને પ્રવાહોની નજીક આવેલા ખડકના ઊંચાણુ નિચાણુ વાળા ભાગો ઉપર આધાર રાખે છે. મહાસાગરોના પ્રવાહોમાં **ગલ્ફ સ્ટ્રીમ** અને **ક્યુરો સીવો** એ મુખ્ય છે.

દરીઆનો એક પ્રવાહ દક્ષિણ અમેરિકાના પૂર્વ કિનારા તરફ આવે છે. તેના બે ફાંટા છે એકને **બ્રાઝિલિયન પ્રવાહ** કહે છે. બીજો ઉત્તરમા મેક્સિકો અખાતમા જાય છે ત્યાંથી પાછો ફરી ઇશાન ખૂણા તરફ વળી છેક ઇગ્લાંડ સુધી જાય છે, અને આખા યુરોપને પશ્ચિમ કિનારે ઉષ્ણતા ફેલાવે છે, અને અમેરિકાથી ઇંગ્લાંડ જતાં વહાણોની ગતિમા તે મદદગાર થઇ પડે છે આ મહાન પ્રવાહને **ગલ્ફ સ્ટ્રીમ** કહે છે

પાસિફિક મહાસાગરમા દક્ષિણ મહાસાગર તરફથી એક પ્રવાહ ઉત્પન્ન થઇ દક્ષિણ અમેરિકાના પશ્ચિમ કિનારા તરફ આવે છે. ત્યાથી પશ્ચિમમા મરડાઈ આસ્ટ્રેલિઆ સુધી પહોચે છે, તેનો અને મોટો ફાટો ફિલિપાઇન અને જાપાન તરફ જાય છે. આ પ્રવાહનું નામ **ક્યુરો સીવો** (ક્યુરો–કાળો+સીવો-સમુદ્ર=કાળો પ્રવાહ) છે, તે પોતાનુ ગરમ અને કાળુ પાણી એશિઆને પૂર્વ કિનારે ઉત્તર તરફ લઇ જાય છે.

પાણીના વિભાગો—

૧. ઊચા ટેકરા કે નાના નાના ડુગરોમાથી પાણી ઝમી ઝમી ને જે પ્રવાહ ચાલે છે તેને **ઝરો** કે **ઝરણ** કહે છે.

૨. વરસાદના પાણીનો પ્રવાહ થોડા ગાઉ સુધી જતો હોય તેને **વહેળો** કે **નાળું** કહે છે.

૩ મીઠા પાણીનો જે પ્રવાહ પર્વત કે સરોવરમાંથી નીકળી ઢળતી જમીનમાં વહી સમુદ્રને મળે છે તેને [1]**નદી** કહે છે,

૪. જે જગાએથી નદી નીકળે છે તેને નદીનુ **મૂળ** કહે છે.

૫. જે જગાએ નદી સમુદ્રને મળે છે તેને નદીનું **મુખ** કહે છે

૬ એક નદી બીજી નદીને જે ઠેકાણે મળે છે તે ઠેકાણાને **સંગમ** કહે છે

૭ સમુદ્રને મળતા ... ના ભરતીનુ પાણી માહે આવે એવુ નદીનુ જે પહોળુ મુખ હોય છે તેને [2]**ખાડી** કહે છે

૮ જમીનથી વીંટળાએલા પાણીના નાના ભાગને **તળાવ** અને મોટા ભાગને (મોટા તળાવને) **સરોવર** કહે છે

૯ ઊંચા પર્વત ઉપરથી ઊંચેથી પાણીનો પ્રવાહ નીચે ધોધ-બધ પડતો હોય તેને **જળધોધ** કે **ધોધ** કહે છે

૧૦. ચારે બાજુએ પાણીથી વીંટળાએલા જમીનના ભાગને **દ્વીપ બેટ** કે **ટાપુ** કહે છે

૧૧. પૃથ્વી ઉપરના ખારા પાણીના પાચ ભાગ કર્યા છે તે દરેકને **મહાસાગર** કહે છે મહાસાગર પાચ છે **ઉત્તર મહાસાગર, આટલાંટિક મહાસાગર, હીંદી મહાસાગર, દક્ષિણ મહાસાગર,** અને **પાસિફિક મહાસાગર.**

---

૧ નદીના કિનારા —નદીના મુખ તરફ મો રાખી ઉભા રહીએ તો ડાબી બાજુએ જે કિનારો આવે છે તે ડાબો કિનારો, અને જમણી બાજુએ જે કિનારો હોય તે જમણો કિનારો કહેવાય છે

૨. ખાડીને ઇંગ્રેજીમા ચાનલ પણ કહે છે.

૧૨. મહાસાગરથી નાના અને મહાસાગરના ભાગને **સમુદ્ર, સાગર** કે **દરીઓ** કહે છે

૧૩ જમીન ઉપર લાંબા ગએલા સમુદ્રના ફાંટાને **અખાત** કહે છે.

૧૪. પહોળા મહોડાના કે પહોળા અખાતને **ઉપસાગર** કહે છે.

૧૫. પાણીના બે મોટા ભાગને સાંધનારા પાણીના નાના ભાગને **સામુદ્રધુની**,[1] કહે છે

૧૬ જમીનનો જે ભાગ દરીઆ લગોલગ આવેલો હોય તેને **સમુદ્રકાંઠો** કે **સમુદ્રકિનારો** કહે છે

૧૭. સમુદ્રની અંદર પાણીની સપાટીની લગભગ ઊંચા ટેકરા આવેલા હોય કે જેને વહાણ કે આગબોટ અથડાય ને તેથી તે ભાગી હોનારત થાય તેની જગા જણાઇ આવે તેથી તેવા સ્થળે ઉંચો થાંભલો ચણી તેમાં દીવા રાખવામા આવે છે. તેને **દીવાદાંડી** કહે છે,

૧૮ જે સ્થળે વહાણ કે આગબોટ લંગારવામા આવે છે તેને **બારૂ** કહે છે

૧૯. આગબોટો કિનારા પાસે આવી દરીઆ માર્ગે આવતો માલ લઇ શકે અથવા ઉતારી શકે તેવી સગવડ સારૂ બારામા જે બાંધ કામ કરેલુ હોય છે, તેને **ગોદી** કે **ડક** કહે છે

---

1 **ધુની** એટલે નદી બે સમુદ્ર વચ્ચે જોડનારો નાનો નદી જેવો પાણીનો ભાગ

૨૦ નદી એક કે ઘણા મુખે સમુદ્રને મળવાથી તે સ્થળે જમીનનો જે ભાગ ત્રિકોણ આકારે બને છે તેને **ડેલ્ટા કહે છે**

૨૧. ખેતીવાડીના ઉપયોગ સારૂ ખેતરોમા પાણી પુરૂ પાડવા માટે નદીમાથી જે ફાટા (વહેળા)કાઢવામા આવેલા હોય છે. તેમને **નહેર-કૅનાલ*** કહે છે

૨૨. દરીઆમા મુસાફરી કરવા, અને દરીઆપારના દેશોમાં માલ લાવવા લઇ જવા માટે વરાળયંત્રથી ચાલતું વહાણ કે જેને **આગબોટ** કે **સ્ટીમર** કહે છે

૨૩ જે સ્ટીમર દરીઆઈ લડાઇ લઢી શકે તેવી બનાવેલી હોય તેને **મનવાર** કહે છે.

૨૪. બરાબર દરીઆમા મુસાફરી કરવા અને એક સ્થળેથી બીજા સ્થળે દરીઆ માર્ગે કિનારે કિનારે માલ લઇ જવા, લાવવા માટે વરાળયંત્ર ગોઠવ્યા સિવાયના જે મોટા તરતા વહાણો બનાવેલા હોય છે તેને **નૌકા** કે **વહાણ** કહે છે આવા વહાણો દરીઆ કાઠે કાઠે મુસાફરી કરે છે

---

* આવી નહેર હાથમતી નદીમાથી ખોદવામા આવેલી છે.

મહીકાંઠા એજન્સિની
સામાન્ય ભૂગોળ.

પ્રકરણ ૧ લું

એજન્સિ:—જેમ ઘણા તાલુકા મળી જિલ્લો બને છે તેમ ઘણાં નાનાં નાના દેશી રાજ્યો (એક જથે આવેલા હોય અને તે બધા) ના રાજકારભાર ઉપર દેખરેખ રાખવાને એક અગ્રેજ અ-ધિકારીની (પોલિટિકલ એજ ટની) નીમણોક કરવામાં આવેલી હોય તેવા સઘળા રાજ્યોના સમુહને એજન્સિ કહે છે

મહીકાંઠા એજન્સિ નામ પડવાનું કારણ:—ગુજરાતનો મુલ્કી અને લશ્કરી ભાગ, જેને મરાઠા મહીકાઠો કહેતા તે નામ પ્રમાણે મહીકાઠા એજન્સિ એ મહી નદીના કાંઠા ઉપરનો પ્રદેશ નથી. વાસ્તવિક જોતા ગાયકવાડ સરકારને પોતાનુ લશ્કર ગુજરાતના જે ભાગમા લઇ જવુ પડતું હતું તે સર્વ ભાગને એટલે **મહી નદીની ઉત્તર તરફના મુલકને મહીકાંઠા*** કહે છે.

---

* ગુજરાતમા રજપૂત, મુસલમાન અને મરેઠાની સત્તા હતી ત્યાર થીજ મહી નદીની આજુબાજુનો મુલક મહીકાઠા નામથીજ ઓળખાતો આવ્યો છે રાસમાળા ભા. ૨ ના પ્રકરણ ૯ ના પૃષ્ઠ ૧૪૫ ના પેરેગ્રાફમા

સ્થાન અને ક્ષેત્રફળ —આ એજન્સિ ગુજરાત પ્રાતની ઉત્તરમા ૨૩°-૫' અને ૨૪°-૩૫' ઉત્તર અક્ષાસ વચ્ચે અને ૭૨°-૨૧' અને ૭૩°-૪૫' પૂર્વ રેખાશ વચ્ચે આવેલી છે. એની વધારેમા વધારે લબાઇ ૯૦ મૈલ અને પહોળાઇ ૬૦ મૈલના આશરે છે. *એનુ ક્ષેત્રફળ ૩૧૨૪ ચોરસમૈલ અને કુલ વસ્તી ૪, ૧૨, ૬૩૧ માણસની છે પશ્ચિમે સાદરાથી અહમદનગર સુધીની જમીન દરીઆની સપાટીથી ૩૮૧॥ ફીટ ઊચી છે.

લુણાવાડા મહીકાઠામા ગણેલુ છે એ વખતે વાડાશિનોરનો પ્રદેશ લુણાવાડાના નામથી ઓળખાતો હતો ભા ૨ ના ૯ મા પ્રકરણના ૧૪૮ મા પૃષ્ઠમા મહીકાઠાની હદ " મહી નદીના ઉત્તર તરફ લુણાવા ાથી પોસીના, અબાજી ને બનાસ સુધીના પ્રદેશને મહીકાઠા ગણેલો છે એ સમયે મહીકાઠામા મહી નદી આવેલી હતી મહી નદીની દક્ષિણથી છેક નર્મદા નદી સુધીના પ્રદેશમા જે સસ્થાનો આવેલા હતા તે રેવા પરના સસ્થાનો અને મેવાસના નામથી ઓળખાતા સરકારે રાજ્ય વ્યવસ્થા સારૂ લુણાવાડાને વાડાશિનોરને રેવાકાંઠામા ગણી લીધા અને ત્યારપછી ઉત્તરનો મુલક (ઇડર, દાતા, ગાબઠ, માલપુર વગેરે સસ્થાનો) અસલથી મહીકાઠા નામથી ઓળખાતો હતો માટે તેનુ તેજ નામ કાયમ રાખેલુ છે (ગુ શાળાપત્ર સને ૧૯૧૪ પૃ ૧૫૮)

* ક્ષેત્રફળનો પ્રથમનો આકડો ૩૫૬૮ ચો મૈલ છે પણ તે આશરા પડતો છે તેથી ક્ષત્રફળ અને વસ્તીનો આકડો છેલ્લા વસ્તી પત્રક ઉપરથી ખરો ગણી દાખલ કરેલો છે

અમદાવાદ જિલ્લાનુ ક્ષત્રફળ ૩૮૨૪ ચોરસમૈલ અને વસ્તી ૮,૨૭૮૦૯ માણસની છે,અમદાવાદ જિલ્લો આ એજન્સિથી ક્ષેત્રફળમા માત્ર ૭૦૦ ચો મૈલ વધારે છે. તેમ છતા વસ્તી આ એજન્સિથી બમણી છે,

સ ા:—એ એજન્સિ મુબઈ ઇલાકાની છેક ઈશાનખૂણુમાં આવેલી છે એની ઉત્તરે શિરોહી અને મેવાડનો ડુગરી મુલક, પશ્ચિમે પાલણુપુર એજન્સિ, ગાયકવાડ સરકારના ખેરાલુ, વડનગર, કડી અને વીજાપુર મહાલ અને અમદાવાદ જિલ્લાના ગામો, દક્ષિણે અમદાવાદ જિલ્લો, ખેડા જિલ્લો, ગાયકવાડ સરકારનુ દહેગામ પરગણુ અને રે-વાકાંઠા એજન્સિના લુણાવાડા અને વાડાશિનોર સંસ્થાનો, પૂર્વે ડુગર-પુરનુ રાજ્ય અને વાડાશિનોર સસ્થાન આવેલા છે

આ એજન્સિની દક્ષિણુમા અમદાવાદ જિલ્લાનો પ્રાંતિજ તાલુકો અને મોડાસા પેટા મહાલ, તેમજ ગાયકવાડ સરકારનો મુલક આવેલો છે વચ્ચે વચ્ચે આ એજન્સિનો મુલક પણુ તેમા સેળભેળ થયો છે.

સાબરમતી નદી જાણેકે મહીકાંઠા એજન્સિની પશ્ચિમે ઉભી હદ બાંધતી હોય તેમ આવેલી છે. સાબરમતીની પશ્ચિમે આ એજન્સિનો દાતા અને ગઢવાડાનો મુલક, તે સિવાય માણસા, વરસોડા અને પે-થાપુર તાલુકા આવેલા છે બાકીની હદ ગાયકવાડ સરકારના મુલકથી થએલી છે છેક ચુવાળમા આ એજન્સિનો કટોસણ જિલ્લો આવેલો છે દક્ષિણનો કેટલોક મુલક ખેડા જિલ્લાને લગતો આવેલો છે સિ-વાય બાકીનો મુલક ઘણો ખરો એક જથે છે

એજન્સિના વિભાગો:—આ એજન્સિ ૧ રાજ, ૨ **સસ્થાનો** ચઢતા ઉતરતા દરજ્જાના અનુક્રમે ૪, ૮, ૯ મળી ૨૧ તાલુકા, અને તેથી છેક નાના નાના બીજા ૨૮ તાલુકા મળી, ૫૨ સ્ટેટોની બનેલી છે.

આ એજન્સિમા મોટુ રાજ્ય ઈડરનુ છે અને તે છેક ઉત્તરમા આવેલુ છે. પોળો અને દાતાના સસ્થાન ઈડરથી નાના છે. માલપુર,

માણુસા, મોહનપુર અને કટોસણ તાલુકા તેથી નાના છે, સિવાયના બીજા તાલુકા તેથી પણ નાના છે.

આ એજન્સિના ૭ વિભાગ કરેલા છે તેને **પરગણાં** કહે છે.

૧. નાની મારવાડ:—(૧૫) એમા ઈડરના **મહારાજા અને તેમના ભાયાતો, પોળો, દાંતા, માલપુર, મગોડી, સુદાસણા, વલાસણા, ગાબટ, હડોલ, સતલાસણા, ભાલુસણા, ચાંડપ[1], ટીંબા, ઊંબરી, મોટા કોઠારણા,** એ તાલુકા છે.

૨. રહેવર જિલ્લો:—(૬) એ રહેવર રજપૂતોનો મુલક છે, તેમા મોહનપુર, રણાસણ, વડાગામ, રૂપાલ ખ્યાળીઆ અને બોલુંદરા એ તાલુકા છે.

૩. સાબર કાંઠો:—(૧૩) આ સાબરમતી નદીની પૂર્વ દિશાએ આવેલા ઠાકોરોનો મુલક છે, તેમા ઇલોલ, પ્રેમપુર, ખેડાવાડા, કડોલી, દેરોલ, તાજપુરી, વક્તાપુર, હાપા, દેધરોટા અને લીખી તાલુકા છે. અને સાબરમતીની પશ્ચિમ દિશાએ આવેલા માણસા, પેથાપુર અને વરસોડા એ તાલુકા પણ એમા સમાવેલા છે.

૪. વાત્રક કાંઠો:—(૧૦) વાત્રક નદીની બન્ને બાજુએ આવેલા ઠાકોરોનો આ મુલક છે, તેમા ઘોડાસર, પુનાદરા, ખડાલ, આ-

---

૧ ચાંડપ —એ મતાદારી ગામ છે તેથી હકુમત ગઢવાડા થાણામા એજન્સિ હસ્તક છે

બલીઆરા, સાઠંબા, રમાસ, ડાભા, ઝેર,[1] નિરમાળી, અને બારમુ-
વાડા[2] એ તાલુકા આવેલા છે

૫. બાવીશી જિલ્લો:—(૩) આ જિલ્લો કોળી લોકોના ઘણા ગામો મળીને થએલો છે તેમાના કેટલાક ગામો ગાયકવાડ અને અગ્રેજ સરકારના મુલકમા વીખરાયેલા છે એ વિભાગમા વાસણા તાલુકો, સાદરા સિવિલ સ્ટેશન[3] અને બાવીશીના મહેવાશી ગામો આવેલાં છે આ જિલ્લો પ્રથમ ગાયકવાડના દહેગામ પરગણાનો ભાગ હતો પરતુ ત્યાના લોકો કબજે નહિ રહેવાથી આ એજન્સિને સોપવામા આવ્યો છે ત્યારથી આ એજન્સિનો તે વિભાગ થયો છે.

૬. કટોસણ જિલ્લો –(૧૧) એ બધા ચુવાળના મકવાણા ઠાકોરોનો મુલક છે ગાયકવાડ સરકારના કડી પરગણાની પશ્ચિમે આ જિલ્લાના જુદા જુદા તાલુકા છે તેમા કટોસણ, મગુના, તેજપુરા,

---

૧ ઝેર, નિરમાળી –એ બ તાલુકા ગાયકવાડ સરકાર અને માટવાના મિયાશ્રીના ભાગીલા છે તેથી તેની હકુમત વાત્રકકાઠા થાણામા એજન્સિ હસ્તક છે

૨ બાર મુવાડા –એ મતાદારી તાલુકા છે તેનો આકડો બાવીશીથી જુદો છે માટે તેને વાત્રક કાઠામા ગણેલો છે. પણ તેમા મતાદારી ગામો હોવાથી તેનો વહીવટ બાવીશી થાણામા એજન્સિ હસ્તક છે

ચાંડપ, ઝેર, નિર્માલી અને **બાર મુવાડા** આ ચાર મતાદારી તાલુકા (ઠાકારોના નહિ) હોવાથી તેની ગણત્રી તાલુકાઓમા ગણેલી નથી.

૩ સાદરા સિવિલ સ્ટેશન –બજારની ગણત્રી તાલુકામા ગણેલી નથી કમક તેની જમીન વાસણા ઠાકારની છે અને હકુમત એજન્સિની છે. તે સિવાયના બાવન સ્ટેટો ગણેલા છે.

મેમદપુરા, દેલોલી, કસલપુરા, વીરસોડા,[1] પાલજ, રામપુરા, ઈજપુરા, અને રાણીપુરા તાલુકા છે[2]

ઉપરના ૭ પરગણામા બાવીશાનો પેટા ભાગ મહીસા ગણતા આ એજન્સિના ૫૯ ભાગ છે થાણાના ૪ નવા ભાગો તેમા ભેળવતા ૬૩ ભાગ છે તેમાં ૧૭ રજપૂત ઠાકોર,[3] ૩૧ મકવાણા ઠાકોર[4] અને ૪ મોલેસલામ[5] મિયાના મળી ૫૨ તાલુકા છે

---

૧ અસલ "**વીસરોડા**" મૂળ પુરૂષ વીસાજીના નામ ઉપરથી છે.

૨ કટોસણ જિલ્લામા કટોસણ તાલુકા સિવાયના બીજા જે તાલુકાઓ છે તે કટોસણ તાલુકામાથી થએલા છે.

૩ નાની મારવાડમા ૭ ઇડર, દાતા, પોળો, માનપુર વલાસણા, સુદાસણા અને મગોડી, રહેવર જિલ્લામા ૬ મોહનપુર, રણાસણ વડાગામ, દધાલીઆ, રૂપાલ અને આલુદરા સાબરકાઠામા ૩ માણસા, પેથાપુર અને વરસોડા અને બાવીશીમા વાસણા મળી સત્તર તાલુકા રજપૂત ઠાકોરોના છે

૪ નાની મારવાડમા ૭ ગાબટ, હડોલ સતલાસણા, બાલુમણા, ટીંબા, ઊબરી, મોટા કાઠારણા, સાબરકાઠામા ૧૦ ઇલોલ, પ્રેમપુર, ખેડાવાડા, કડોલી, દેરોલ, તાજપુરી, વકતાપુર, હાપા, દેરોટા અને વીખી વાત્રકકાઠામા ૩ વોડાસર, આબલીઆરા, સાઠબા, અને કટોસણજિલ્લામા ૧૧ કટોસણ મગુના, તેજપુરા, મેમદપુરા, દેલોલી, કસળપુરા, વીરસોડા, પાલજ, રામપુરા, ઈજપુરા અને રાણીપુરા એ અગીઆર મળી ૩૧ તાલુકા મકવાણા કાળી ઠાકોરોના છે

૫ વાત્રકકાઠામા ખડાલ, પુનાદરા, રમાસ અને ડાભા એ ચાર તાલુકા મોલેસલામ મિયાના છે અને તે લાલના માડવા (એ ગાયકવાડ સરકારના મુલકમા વાત્રકકાઠાની લગોલગ છે) માથી થએલા છે આ તાલુકાના મિયાના મૂળ પુરૂષ મૂળે રજપૂત હતા, પણ પાછળથી કાળીની કન્યા સાથે પરણી, રજપૂતની જાત ખોઈ મકવાણા થયા તે પછી ગુજરાતના બાદશાહની નોકરી અને મદદમા રહી, છેવટમા ધર્મ કબુલ કરી, જમીનના પટા મેળવ્યા તેથી તે મોલેસલામ.

થાણા સર્કલનું બંધારણ:—ઉપર જણાવેલા ૭ પરગણામાં કેટલાક છઠ્ઠા અને સાતમા વર્ગના બહુ નાના નાના તાલુકા છે. તેથી તેમનો રાજ્ય વહીવટ એજન્સિ હસ્તક રાખેલો છે એવા એક જથે આવેના તાલુકાના જુદા જુદા સમુદાય ઠરાવેલા છે તેને "જિલ્લો કે થાણા" એવી સંજ્ઞા આપેલી છે આ એજન્સિમા એવાં પાચ થાણા કે જિલ્લા છે. તેનો વહીવટ સરકાર તરફથી **થાણદાર** કરે છે. સાદરા બજાર એ એજન્સિનુ હેડક્વાટર સ્ટેશન છે તેને સાદરા સીવીલ સ્ટેશન કહે છે તેનો વહીવટ સાદરાબજાર કારકુનની મદદથી હજુર ડપ્યુટી આસિસ્ટન્ટ પોલિટિકલ એજન્ટ ચલાવે છે

૧ **બાવીશી થાણું:**—આ થાણાનુ સદર સ્ટેશન ડભોડા છે. પ્રથમ મુખ્ય બાવીસ ગામોનો સમુહ હતો તે ઉપરથી બાવીશી કહેવાય છે તેમા **મહીસા** એ પેટા થાણુ છે

૨. **ગઢવાડા થાણું:**—એમા સતલાસણા, ભાલુસણા, હડોલ, ટીંબા, ઊબરી અને મોટા કોઠારણા એ તાલુકા આવેલા છે એનુ સદર સ્ટેશન **સતલાસણા** છે.

૩. **કટોસણ થાણું:**—એમા મગુના, તેજપુરા, વીરસોડા, પાલજ, દેલોલી, કસળપુરા, મેમદપુરા, ઇજપુરા, રામપુરા અને રાણીપુરા એ તાલુકા આવેલા છે ત્યાનુ સદર સ્ટેશન **સાંથળ** છે

૪ **સાબરકાંઠા થાણું:**—એમા બોલુદ્રા, દેરોલ, ખેડાવાડા,

મોળી મુસલમાન કહેવાય છે. હાલ પણ તેઓ ઠાકરડાઓમાથી હિંદુ રિવાજપ્રમાણે કન્યા પરણે છે અને પોતાની કન્યાઓ મુસલમાની રિવાજ પ્રમાણે મુસલમાન સરદારોમા આપે છે એટલે તેઓ હિંદુ અને મુસલમાન બન્ને ધર્મને માને છે

કડોલી, વક્તાપુર, પ્રમપુર, દેવરોટા, તાજપુરી, હાપા, લીખી, અને દધાલીઆ, એ તાલુકા છે. એનુ સદર સ્ટેશન **વક્તાપુર** છે

૫. **વાત્રકકાંઠા થાણું:**—એમા ઝેર, નિર્માલી, રમાસ, ગાબટ, ડાભા, એ તાલુકા અને માડવા અને પુનાદરા તાલુકાનુ ભાગીલુ તેલ નાળ ગામ, એ આવેલા છે. એનું મદદ સ્ટેશન **નિરમાળી છે.**

૬ **સાદરા સીવ્હીલ સ્ટેશન:**—એમા **સાદરા બજાર છે.** એ સીવ્હીલ સ્ટેશન અને એજન્સિનું હેડકવાટર છે.

દેખાવ:—આ એજન્સિની ઉત્તર સરહદે ગઢવાડા, દાતા અને ઇડર સ્ટેટ ી છે. ઉત્તરનો ભાગ આબુ પર્વત, મેવાડ અને આરાસૈકોરના પહાડોને લગતા નાના નાના ડુગરોથી, તેમજ ઇશાન અને પૂર્વ સરહદનો ભાગ મોટા ઉદેપુર અને ડુગરપુરના નાના નાના ડુંગરોથી છવાયેલો છે. તેમાથી નાની નાની કેટલીક નદીઓ નીકળે છે

મોડાસા અને માલપુર નજીક ડુગરપુરના પહાડના નીચા પણ લાબા ફાટા આવ્યા છે. તે આગળ જતા જમીન સરસા થઇ જાય છે ત્યા જમીન ખડકવાળી દેખાય છે આ પ્રદેશમા થઈ કેટલીક નદીઓ નીકળે છે તે ગાયકવાડી દહેગામ તાલુકામા થઈ નૈઋર્ત્ય ખૂણ તરફ વહે છે કેમકે તે તરફની જમીન ઢાળ પડતી છે

ખેડા જિલ્લાની સરહદ તરફ ખડકો પથરાયેલા નથી તેથી તે તરફના પ્રદેશમા ફળદ્રૂપ ખેતરો આવેલા છે

અમનગરની દક્ષિણમા અમદાવાદ જિલ્લાના પ્રાંતિજ તાલુકાના રેતાળ અને સપાટ પ્રદેશમા થઇ હાથમતી અને બીજી નદીઓ વહે છે. હાથમતીની દક્ષણે જમીન નીચી ઊચી થતી જાય છે

ઉત્તરે મેવાડના ડુગરોમાથી સાબરમતી નીકળે છે. અને તે

આ એજન્સિની પશ્ચિમ દિશાએ છેક ઉત્તરમાંથી દક્ષિણ તરફ વહે છે.

આ એજન્સિનો કટોસણ જિલ્લો ગાયકવાડ સરકારના કડી મહાલની લગોલગ છેક પશ્ચિમમાં આ એજન્સિથી તદ્દન અલગ આવેલો છે. કટોસણ જિલ્લો, તેની લગોલગનો ગાયકવાડ સરકારનો મુલક, અને વીરમગામ તાલુકાનો કેટલોક મુલક એ પ્રદેશ [1]ચુંવાળ કહેવાય છે. ચુંવાળનો પ્રદેશ રેતાળ હોઇ કંઇક ઊંચો છે.

પર્વતો:—મહીકાંઠામા બહુ ઊંચા પર્વતો આવેલા નથી. પરંતુ ઉત્તર અને ઇશાન તરફથી છેક પૂર્વ સરહદનો મુલક, મેવાડ અને ડુંગરપુરના ડુંગરોથી છવાયેલો છે ઉત્તરે અંબાભવાનીના સ્થળને લીધે પ્રખ્યાત **આરાસૈકોર**, **ગબ્બર**, અને **આબુના** નાના નાના ઘણા ડુંગરો, વગેરે છે તે પણ **આરાવળીના** દક્ષિણ પશ્ચિમ છેડાના ભાગ છે

નદીઓ:—આ એજન્સિનો ઉત્તર અને ઈશાન સરહદ તરફનો મુલક છેક પૂર્વ સરહદ સુધી ડુંગરાળ હોવાથી તેમાથી ઘણી નદીઓ નીકળે છે

આ એજન્સિમા નદીઓ બે દિશાઓમા વહે છે જે નદીઓ ઈશાન તરફના ડુંગરોમાથી નીકળે છે તે નૈઋર્ત્ય તરફ ઢાળ હોવાથી તે તરફ વહે છે અને જે નદીઓ ઉત્તરમાંથી નીકળે છે તેનો ઢાળ દક્ષિણ તરફ હોવાથી દક્ષિણ તરફ વહે છે એકે નદીમા વહાણ ફરી શકતા નથી. તેમ હાથમતી સિવાય એકેનુ પાણી ખેતીને પુરૂ

---

૧ અસલ એ મુલકમા ૪૪ ગામ હતા તેથી ચુમ્માલીશ–ચુવાળી–ચુવાળ કહેવાય છે ચુવાળ માટે કહુવાય છે કે --

" તોછડી બોલી ટુંકા પેરણા, ઝાડ જવલ્લેને ઝાખરા ઘણા,
સસના હરણને કાળિયાર તણા, ચુવાળે ટોળા રઝળે ઘણા

પારવાના ઉપયોગમાં લેવામાં આવતું નથી

આ એજન્સિમાં સૌથી અગત્યની મુખ્ય નદીઓ સાત આવેલી છે. તે ઉપરાંત ઇડર સંસ્થાનમાથી ૧૩ અને દાતાના ડુંગરાળ મુલકમાથી બીજી આઠ નાની નાની નદીઓ નીકળે છે અને તેથી પણ ઘણી નાની નાની નદીઓ અને વહેળા પણ આ એજન્સિના ડુંગરાળ પ્રદેશમાથી નીકળે છે

મુખ્ય નદીઓ:—(૧) **સાબરમતી** (૨૦૦ મૈલ)·–એ મેવાડના ડુંગરમાંથી **ઢેબર** તળાવમાથી નીકળી દાતા અને ઇડર સંસ્થાનની હદમા થઇ દક્ષિણ તરફ વહે છે ત્યા તેને બીજી નાની નાની ઘણી નદીઓ મળે છે આ નદી **ઊંડણી, વલસાણા, વરસોડા, સાદરા, વાસણા પેથાપુર** અને **અમદાવાદ** આગળ વહી આગળ વહેતા **ખંભાતના અખાતને** મળે છે. તેને પ્રાતિજ તાલુકાની વાયવ્ય સરહદ તરફ **સંગપુર** આગળ **હાથમતી** મળે છે ત્યાથી એ (સાબર) **સાબરમતી** નામથી ઓળખાય છે. તેને ધોળકા નજીક ખેડા જિલ્લાના રઢુ ગામની વાયવ્ય ખૂણમા **ખારી** નદી, અને ધોળકાની ઇશાન ખૂણામા **વૌઠા** આગળ **વાત્રકનદી** (બીજી ત્રણ નદીઓ **માઝમ, શેઢી મેશ્વો** સાથે) મળે છે જ્યા સાબરમતીને વાત્રકનો સગમ થાય છે ત્યાં તેની પૂર્વે **પાલ્લા** અને પશ્ચિમે **વૌઠા** આવેલા છે આ સ્થળે દર કાર્તિકી પૂનેમે મોટો મેળો ભરાય છે. તે પાચ દહાડા રહે છે. **વૌઠા** ઘણુ પવિત્ર ગણાય છે કેમકે ત્યા **સાબરમતી, હાથમતી, ખારી, માઝમ, મેશ્વો, વાત્રક** અને **શેઢી** એ સાત નદીઓના જળ એકઠા થાય છે. કળીયુગના આ નદી ઉત્તર ગુજરાતની નદીઓમા પવિત્ર ગણાય છે જ્યા આજુબાજુના ગામોના લોકો

વાર તહેવારે નહાવા આવે છે.

વધારેમાં વધારે એ ૫૧૭ યાર્ડ પહોળી છે મૂળ તરફ એના કાંઠા ઊંચા છે. મુખ તરફ તે જમીનની સપાટી સાથે વહે છે કોઈ કોઇ વાર રેલ આવવાથી કંપ ઠરવાથી તેના કાઠાની જમીન ભાઠા-વાળી બનાવે છે. ને કોઇ કોઈ વાર રેતી પાથરી ખેડવા લાયક જ-મીનને નકામી કરે છે કંપથી બનેલી **ભાઠાની** જમીનમાં **તમાકુ** અને રેતાળ જમીનમાં **સક્કરટેટી** અને **બટાટાનો** પાક ઉતરે છે

(૨) સરસ્વતી—કુંવારકા:—આ પવિત્ર નદી દાતા સંસ્થા-નની ઉત્તરે આવેલા **મેણાગર** ડુંગરમાથી નીકળી, કોટેશ્વર મ-હાદેવ પાસે થઇ, દાતારાજ્યને સરહદ કરી સિદ્ધપુર આગળ વહી આગળ વહેતાં કચ્છના રેતીના રણમા સમાઇ જાય છે. દાતાનારાજ્યમા તેને બીજી નાની નાની કેટલીક નદીઓ મળે છે આ નદી દરીઆને મળતી નથી, પણ રણમા સમાઈ જાય છે. તેથી કુવારકા ગણાય છે અને પવિત્ર મનાય છે. માટે તેમા નહાવા માટે ઘણા યાત્રાળુઓ તેના મૂળ **કોટેશ્વર** આગળ અને **સિદ્ધક્ષેત્ર—શ્રી સ્થળ** કે **સિ-દ્ધપુર** યાત્રાર્થે જાય છે. દર કાર્તિકી પૂનેમે તથા ગ્રહણ વગેરે પર્વ-ણિને દિવસે ઘણા લોકો સિદ્ધપુર તીર્થમા સ્નાન માટે એકઠા થાય છે.

(૩) હાથમતી:—પાલની પેલી તરફના **ઘઊંવાના** ડુંગરમાથી નીકળી **ભીલોડા, તાજપુરી** અને **અહમદનગર-હીંમતનગર** આગળ વહી સાબરને **સંગપુર** આગળ મળે છે, આ નદી ઉપર અહમદનગર આગળ ઇડર જવાના માર્ગ ઉપર પત્થરનો પૂલ બાંધેલો છે વળી આ નદીનુ પાણી વહી જતું અટકાવી ખેતીના ઉપયોગમાં લેવા માટે અમનગર આગળ બાધકામ કરેલુ છે ત્યા પાણી વહેતુ

અટકે છે. તેમાંથી નહેર કાઢેલી છે તેને કાઠે જે ખેતરો આવેલાં છે તેમાં પાણી આપવામાં આવે છે. પ્રાંતિજ આગળ હાથમતી નદીનો બંધ બાધેલો છે તે બોખ (બોખ-ફાટ, ચીરો) એ નામે પ્રસિદ્ધ છે. સાબરમતી અને ×બોખનો ખાડો ઉત્તર દક્ષિણ વહે છે.

(૪) **ખારી** (૧૦૫)·—અમનગરની ઇશાને દશેક મૈલ છે· ટેના ડુંગરમાથી નીકળી મોહનપુર પટાના ઉત્તર ભાગમા થઈ નૈર્ઋત્ય તરફ ૧૦૫ મૈલ વહી રહુની વાયવ્ય ખૂણમા ધોળકા પાસે **સાબરમતીને** મળે છે એનુ પાત્ર છાછરૂ અને વકુ છે, મોહનપુર પટાના ભાગમાં થઇને વહેતા તેને પ્રાતિજ તાલુકામા **ખારવા** અને **બાજવા** નામે બે નાની નદીઓ મળે છે પ્રતિજ તાલુકામા વહેતી, ગાયકવાડ સરકારના દહેગામ તાલુકામા થઈ, અમદાવાદ જિલ્લાનો દશક્રોઇનો પૂર્વ ભાગ પસાર કરી, એ ખેડા જિલ્લામાં દાખલ થાય છે તેનાપર **ધનીઓલ**, **કંથાપરા**, **ધારીસણા**, **નાંદોલ**, **સાણોદા** અને **ડભોડા** વગેરે ગામો આવેલા છે. એ ૨૦ ફુટથી વધારે પહોળી નથી દશક્રોઈ તાલુકાના

× બોખનો ખાડો લાબો અને પહોળો હોઇ સાબર અને હાથમતીના સગમ આગળ શરૂ થઈ દક્ષિણ તરફ વહે છે એ પાણીથી ભરેલા ખાડા અને બીની પોચી જમીનના કકડાની હાર છે એમા જે સૌથી મોટો છે તે મોટો બોખ કહેવાય છે તેણે ૧૫૬ એકર જમીન રોકી છે અને તે ૩૦ ફુટ ઉંડો છે

નાનો બોખ પ્રાતિજની પશ્ચિમે ૩૫ એકર વિસ્તારમા છે એ સરાસરી ૪ ફુટ ઉંડો છે મુધાસણ આગળ ખારી નદી બોખના ખાડામા સમાઇ જાય છે ચોમાસામા પુષ્કળ પાણી બોખમાથી ખારી નદીમા જાય છે પણ કોરી-સુકી મોસમમા તેમ થતુ નથી દતકથા એવી છે કે અહમદશાહના વસાવેલા અમદાવાદને પુરતુ પાણી પુરૂ પાડવા તેના હુકમથી હાથમતીને પુસ્તો બાધી સાબરમતીમા વાળી હતી તેથી બોખ એ હાથમતીનો જૂનો પ્રવાહ માગ છે.

ધામતવાન ગામ આગળ દક્ષિણ તરફનો ઢાળ લઈ એ કેટલાંક વર્ષથી મેશ્વોને મળી જવાનુ વલણ ધરાવે છે. પણ તેમ થતું અટકાવવાને માટીનો બધ બાંધી લેવામા આવ્યો છે. આગળ જતા ખેડા જિલ્લામાં આ નદીમાથી કાંસ કાઢીને આશરે સો વર્ષથી આસપાસનાં ગામોમાં ડાગર પકવવાને તેનુ પાણી લેતાં હતા. તેથી વારંવાર મરામત ખર્ચ ઘણો થતો હતો જેથી સાઠેક વરસ ઉપર કાયમનુ ચૂનાગચ્છી બાંધકામ કરી લેઈ સરકારે ડાગરના પાક માટે પાણી લેવાની સગવડ કરી આપેલી છે. આ નદી ચોમાસા સિવાય આખું વર્ષ વહેતી નથી. એટલે ચોમાસા પછી કેટલીક મુદતે ઉનાળાની શરૂઆતમાં આગળ વહેતાં સુકાઈ જાય છે.

મેશ્વો, માઝુમ અને **વાત્રક** એ ત્રણે નદીઓ ડુંગરપુરની દક્ષિણેથી નીકળે છે તેઓનુ વહેણ નૈઋર્ત્ય તરફનુ છે. એ ત્રણેમાં વાત્રક સૌથી લાંબી છે. વાત્રક અને માઝમ મોડાસા પેટામહાલમા થઈને વહે છે. એ ત્રણેના પાત્ર સાકડા છે. પાણીના વહેણના ઘસારાથી તેમા નાના મોટા સુવાળા થએલા કાકરા તથા પથરા ઘણા છે.

(૫) **માઝુમ-માઝમ:**—મહીકાઠા અને ડુંગરપુરની વચ્ચે આવેલા ડુંગરમાથી નીકળી **મોડાસા, વડાગામ, આંબલીઆરા** આગળ વહીને થોડે છેટે **લાલના માંડવા** પાસે **વાત્રકને** મળે છે.

(૬) **મેશ્વો:**—એ મેવાડના ડુંગરોમાથી નીકળી ખારી નદીની સમાતરમા વહે છે. અને તે હરસોલ આગળ થઇ આગળ જતાં ખેડાથી ઉત્તરે થોડે દુર વાત્રકને મળે છે. તેના ઉપર **સામેરા, શામળાજી, બોલુંદરા, બાકરોલ, રણાસણ, મોહનપુર, હરસોલ, સાહેબજીનામુવાડા, કડજોદરા, લવાડ, હરખજીનામુવાડા,**

હરસોલી, લીહોડા, વગેરે ગામો આવેલાં છે. આ નદી ઉપર હરસોલ નજીક ઇંટથી ચણેલો મજબુત પૂલ બાંધેલો છે.

(૭) વાત્રક-વેત્રવતી (૧૫૧ મૈલ.) એ ડુંગરપુરના દક્ષિણ તરફના ડુંગરોમાંથી મેવાડના **સેતુમન શહેર** પાસેથી, વાંસના ભોથામાથી નીકળી મહીકાંઠાની નૈઋર્ત્ય ખૂણમા **મેઘરજ, માલપુર, મગોડી, ગાબટ,રમાંસ, ડાભા, માંડવા, પુનાદરા, આતરસુંબા, ખડાલ, ઘોડાસર, મહેમદાવાદ** આગળ, અમદાવાદ જિલ્લાના પ્રાંતિજ તાલુકામા અને ખેડા જિલ્લામા વહે છે; તેને **માંડવા** નજીકમાં **માઝમ,** ખેડાની ઉપલીગમ પાચ મૈલ ઉપર **મેશ્વો,** અને **ખેડામાં શેઢી** મળે છે આ ત્રણે નદીઓનુ એકઠુ જળ-**વાત્રક નદી** આગળ વહેતા **પાલ્લા** અને **વૌઠા** આગળ **સાબરમતીને** મળે છે.

(૮) વરાંશી:—એ નાનો નદી છે ને તે નૈઋર્ત્ય કોણમાંથી વાડાશિનોરના ડુગરમાથી નીકળી **કોટડા, બાયડ, ઝેર, નિર્માલી** આગળ વહી **મહોરનદી** કે જે વાડાશિનોરના વીરપુરના ડુંગરમાથી નીકળે છે તેને કપડવણજ પાસે મળે છે વરાશી નાની નદી છે છતાં તેમા હમેશા પાણી રહે છે. આગળ જતા ૨૦ મૈલ પર મહોરને **લુણી** નદી મળે છે. ત્યાથી મહોર આગળ પાચ મૈલ વહીને શેઢીને, અને શેઢી ખેડા આગળ વાત્રકને મળે છે.

તળાવો:—આ એજન્સિમા કુદરતી સરોવર કે તળાવ નથી પણ બધાવેલા નાના મોટા ઘણા તળાવો છે. કેટલાકમા આખુ વર્ષ પાણી રહે છે તે ઢોરના પીવામા આવે છે તે સિવાય બીજા કામમાં આવતું નથી તેમાના ૪ તળાવ મોટા અને જાણવા લાયક છે ને તે ઈડર રાજ્યની હદમા આવેલા છે

૧ રાણી તળાવ:—ઇડરની ઇશાને અર્ધા મૈલ ઉપર ૯૪ એકર જમીનમા છે. તેની ઊંડાઇ ૧૭ ફુટ છે એની પૂર્વ બાજુ પગથીઆ ચણેલા છે. એ ઇ. સ. ના ચૌદમા સૈકામાં ઇડરના રાવ-ભાણની રાણીએ બંધાવેલુ છે એમ કહેવાય છે, તેથીજ તેને **રાણી તળાવ** કહે છે

૨. કરમા બાઈ તળાવ:—એ શામળાજીની ઉત્તરમાં ૧૩૪ એકર જમીનમા છે. તેની ઊંડાઈ ૧૫ ફીટ છે. આ તળાવ કોઇ ઋ-ષિએ વગર હથિયારે ફક્ત હાથથી કરેલુ એમ કહેવાય છે. તેની દક્ષિણ બાજુએ ૮૮ ફીટ જેટલામાં પગથીઆં છે.

૩. બાપસર તળાવ:—બાપસરની પાસે ૧૮૨ એકરમા છે તે ૧૫ ફીટ ઊંડાઇનુ છે. તેનું થોડુક પાણી ખેતીના ઉપયોગમા આવે છે. ઉપરનાં ત્રણે તળાવોમાં પાણી બારે માસ રહે છે.

૪. હડાદનું તળાવ:—એ હડાદથી એક મૈલ છેટે છે. તે ૭૯ એકર જમાનમા છે તેને પગથીઆ નથી. આનું પાણી આઠ માસ રહે છે. તેનુ થોડુક પાણી ખેતીના ઉપયોગમાં આવે છે.

*જળાશયોના પાણીનો ખેતીમાં ઉપયોગ.

આ એજન્સિની કેટલીક નદીઓનાં પાત્ર ઊંડા હોવાથી અને તેમના કાઠા ઊંચા હોવાથી તેમનુ પાણી ખેતરોમાં ઝાઝું લેવામાં આવતું નથી તોપણ સાબરમતી અને ખારી નદીઓમાથી કિનારે ઢેકવા કરી કોસવડે પાણી ખેંચી ખેતરોમાં પાણી પાય છે.

કુવાઓનુ પાણી ખેતરોમા કોસવડે પવાય છે તેમાં મહેનત,

---

* જળાશયે –પાણીના સ્થળો કુવા, વાવ, નદી, તળાવ, નહેરો વગેરે

વખત અને ખર્ચ ઘણો થાય છે, આ એજન્સિનો દક્ષિણ તરફનો પ્રદેશ રેતાળ હોવાથી કુવા ૫૦ થી ૭૦ હાથ ઊંડા છે. બાકીના સ્થળમાં ૩૦ થી ૬૦ હાથ સુધી ઊંડાં પાણી હોવાથી તે સ્થળમા કુવા ૩૦ થી ૬૦ હાથ સુધી ઊંડા હોય છે.

આ એજન્સિમા ખેતીને મદદ કરી શકાય તેવાં તળાવો નથી. તેથી તળાવોનું પાણી ખેતીના ઉપયોગમા લઇ શકાતું નથી.

નહેરો વડે ખેતરોમાં જથાબંધ પાણી પૂરૂ પાડી શકાય પરંતુ આ એજન્સિનું ભોંયતળીયુ રેતાળ હોવાથી લાંબા અંતર સુધી પાણી વહેવડાવી લઇ જતા ઘણુંખરૂ પાણી જમીનમાં ઉતરી જાય અને જ્યાં પાણી શોષી લે એવુ ભોયતળીયુ નથી ત્યાં એવડી મોટી નદી આવેલી નથી કે નહેરો થઇ શકે. તો પણ એવી એક નહેર હાથમતી નદીમાથી અમનગરથી ઠેઠ વાળીરૂડા સુધીની ૨૦ મૈલની ખોદી છે. અને તે આગળ જતા ખારી નદીમા મેળવી દેવામા આવી છે. આ નહેરનું પાણી આજુબાજુના ખેતરોમાં ડાંગરના કયારડા, શેરડી અને બીજા વાવેતરને આપવામાં આવે છે હાથમતીની નહેર સિવાય બીજી કોઇ પણ નહેર આ એજન્સિમા આવેલી નથી

* **આબોહવા**—મહીકાંઠાની ઉત્તરમાં તથા પૂર્વમા ઊંચી જમીનની હવા વધારે ઠંડી છે, બાકીની ગુજરાતના બીજા ભાગોના જેવીજ છે. અકટોબર આખરમા ઠંડી ઋતુ શરૂ થાય છે ને સવારે

---

* **આબોહવા**—(આબ-પાણી+હવા-હવા) હવાપાણી

સાદરામા ૧૯૦૫ થી ૧૯૧૨ સુધીના છેલ્લા આઠ વર્ષોમા વરસાદની સરાસરી ૨૮ ઇંચ ૩ દોકડાની આવે છે ૧૯૧૧ ની સાલમા માત્ર ૮ ઇંચ વરસાદ પડયો હતો, બાકીના કેટલાક વર્ષોમા ૩૦ ઇંચ ઉપરાંત અને વધારેમા વધારે ૩૭ ઇંચ વરસાદ પડયો હતો

સાંજે બહુ ટાઢ પડે છે. નવેંબરથી ફેબ્રુઆરી સુધીના ચાર મહીનામાં હવા વિશેષે કરીને રમણીય રહે છે. ડીસેમ્બર અને જાનેવારીમા બહુજ ટાઢ પડે છે. એપ્રિલથી ગરમીની ઋતુ શરૂ થાય છે જુનના પહેલા અડવાડીઆમા ગરમી બહુ અકળાવે છે. વાદળાં થાય છે પણ વરસાદ ઝાઝો પડતો નથી. જુલાઇમાને સપ્ટેંબરના પહેલા ભાગમા વિશેષ વરસાદ પડે છે, માર્ચથી જુન સુધી પશ્ચિમનો અને વાયવ્ય તરફનો, જુલાઇથી સપ્ટેંબર સુધી નૈર્ઋત્ય તરફનો, અને અકટોબરથી તે ફેબ્રુઆરી સુધી ઉત્તર અને ઇશાન તરફનો પવન હોય છે.

શિઆળો, ઊનાળો, અને ચોમાસું એવી ત્રણ ઋતુ છે. શિઆળાની ઋતુ નવેંબરથી ફેબ્રુઆરી સુધી ગણાય છે. આ ઋતુમાં ઇશાન તરફનો સુકો પવન વાય છે તેથી સાધારણ રીતે ટાઢ વધારે પડે છે કોઈ કોઇ વાર અતિશય ટાઢથી હિમ પડે છે ત્યારે ખેતરોમાના છોડ તદ્દન બળી જઇ બહુ નુકસાન થાય છે આ ઋતુમા સાધારણ રીતે પારો વધારેમા વધારે ૫૦ અંશથી નીચે જતો નથી

માર્ચથી જુન આખર સુધી ઉનાળો છે. આ ઋતુમા પશ્ચિમનો પવન વાય છે. દિવસે અતિશય તાપ પડે છે. જાનેવારીમા કમીમા કમી સરાસરી ગરમી ૫૬ અંશ જેટલી ને વધારેમાં વધારે ૮૦ અંશ જેટલી હોય છે. મે માસમા ગરમીનુ પ્રમાણ વધતું જઇ ૧૦૦ થી ૧૧૦ અંશ સુધીનુ હોય છે આ એજન્સિના દક્ષિણ અને મધ્ય ભાગના પ્રદેશમા ઉનાળા અને બીજી ઋતુમા તાપ વિશેષ પડે છે. કારણકે તે પ્રદેશ રેતાળ હોવાથી ઝટ તપી જાય છે ડુગરાળ પ્રદેશમા ડુગરોના ઉચાણ અને સખત જમીનને લીધે ત્યા દક્ષિણ અને મધ્ય ભાગ કરતા તાપ કમી લાગે છે. આ એજન્સિના મધ્ય ભાગમા

તાપ વધારે પડે છે તે કેરી, ટેટી, રાયણ વગેરે ફળના પાકને લાભકારક છે. ફેબ્રુઆરી અને જુન એ બે મહીના તંદુરસ્ત ગણાય છે.

ચોમાસાની ઋતુ જુન આખરથી અક્ટોબર આખર સુધી ગણાય છે અક્ટોબરમા મદવાડ વિશેષ હોય છે કેમકે ચોમાસામાં પડેલા વરસાદનુ પાણી સુકાવા માડે છે અને તેમા ભળેલી કોહેલી વસ્તુમાથી ખરાબ ઝેરી **મેલેરીઆ** હવા નીકળે છે. તેથી એ મહીનામા ઘણા જણને તાવ આવે છે. આ ઋતુમા સરાસરી વરસાદ ૩૦ થી ૩૫ ઇંચ સુધી પડે છે, ઈડર, દાંતા, ગઢવાડા, **માલપુર, મોડાસા,** એ તરફના પહાડી મુલકમા ૩૫ થી ૪૦ ઇંચ અને કોઈ વખતે તે કરતા પણ વધારે વરસાદ પડે છે ડુગરાઉ પ્રદેશની હવા કેટલીક જગોએ ઘણી મુદ્દત સુધી મેલેરીઆ રહે છે, કેટલીક જગાનાં હવાપાણી ઘણાજ ખરાબ ગણાય છે ×

ગુજરાતના બીજા ભાગ કરતા આ એજન્સિના મધ્ય અને દક્ષિણ ભાગમા તાપ કંઇક વિશેષ પડતો હોવાથી હવા સુકી ગણાય છે તેથી ઘણા માણસોના શરીર અને મગજ વધારે કલાક સુધી લાગલાગટ કામ કરવાને અશક્ત હોય છે. સાદરા અને તેની નજી

× નઠારા હવા પાણીની પ્રતીતિરૂપ લોક કહાણી બોલાય છે કે —

પાલ, પહાડા ને પાનરવા, પોશીનાને પોળો,
પાચે પખા પ્રાણ લે, જેમ વાગે તોપનો ગોળો

પોશીનાના આકળ અને **વ્યાકળ** એ બે વહેળાના પાણી વિષે નીચેની દંતકથા ચાલે છે કે —

આકળ પૂછે વ્યાકળને, કે આવ્યા છે પરદેશીભાઇ.
નહાશે નહી તો ઓળખો પાગ, મરશે નહી તો આવશે તાવ,
આવ્યા છે વાંકે અખોડે, તે મોકલીશ માથે ખોડે —

કની આબો હવા સુકી હોવાથી સાદરાઅજારની આરોગ્યતા સારી છે.

આ એજન્સિના દક્ષિણ સિવાયના કુવા, વગેરે પાણીનાં સાધનવાળા ભાગોમા ત્રણ પાક ઉતરના હોવાથી ખેડૂતોને આખું વર્ષ કામ પ્હોંચે છે તેથી તેઓ બીજા ખેડૂતો કરતાં વધારે ઉદ્યોગી અને શરીરે વિશેષ મજબુત બને છે.

પ્રકરણ ૨ જું.

પેદાશ.

૧. ખનિજ પેદાશ (૧. પત્થર):—ડુંગરોમા કિંમતી ધાતુ કે કિંમતી ખનિજ પદાર્થ મળવાનો સભવ છે અને તેની શોધ થવાની જરૂર છે. ઇડર સસ્થાનમા અમનગર અને આસપાસની જમીનનુ બધારણ પત્થરનું બનેલુ હોવાથી **અમનગર, સવગઢ–પાણપર, પરબડા, મોતીપુરમાં મોટી મોટી સારા પત્થરોની ખાણો છે. આ પત્થર ઘણો કઠણ અને મજબુત હોવાથી તેના ઉપર કોતર કામ ઘણું સારૂં થાય છે. અમનગર પટાના એરણા** ગામે ઘટી લાયક ઘણા સારા પત્થરો નીકળે છે

ઇડર સસ્થાનમાં શામળાજી પાસે **ભેટાળી** ભોમીઆ સરદારનું ગામ છે. ત્યા એક જાતનો પત્થર નીકળે છે જેના ચૂનાને ભેટાળીઓ કહે છે તે દેવળો તથા મકાનોમા ચુના ઉપર સાગોળ કરવાના કામમા આવે છે. તેને ઘુટયાથી કાચ જેવો ચળકાટ મારે છે.

હાલમા **દેધામડા** નજીક સુવાળા પત્થરની ખાણ માલમ પડી છે તે વીજળી લાઈટના દીવાની આસપાસ મૂકવા માટેની કપડાની

જાળી બનાવવાના ઉપયોગમા આવે એવો કિમતી છે. આવી જાતના પત્થરની ખાણુ હિંદુસ્થાનમાં ફક્ત મદ્રાસ ઇલાકામાંજ છે.

અમનગર આસપાસ સાબરકાંઠા થાણાની કેટલીક જમીન પત્થરમય છે. તેથી વક્તાપુર, ખેડાવાડા, હાપા, કડોલી અને ઇલોલ વગેરે સ્થળેથી પુષ્કળ પત્થરો નીકળે છે. તે પૈકી લાલ તથા ધોળા ઇમારતી કામમાં, અડદીઓ ઘંટી બનાવવા, મેટલ સડકપર પાથરવા, અને ચુનાનો પત્થર ચુનો પાડવાના ખપમા આવે છે. આ ખાણો અમનગરની ખાણો જેવી પ્રખ્યાત નથી

વક્તાપુરમાં ઇમારતી પત્થર ઉપરાત નજીકની ખાણુમાથી કાચ જેવો સુશોભિત ચળકતો ધોળો, અને પાસાદાર પત્થર મળી આવે છે આ પત્થર ચશ્માના કાચ માટે ખપ લાગે તેવો છે જો તેની વધારે શોધ કરવામા આવે તો ઊંચા પ્રકારનો આરસ જેવો લીસો પત્થર હાથ લાગવાનો સભવ છે

ખેડાવાડા, હાપા, વક્તાપુર, ઇલોલ, વગેરે સ્થળે લાલ પત્થર થાય છે. તે આસપાસનાં પચીસ મૈલ ફરતા સ્થળે ઇમારતી કામમાં વપરાય છે. તે ધોળા પત્થર કરતા ટકાઉ અને મજબુત ગણાય છે. ખેડાવાડા તાલુકાના મુનપર ગામે અડદીઆ પત્થર નીકળે છે, તે ઘંટી બનાવવાના કામમાં વપરાય છે.

કડોલી અને અંકલારા પાસે વિજાપુર મહાલનાં રામપુર, ફુદેડા એ બે ગામો સાબરમતીના કાંઠે આવેલાં છે તે નજીક નદી કાંઠેથી લાલરંગના પડવાળા પત્થરો નીકળે છે તેનુ શોધન કરી તેમાથી રગ કાઢવા માટે જથાબધ મુબાઇ મોકલવામા આવે છે.

દાંતા રાજ્યના ડુંગરોમાંથી આરસપહાણ, બીલોરી, પારેવો, વગેરે ઘણી જાતના પત્થરો નીકળે છે. તેમજ અબરખ, પોલાદ, વગેરે ધાતુઓની ખાણો છે. પરંતુ આરસપહાણ સિવાય બીજા ખનિજ પદાર્થોની શોધ કરી કાઢવામાં આવતા નથી.

આ સિવાય ચુનાનો પત્થર, ચકમક પત્થર-દેવતા ઝરે તેવો પત્થર, સડકપર પાથરવાનો મેટલ, સ્ફટિક જેવા રંગનો ચળકાટવાળો પત્થર, વગેરે અનેક જાતના પત્થરો આ એજન્સિમા સ્થળે સ્થળે જથાબંધ મળી આવે છે.

ઇડર સંસ્થાનના રાયગઢ પટામાંથી લોકાટ—લોઢાનોકાટ મળી આવે છે. તેની ભસ્મ કરી તે દવાના કામમાં લે છે. એમ ધારવામા આવે છે, કે આ ભાગમા લોઢાની ખાણ હોવી જોઈએ. આ પટામા પ્રથમ ત્રાંબાની ખાણુ હતી પરંતુ ત્રાંબુ કાઢતા ઘણુ ખર્ચ થવાથી તે બંધ કરવામા આવી હતી એવી દંતકથા ચાલે છે.

અબરખ:—મોહનપુર તાલુકાના અડપોદ્રા ગામે અબરખની ખાણો છે તેમજ ઈડર સંસ્થાનમાં બેરણા, મેંઢાસણ વગેરે સ્થળે અને દાંતા સંસ્થાનમાંથી પણ ઘણી જગોએથી અબરખ મળી આવે છે

માટી:—આ એજન્સિમાં કેટલેક સ્થળે ધોળી માટી-ખડી, લાલ માટી-રમજી, અને પીળી માટીની જથાબંધ ખાણો છે.

એકલારા નજીક સાબરમતીના કાંઠે, ખડીની ખાણ છે એ કપડામા આર દેવાના કામમા આવે તેવી ચીકણી અને ટકાઉ છે તેથી તેના ઉપયોગ સારૂ નજીકના ગાયકવાડ સરકારના રામપુર, ફુદેડા

ગામે કારખાનુ કાઢવામાં આવેલુ છે, આ ઉપરાન્ત સાબર કાંઠામા **કડોલી, હાપા, અને ખેડાવાડામાં પણ ખડીની જથાબંધ ખાણો આવેલી છે.** તેમાથી પુષ્કળ ખડી ખોદી કાઢવામા આવે છે તેનો ઘણોખરો ઉપયોગ ઘર ધોળવાના કામમા થાય છે

કડોલી નજીક ધાવડી નદીના કાંઠે તેમજ દેવરોટા, ખેડાવાડા અને હાપામાં લાલ માટી–રમજીની ખાણો છે.

પીળી માટીની ખાણો પણ ઉપરના સ્થળે જથાબંધ છે એ સઘળી માટી ચીકણી હોવાથી તે ધોળવા અને રંગવાના કામમાં વપરાય છે.

ઊસ:–જમીન છુટ્ટી, ખુલ્લી અને નીચે પાણીની સપાટી બહુ ઊંડી નહિ હોવાના લીધે વરસાદ બંધ થયા પછી ઉસ અથવા ખારાનુ પડ જમીનની સપાટી પર બંધાય છે **વાવડી અને અમનગર પટો, બાયડ પટો, પ્રાંતિજ તાલુકાની આસપાસનો પ્રદેશ, વગેરે સ્થળેથી જથાબંધ ઉસ મળી આવે છે. જેથી અમનગર, પ્રાંતિજ અને કપડવણજમાં ઊસને કેળવી કપડાં ધોવાનો સાબુ બનાવવામાં આવે છે.** તે ગુજરાતમા વપરાય છે, અને વખણાય છે

ઊસનો બીજો ઉપયોગ કાચ બનાવવાના કામમાં થાય છે. આ કાચની લીલા રંગની–દેશી બંગડીઓ લાલના મંડવા અને કપડવણજમા બને છે, તેવી **ઇડર રાજ્યના વાવડી ગામે** બનાવવામા આવે છે. પરતુ આ બનાવટને વધારે શુદ્ધ કરી તેને ઊંચા પ્રકારની બનાવટો માટે ઉપયોગમા લઇ શકાય તેમ છે

૨. વનસ્પતિ અને પેદાશ—આ એજન્સિનો ઘણોખરો

મુલક ડુંગરાઉ છે. તેથી નાના મોટાં જંગલો આવેલાં છે. તેમાં ખેર, સીસવ, ટીમરણુ, વાંસ, અને બીજાં અનેક જાતનાં ઉપયોગી તેમજ જંગલી ઝાડ પુષ્કળ થાય છે. આ સિવાય આંબો, રાયણ, મહુડા, સાગ, લીમડો, આસોપાલવ, ખાખરો, જાબુડો, હડદુ (હળદરવો), ગોરડ, બીઓ, તણુછ, ધીઆલી, ધામણુ, સાદડ, ધાવડ, પીંપળ, પીંપળા, વડ, બાવળ, બોરડી, આમલી, આમળી, મીંઢળી, ઝીંઝી અને ટીમરૂના ઝાડ પણ પુષ્કળ થાય છે. કોઈક કોઇક સ્થળે ગઢવાડા, દાતા અને ઇડર સસ્થાનમા **સુખડ-ચંદનનાં** ઝાડ પણ થાય છે કેટલાંક ઝાડનુ લાકડુ ઇમારતી કામમા અને બળતણના કામમાં વપરાય છે; આંબો, મહુડો, રાયણ, બોરડી, આમલી, જાંબુડો, વગેરે ફળાઉ ઝાડ છે તેમના ફળ ઉપયોગમા લેવામાં આવે છે.

મહુડો-એ ફળાઉ ઝાડમાં સૌથી વધારે ઉપયોગી છે. એનાં ફૂલ-મહુડાં માણસ તથા ઢોરના ખાવાના ઉપયોગમાં આવે છે અને તેનો દારૂ ગાળવામાં આવે છે. મહુડાનાં ફળ-ડોળીમાંથી ડોળીઉં નીકળે છે. તે તેલી પદાર્થ તરીકે ખાવામાં અને સાબુ બનાવવાના ખપમાં આવે છે. મહુડાનુ લાકડુ સખત સળે નહિ એવુ, વધારે આયુષ્યવાળુ હોવાથી વિશેષ ભાર ઝીલી શકે એવું મજબુત છે તેથી તે ઇમારતી કામમા આવે છે અને એના પાટડા, પાટડીઓ, પીઢા વગેરે બને છે તેનો જે ભાગ ઈમારતી કામમાં આવી શકે નહિ તે બળતણ તરીકે કામ આવે છે

આ ઝાડ કટોસણ જિલ્લા સિવાય એજન્સિમા સઘળી જગોએ થાય છે ઇડર સંસ્થાનમા અને મેવાડની સરહદ તરફ ઘણાજ મોટા અને વિસ્તારવાળા જાડા થડ, અને ડાળા વાળા મહુડાના ઝાડ ઘણા

છે. તેમજ બીજે સ્થળે પણ છે. તેથી મહુડાં, ડોળી, ઇમારતી લાકડું અને બળતણ મેળવવામાં તે ઘણુંજ ઉપયોગી છે.

રાયણ—એ ઝાડ ઘણી લાંબી મુદ્દતે ફળે છે છતા પણ તે ઘણાં ઉછેરવામાં આવેલાં છે. તે છપનીઆ દુકાળમાં ઘણાં કપાઇ ગયાં અને મરી ગયાં. એ ઝાડ પ્રાંતિજ તાલુકો, દહેગામ પરગણુ, બાવીશી, અને તેને લગતા એજન્સિના સેળભેળ થયેલા મુલકમા પુષ્કળ આવેલાં છે કટોસણ જિલ્લા સિવાય બાકીના મુલકમા પણ કેટલેક સ્થળે જથાબંધ અને છુટા છવાયાં છે. પાકા તથા સુકાયેલા રાયણ–કોકડી ખાવામા વપરાય છે તેનો ગરીબ વર્ગ ઉપવાસ પ્રસંગે ફળાહાર કરે છે. તેથી જથાબંધ વેચાય છે. સારી કોકડી દહેગામ પરગણાની આજુબાજુની અને બાવીશીની વખણાય છે.

ખેરઃ–એનું લાકડું કઠણ હોવાથી જલદી કોહી જતું નથી માટે ઈમારતી કામમાં ઘણું આવે છે. વળી ખેરના ઝાડમાંથી ખાવાનો તથા રંગવાનો કાથો બનાવવામાં આવે છે. એની ડાળી કાપી તેની છાલ ઉતારી નાખી તેના નાના નાના કડકા કરવામા આવે છે અને તેને હાલ્લામા નાખી પાણીમાં ઉકાળે છે જ્યારે ઉકળીને તેનો જાડો ચીકણો રસ થઇ જાય છે ત્યારે તેને ટોપલીમાં નાખી જમીનમા ખાડા કર્યા હોય છે તેના પર મૂકી નિતારે છે. તેથી કચરો ટોપલીમા રહે છે અને રસ ખાડામા નીતરે છે. એ રસ સૂકાઇને તેના ગાગડા બંધાય છે તેને કાથો કહે છે. **ખેરમાંથી ખેરસાલ નામનો ધોળો ભૂકો પણ નીકળે છે. જે ઊધરસની દવામાં વપરાય છે.**

હરદરવાનું લાકડું પોચુ અને પીળાશ પડતું હોય છે અને

તે ઇમારતી કામમાં આવે છે. બાવળનું લાકડું ગાડાનાં પૈડાં, હળ, રાંપડી વગેરે ખેતીના ઓજારો બનાવવાના ખપમાં આવે છે.

બેહડાં અને હરડાંનાં પુષ્કળ ઝાડ મેવાડની સરહદની લગોલગ તેમજ બીજે પુષ્કળ થાય છે તેના ફળો **હરડાં અને બેહડાં** રંગ-વાના કામમાં વપરાય છે

આમળીનાં ઝાડો પણ કેટલેક સ્થળે છે. તેના ફળ **આમળાં, આમળાંનું તેલ, અથાણું અને મુરબ્બો** બને છે વળી તે દવાના કામમા પણ આવે છે

ખાખરાનાં પાદડાંની **પત્રાવળી** થાય છે. તેના ફૂલને **કેસુડાં** કહે છે તે રંગવાના તથા દવાના ઉપયોગમાં આવે છે. તેની શીંગો-માંથી **પિત્તપાપડા** નીકળે છે તે દવાના કામમાં વપરાય છે, અને લાકડું બાળવામા વપરાય છે તેના મૂળીઆના દોરડાં વણાય છે તે ચોમાસાની ઋતુમાં ઘણી મજબુતી આપે છે. બીજી ઋતુમા બહુ ઉપયોગી નથી કેમકે પાણીમા પલળવાથી તે વધારે મજબુતી પકડે છે તેથી ચોમાસામા આનો ઉપયોગ વિશેષ થાય છે કુવાનુ પાણી ખેંચવામા આ દોરડા પાણીથી પલળતાં રહે છે તેવા ઉપયોગી છે માટે ગરીબ લોકો આનો ઉપયોગ કરે છે

હડોલ અને વડાગામ તરફ **સરખટનું મુંજ** થાય છે.

ઝીંઝીં, ટીંબરૂક વગેરેના પાદડા બીડી વાળવાના કામમા વપરાય છે. અને તે બહાર ગામ ખાતે મોકલવામાં આવે છે.

સાગ અને વાંસ:—ઇડર પટાના ડુંગરોમાં ઘણા થાય છે. સાગના મોભ, વળા, વળી વગેરે થાય છે. વાંસ કાટમાલના કામમા વપરાય છે વાસમાથી **વાંસકપુર-વાંસડાનો ગુંદર** નીકળે છે

અને તે દવાના કામમા આવે છે. વાંસની છાલની ચીપો ઉતારીને તેના ટોપલા, ટોપલીઓ, કંડીઆ, છાબડીઓ, સાદડીઓ વગેરે બનાવીને ભગીઆ લોકો વેચે છે.

આ એજન્સિનો કટોસણ જિલ્લો ઝાડપાન વાળો પ્રદેશ જણાતો નથી કેમકે ત્યાની જમીન ખારાશ વાળી છે. તેથી પણ ત્યા ફળાઉ ઝાડો ઉછરી શકતા નથી. પણ પીપળ, આમલી, લીમડા, વરખડા, જાંબુડાં, વગેરે ઝાડો કોઇક કોઇક સ્થળે આછાં આછા જોવામા આવે છે. કેમકે તેવા ઝાડોને આ જિલ્લાની જમીન માફક આવે છે. બાકીનો ઘણોખરો પ્રદેશ ઝાડપાન વાળો રમણીય અને સુંદર છે.

ઈડર, મોડાસા, વગેરે ઠેકાણે ખરાદી લાકડાની કારીગરીની ચીજો-પલગના રંગીત પાયા, પારણું, ઘોડીઆ, હીચકાખાટ, રંગીન સોગઠા, સાબેલાં, રમકડાં, હાથમા ઝાલવાની રગબેરગી લાકડીઓ, વગેરે સુંદર અને નકશીદાર બનાવે છે ને તે બહારગામ જાય છે

દધાળીઆના ડુગરોમા તથા બીજા ડુગરાઉ પ્રદેશમા કડાની શીંગો થાય છે તેમાંથી ઇંદ્રિજવ નીકળે છે ને તે દવાના ઉપયોગમા આવે છે કડાના ફૂલનુ શાક થાય છે.

કલ્લી ઘાસનાં મૂળીઆંને ધોળીમુશળી કહે છે. તે દાંતા, ઈડર સ્ટેટ અને દધાળીઆ, વગેરે ઠેકાણે થાય છે ને તે વસાણા, અને દવામા ઘણી ઉપયોગી છે. તેના પાંદડાની ભાજી થાય છે

આ ઉપરાત બહુફળી, ગરમાળાની શીંગો, ઇંદ્રિજવ. સોનામુખી (મેઢીઆવળ), એખરો, ત્રિફળાં (હરડાં, બેહડાં અને આંબળાં,) જુદા જુદા ગુંદરો, વગેરે કરિયાણું આ એજન્સિના ડુંગરાઉ મુલકમાં નીપજે છે અને તેનો દવામાં ઉપયોગ થાય છે.

જંગલ (ઘાસનાં બીડ):—ડુંગરાળ જમીનમાં ખેડાણ કમી થઇ શકે છે તેથી સપાટ પ્રદેશ કરતાં પડતર જમીન વિશેષ રહે છે પડતર જમીનને લીધે ઘાસ ઘણું ઉગતું હોવાથી ઢોર ઉછેરવાનું ઘણું સહેલું પડે છે. આવા ઘાસના જગલવાળા ભાગને **બીડ** કહે છે. ત્યા ખરસલી, છજવો વગેરે ઘાસ થાય છે તે સુકાવાથી તેના પુળીઆ બાંધી ઘોડાઓ માટે સઘરી મુકે છે કે વેચી દે છે. આવા બીડ સાબરકાઠા જિલ્લો, લગોલગના ઇડર.સંસ્થાનના મુલકમા, પોળો, દાંતા સસ્થાન, માલપુર, આબલીઆરા, અને મોહનપુર તાલુકાની હદમા આવેલા છે. તેની સંભાળ રાખવામા આવે છે.

જંગલની બીજી પેદાશ:—ડુગરાઉ પ્રદેશમાં નાના મોટા પુષ્કળ જગલો હોવાથી **મધ, મીણ** અને **લાખની** પેદાશ ઠીક **થાય**છે.

મધ બે પ્રકારનુ મળી આવે છે. ભમરાએ બનાવેલુ તે **ભમરીયું** અને મધમાખીઓએ બનાવેલું **તે માખીયું,** આ બંને જાતનુ પુષ્કળ મધ મળી શકે છે. તેનો ઉપયોગ દવામા અને શિઆળાની ઋતુમા વસાણા તરીકે કરવામા આવે છે. મધની પેદાશ ગઢવાડા, દાતા, ઇડર સસ્થાન, પોળો, હાપા વગેરે ઠેકાણે સારી થાય છે

બહુ નાની નાની માખીઓએ ઝાડના પોલાણમા બનાવેલું મધ કે જેને **કુટીયું-કુતીયું મધ** કહે છે તે પણ બહુ જુજ પ્રમાણમાં મળી આવે છે ને દવાના કામમા ઘણું ઉપયોગી છે.

મધપુડામથી **મીણ,** અને પીંપળા વગેરે ઝાડો ઉપરથી **લાખ** મળી આવે છે.

બાવળ, ખેર, ખાખર વગેરે ઝાડોના ગુંદર ઝરે છે તે એકઠા કરી કરિયાણા તરીકે ખપમાં લેવાય છે તેથી બહાર ગામ જાય છે.

ઘણાક ઝાડ, છોડવા, વેલા, ઘાસના બીયા, મૂળિયાં, છાલ, અને પાદડા, દવાના કામમાં આવે છે. તેથી ગાંધી લોકો જથાબંધ રાખે છે અને વેચે છે

ઈડર, દાતા, ગઢવાડા, મેવાડની સરહદ તરફનો મુલક, માલપુર, મોડાસા અને ડુંગરપુરની સરહદનો મુલક, ડુંગરાઉ હોવાથી ત્યાંની જંગલની પેદાશમા ઈમારતી લાકડુ, વાસ, કાથો, ગુન્દર, પાંદડા, મધ મીણ, લાખ, વગેરે છે.

સઘળી જંગલની પેદાશ ઇડર, અમનગર, મોડાસા, અને ખેરાલુ મારફતે અમદાવાદ તરફ જાય છે અને ત્યાંથી ગુજરાતમાં પ્રસરે છે.

૩. ખેતીની પેદાશ:—જમીન, આબોહવા અને લોકોની સગવડ ઉપર પાકનો આધાર રહેલો છે, જુદી જુદી જગાએ જેવા પ્રકારની જમીન તે પ્રમાણે જુદો જુદો પાક વધતા ઓછા પ્રમાણમા થાય છે.

૧. જમીન* આ એજન્સિમાં મુખ્યત્વે કરીને બેસર, ગોરાટ, અને લાલ એ જાતની જમીન જોવામા આવે છે કેટલેક સ્થળે કાળી અને ભાઠાની જમીન પણ જુજ પ્રમાણમા જોવામા આવે છે.

જમીનના મુખ્યત્વે કરીને **કાળી, ગોરાટ, લાલ અને ભાઠાની** એવા ચાર પ્રકાર છે કાળી અને ગોરાટ એ બે જાતની જમીન મિશ્ર થયેલી હોય તેવી જાતની જમીનને **બેસર** કહે છે, તેમા કાળી અને ગોરાટ બન્નેના થોડા થોડા ગુણ સમાએલા છે.

---

* મહીકાઠામા બે જાતની ભોય છે, એક ગોરાટ તથા રેતાળ, અને બીજી કાળી (જુઓ ગુજરાત સર્વ સંગ્રહ પૃષ્ટ ૧૮)

કાળી જમીન કપાસ, ઘઉં અને જુવારના પાકને વધારે અનુકુળ હોવાથી તેમા તે પાક વધારે અને સારો થાય છે. કેમકે કાળી જમીનમા પાણી લાંબો વખત સુધી મચેલું રહે છે. જો જમીનમા વધારે પાણી મચેલુ હોય છે, તો તેમા ડાંગર અને કપાસ જોડે રોપવામા આવે છે, ડાંગર વધારાનું પાણી ચુસી લે છે જેથી કપાસના પાકને નુકસાન થતું નથી. જમીન સખ્ત હોવાથી છોડ ટટાર ઉભા રહે છે કાળી જમીન ચીકણી હોવાથી ખેડવી મુસ્કેલ પડે છે ને વળાપ ઝટ આવતો નથી (ઠરી જતી નથી) તેમાં ખાડા અને ચીરા બહુ પડેલા હોય છે. કાળી જમીનવાળા પ્રદેશમાં ઝાડોની સંખ્યા ઘણીજ ઓછી હોય છે, કેમકે કાળી જમીન નીચે ખારવાળી કે પત્થરની જમીન હોય છે તે મૂળીઆંને બાળી નાખે છે અથવા વધવા દેતી નથી કાળી જમીનના ફાયદા ગોરાટ જમીનમાં નથી અને કાળી જમીનમા જે મુસ્કેલીઓ નડે છે તે ગોરાટમાં નડતી નથી

ગોરાટ જમીન બાજરી, ડાંગર, કઠોળ, વગેરે પાકને વધારે અનુકુળ હોવાથી આ પાક આ પ્રદેશમા વધારે ને સારો થાય છે ગોરાટ જમીન કાળી જેટલી કઠણ હોતી નથી પણ પોચી હોય છે. માટે ઝાડનાં મૂળ સહેલાઇથી ઊંડા જઇ શકે છે. આ કારણથી કાળી જમીન કરતા ગોરાટ જમીનમાં ઝાડ મોટા અને ઘટાદાર થઇ શકે છે ગોરાટ જમીન પોચી હોવાથી એમા સૂરણ, બટાટા, કંદ, વગેરે મોટા કદના થાય છે પણ તે ફોકા થાય છે કેમકે કાળી જમીનમા માટી વધારે હોવાથી તેમાથી જેટલુ પોષણ મળી શકે છે તેટલું ગોરાટમાંથી મળી શકતું નથી. ગોરાટ ભેજ વધારે સંઘરી શકે છે તેથી પાણી વધારે જથામાં મળી શકે છે માટે પાક વધારે ઉતરે છે. આથી

કુદરતી રીતેજ આવા મુલકમા માણસની વસ્તી વધારે હોય છે અને ગામો મોટા હોય છે. અહીં વધારે વસ્તી અને વેપારના લીધે રેલવે તાર, સડકો, અને પોષ્ટઓફિસોનો ખપ વધારે પડે છે.

ગોરાટ જમીન ભેજ સંઘરી રાખતી હોવાથી ચોમાસુ અથવા ખરિફ પાક લીધા પછી શિયાળુ અથવા રવી અને ત્યાર પછી ઉનાળુ કે **હરીપાક** થઇ શકે છે. કુવાનુ પાણી પાવાથી, ખાતર પૂરવાથી, ગોરાટ જમીનમા ત્રણ પાક ઉતરી શકે છે. અને તેમા બધી જાતનુ અનાજ, કઠોળ અને કપાસ નીપજે છે.

ગોરાટ અને લાલાશ પડતા રંગની ડુંગરાળ જમીન આ એજન્સિમા ઘણી આવેલી છે. ઘણી જમીન લાલાશ પડતા જમીનને મળતી છે, તેથી તેમાં દરેક પ્રકારનુ અનાજ, કઠોળ, કપાસ થાય છે રેતાળ જમીનમા બાજરી, મઠ, વગેરે જથાબંધ થાય છે ગોરાટ અને લાલાશ પડતી જમીન સહેલાઇથી ખેડી શકાય છે આવી જમીનમા કુ-વાના પાણી અને ખાતરની મદદથી ત્રણ પાક લઇ શકાય છે.

ભાઠાની જમીન:—સાબરમતી, વાત્રક વગેરે નદીઓના કાઠાની જમીનો ભાઠાની જમીન કહે છે ચોમાસામા પાણીના વેગથી દુરથી માટી તણાઇ આવી કિનારે કાંપ ઠરે છે (ચડુ મુકે છે) આવી જમીનમા વર્ષોવર્ષ સારો પાક થાય છે. તેમા વિશેષ કરીને તમાકુ, જુવાર, અને શેરડી પાકે છે.

૨ **પેદાશ:**—ખેતીનો મુખ્ય આધાર જમીન, હવા, વરસાદ અને મહેનત ઉપર છે.

આ એજન્સિમા વરસાદ પુરતો થાય છે ડુંગરી મુલકમા ભીલ, કોળી વગેરે હલકો વસ્તી છે ત્યાં ખેતી નામનીજ થાય છે. કણબી

અને બીજી હોશિયાર જાત ખુલ્લા ભાગોમા વસે છે ત્યા ગુજરાતના જેવી ખેતી થાય છે. આ એજન્સિની આશરે પોણા ભાગની જમીનમા ખેડાણુ થાય છે અને બાકીની પડતર રહે છે.

કુવા, નદી, ઝરણુ, વગેરે પાણીના ઘણાં સાધનો જે જે સ્થળે આવેલા હોય છે. અને જે સ્થળે પાણી ઉતળા (ઊચા) છે ત્યા કુવા ખોદવાનું ખર્ચ કમી થાય છે, તેથી પણ ખેતીના કામમા સરળતા થાય છે કટોસણ, વાત્રકકાઠા અને બીજે સ્થળે પાણી ઉતળાં હોવાથી ત્યા વરસમા બે કે ત્રણ પાક ઉતરે છે.

આ એજન્સિની કેટલીક જમીન પહાડી અને ખરબચડી છે. પરંતુ પત્થરોમાથી વહેતા ઝરણોને લીધે કેટલીક જમીન ટાઢી અને રસાળ છે. તેમા બાજરી, જુવાર, મકાઇ, બાવટો, બટી, કોદરા, સાંમલી ચણા, કુરી, ઘઊ, જવ, કાગ, ડાગર વરી, વગેરે ધાન્ય; તુવર, મગ, અડદ, વાલ, ચોળા, મઠ, વગેરે કઠોળ, ગવાર, સરસવ, તલ, એરંડા, વગેરે તેલીબીઆ, પાકે છે કેટલેક સ્થળે કપાસ અને થોડો તમાકુનો પણ પાક ઉતરે છે

આદુ, મરચા, હળદ, (હળદર) લસણ, રાઇ, મેથી, ધાણા, જીરૂ અને વરીઆળી વગેરે બાગાયત મોલ પણ આ એજન્સિમા કેટલેક સ્થળે થાય છે હળધ, મેથી, જીરૂ, ઇડર મસ્થાનમા વિશેષ થાય છે. પહેલા અમનગરની આજુબાજુ ઊચી જાતની હળદર ઘણી થતી હતી તેથી તે **"અમનગરી હળધ"** એ નામથી હાલમા પણ વખણાય છે આ હળદ દક્ષિણમા **રાજાપુર** વગેરે સ્થળેથી આવતી હળદ કરતા મોઘી વેચાય છે. તેમજ વીસનગર તરફ થતી હળધને **"વિસનગરી હળધ"** કહે છે. હાલમા હળધની પેદાશ બહુ થતી

નથી કે જેથી બહાર ગામ જઇ શકે. ગુજરાતમા ઘણી હળંદ હવે દક્ષિણમાંથી આવે છે અને ઘણા ભાગે તેજ વપરાય છે.

રંગમય પદાર્થોમા કસુબી, ગળી, સોરગી, હરડા, બેઢા, કેસુડા, અને ધાવળીના ફૂલ પુષ્કળ થાય છે અને તે રગવાના કામમા વપરાય છે.

રેષામય પદાર્થોમા કપાસ ઓછો વધતો સઘળે સ્થળે થાય છે સાબરકાઠા અને કટોસણ જિલ્લામા કપાસનો પાક વિશેષ થાય છે આ ઉપરાત ખપ જોગ શણ, ભીડી પણ થાય છે

તેલી બીઆમા તલ, દીવેલી, (એરંડી), બધે ઠેકાણે અને સરસવ, સાબરકાઠા, ઇડર, ગઢવાડા, કટોસણ અને મોડાસા તરફ થાય છે.

બગીચા અને વાડીની પેદાશમા શેરડી, રતાળુ, શકરીઆ, જાત જાતના શાક ભાજી અને ફળ ફૂલ ઓછા વધતા બધે થાય છે

નદીની પેદાશમા બટાટા, સક્કરટેટી, તરબુચ, અને ડાગર થાય છે સાબરમતીની સક્કરટેટી આખા ગુજરાતમા વખણાય છે. વાત્રકનદીના કાઠે પણ સક્કરટેટી, તરબુચ, કોળા વગેરે થાય છે. નદીના પાત્રમા કેટલેક સ્થળે દીવેલી (એરડા) પણ ઉગાડવામા આવે છે.

ઇડર, પોળો, દાતા, અને ડુગરપુરની સરહદ તરફના મુલકમા ધોળીમુશળી, ઓડાગોખરૂ, ત્રિફળા, ઇદ્રજવ, મેઢીઆવળ, જુદા જુદા ગુદરો વગેરે કરીઆણાની ચીજો પણ ઘણી નીપજે છે.

હુન્નર ઉદ્યોગ અને વસ્તુઓ:—આ એજન્સિમા મુખ્ય ઉદ્યોગ ખેતી છે અને તેના ઉપર ઘણા જણનો નિર્વાહ છે. તે સિવાય બીજા ઉદ્યોગો પણ ખપ પૂરતા છે.

વસ્તુઓ:—સુતરાઉ જાડુ કાપડ ઘણુ વણાય છે અને તે

ખપ પરતુ બનતું હોવાથી જ્યા જ્યાં વણાય છે ત્યા ત્યાં ખપી જાય છે. જાડા કે ગામઠી કાપડની વપરાશ ખેડુત અને મજૂરીઆ લોકમા વિશેષ છે ગામઠી દેશી કાપડ વણકર, સાળવી વગેરે લોક પોતાના ઘર આગળ વણે છે. **મુખ્યત્વે** કરીને દોટી–ખાદી, ચોતારો, ધોતીઆં, પિછોડી. ચોફાળ, હાથ રૂમાલ, વગેરે વણાય છે. ચોતારી ખાદી અને પિછોડીઓ બાવીશી જિલ્લામા ઘણી સારી વણાય છે ને તે ટકવામા ઘણી મજબુત છે. ડભોડા, વડોદરા, **લીંહોડા**, **હરસોલી**, અને તેની આસપાસ આવુ ગામઠી કાપડ ઘણુ સારૂ થાય છે જાડુ સુતરાઉ કાપડ વણવાનો ધધો દરેક મોટાં ગામમા ચાલે છે. અને તે આસપાસના ગામેમા ખપી જાય છે.

પેથાપુર અને વાસણામાં સ્ત્રીઓના બરના સાલ્લા, બાંધણી, ઘાઘરાવટ અને બીજું કાપડ; સેલાં, ગોદડાંની ખોળ, ચંદની (બાંધવાની) અને છાપેલી જાજમ, વગેરે બહુ સારાં રંગદાર, અને વખાણવા લાયક બને છે. ત્યાંના બાંધણી સાલ્લા "પેથાપુરની બાંધણી" એ નામે પ્રસિદ્ધ છે. આ બાધણીનો કારીગરી હસ્તઉદ્યોગનો ઊચા પ્રકારનો નમુનો છે અહીં આં બનતું દેશી કાપડ વાસણામા આશરે ૧૫ હજાર રૂપિઆનું અને પેથા પુરમા આશરે ૫૫ હજાર રૂપિયાનુ દર વર્ષે તૈયાર થાય છે તે પૈકી કેટલુક **શિયામ** અને **ચીન** દેશ ખાતે ચઢે છે.

પેથાપુરમા લોખંડના તાળા, ચપ્પુ, છરા, છરી, ભાલા એ સારા બને છે. લોખડનાં તાળા સિવાય ચપ્પુ, છરા, છરી, ભાલા વગેરે **નિર્માલી**, અને **દધાળીઆમાં** પણ સારા બને છે. પેથાપુરમા જામગરી વાળી બંદુકો થતી હતી અને તે વખણાતી હતી પણ તે

બનાવવાનું હાલમાં સરકારે બંધ કરેલું છે.

અહમદનગર તાલુકાના શવગઢ–પાણપર, પરબડા, ઇલોલ, અને તેની આસપાસમાં ઊંચી જાતના પત્થરની ખાણો છે તે દેવળો અને મોટી ઇમારતો બાંધવાના કામમાં વપરાય છે. તે કઠણ હોવાથી તેના પર કોતરકામ સારૂ થાય છે અહીંની ખાણોમાંથી પત્થરો ગુજરાતમાં જાય છે; પત્થરના ખલ, પ્યાલા, ઘંટી, પાણીઆરી, વગેરે બહુ સારાં બને છે.

શામળાજી પાસે ભેટાલીમાં ભેટાળીઓ નામનો ચૂનો થાય છે તે સાગોળ કરવાના કામમાં આવે છે તે કાચ જેવો ચળકાટ મારે છે આ ઉપરાંત સડકપર પાથરવાનો મેટલ, રંગનો પત્થર, ઘંટી લાયક અડદીઓ પત્થર, સ્ફટિક જેવો ધોળો પત્થર, ચકમક જેવો પત્થર, વગેરે પુષ્કળ નીકળે છે.

દાંતા સંસ્થાનમાં આરસપહાણ નીકળે છે અને પોલાદ, ત્રાંબુ, વગેરે કાચી ધાતુઓ હોવાનો સંભવ છે

મોહનપુર તાલુકાના અડપોદ્રા ગામે અબરખની ખાણો છે તેમજ દાંતા અને ઇડર સંસ્થાનમાંથી પણ કેટલેક સ્થળે અબરખ નીકળે છે

આંબલીઆરામાંથી હલકી જાતના અકીકના પત્થરો મળે છે અને તે દેશાવર જાય છે.

સાબરકાંઠા જિલ્લામાં સાબરમતી નદીને કાંઠે અને કાંઠા નજીક ધોળી માટી–ખડી, લાલ માટી–રમજી, અને પીળી માટીની જથાબંધ ખાણો આવેલી છે તે ચીકણી હોવાથી રંગવાના અને ખડી ધોળવાના અને કપડામાં આર દેવાના કામમાં વપરાય છે.

કટોસણ જિલ્લામાં મરતોલી અને ઇડર સંસ્થાનમાં મીઠું

પાકે તેમ છે પણ સરકારે પકવવાની મના કરેલી છે તેથી પકવવામાં આવતું નથી.

અમનગર, બાયડ અને વાવડી આસપાસ ફિમ જથાબંધ મળી આવે છે તેથી તેને સુધારી કપડા ધોવાનો સાબુ અમનગર, પ્રાંતિજ અને કપડવણજમાં જથાબંધ બનાવવામા આવે છે ને તે વખણાય છે. આ ઉપરાંત ખારો પણ મળી આવે છે

વાવડી ગામે દેશી લીલા રંગના કાચની બંગડીઓ બને છે અને તે બહાર ગામ જાય છે.

માટીના વાસણો ઝોટાણા અને વાસણામા સારાં, ટકાઉ અને મજબુત થાય છે, ઝોટાણાની પાણી ભરવાની ગોળી, ઘી ભરવાની વાઢી વગેરે વખણાય છે આ ઉપરાત માટીનાં વાસણો, ઈંટ, ચૂનો, નળીઆં વગેરે બધે ઠેકાણે કુંભારો બનાવે છે ને તે ખપ પુરતાંજ બને છે. તેથી જ્યા બને છે ત્યાંજ ખપી જાય છે.

સાગનાં લાકડા, વાંસ, કાટ અને બીજું લાકડું થાય છે અને તે પણ બહાર ગામ જાય છે

ઇડર, મોડાસા અને તે તરફના ગામોમા લાકડા ઉપરની કારીગરીનું કામ એટલે પલંગના રંગીત પાયા, હીંચોળાખાટ, લાકડી, સોગઠાં, રમકડા, પારણાં, વગેરે ખરાદીઓ બનાવે છે લાકડા ઉપર નકશી કોતરણી કરી રંગ ચડાવી ઓપવાનું કામ કેટલેક સ્થળે ઉત્તમ પ્રકારનું થાય છે ઇડરનુ આવુ કામ ઘણું વખણાય છે

તેલીબીયા પીલવાનું કામ ઘણાં ગામે થાય છે.

ખેડૂતો ખેતી કરવામાં, વાણિયા વેપાર કરવામાં બ્રાહ્મણો યજમાનવૃત્તિ, લુહાર, સુતાર, હજામ વગેરે દરેક વર્ણ પોતપોતાના ધંધા કરવામાં રોકાએલી છે.

આયાત નિકાશ—મહીકાંઠામા વાગડથી રૂ, સોરંગી, હળધ, મધ, જીરૂ, અને ગોળ આવે છે. ડુંગરપુરની સરહદમા થઇ પરતાપગઢથી પ્રથમ સ્ત્રીઓને પહેરવાના બરતું કાપડ પોઠી ઉપર આવતુ હતું પરંતુ હાલમાં રેલવે થવાથી રેલવે રસ્તેથી આવે છે.

અમદાવાદી સુતરાઉ, રેશમી અને કસબી કાપડ, મીઠું, કાગળ, વિલાયતી સુતરાઉ, રેશમી અને ઊનનું કાપડ કાચકામ, લોખંડકામ, ગોળ, ખાંડ, ધાતુઓ, ઇમારતી કાટ, નાળીએર, અનાજ, સૂકો મેવો, સુતર, ઊન, કરીઆણું, હાથીદાત, કેશર, ખજુર અને ધાતુના વાસણ। વગેરે માલ પરદેશથી આવે છે.

ઘી, તેલ, દીવેલ, મહુડાં, ચામડાં, તમાકુ, ઊન, ગળી, સાબુ, ઇમારતી કાટ, પત્થર, અખરખ, કરીઆણાની વસ્તુઓ, અનાજ, મધ, જીરૂ, મેથી, ઘાસ, વગેરે ચીજો અહીથી બીજે નિકાસ થાય છે.

જાનવરો—ખેતીના ઉપયોગમા મુખ્યત્વે બળદ વપરાય છે. તે સિવાય ગ્રામ્ય પશુઓમાં ગાયો, ભેસો, ઘોડા, બકરા, મેંઢાં, ઊંટ અને ગધેડા છે.

ડુંગરી મુલકમાં જાનવરો ઘણા મજબુત જાડા અને ઊંચા થતાં નથી. ખેડૂત વાછડા અને ભેંસો પાળી ઉછેરે છે રબારી લોકો ગાયો, બકરા, મેઢાં અને ઉટ પાળે છે ને ઉછેરે છે રાવળ અને કુંભાર લોકો ગધેડાં રાખી ઉછેરે છે.

બળદ ખેતીના કામમા, તેમજ માલ લઈ જવા લાવવાના કામમા અને મુસાફરીના ઉપયોગમા લેવામા આવે છે. ભેસો, ગાયો, મેંઢા, બકરા, એ દૂધ દહી, ઘી અને માખણ મેળવવા માટે પાળવામા તથા ઉછેરવામા આવે છે. બળદ ભેસ, ગધેડા સિવાયના ઢોર, ભરવાડ અને

રબારી લોકો જથાબંધ પાળે છે ને તે ચરાવવા માટે જંગલોમાં ફરતા રહે છે મેઢા અને બકરાંના વાળ વરસમાં બે વાર કાતરી લેવામાં આવે છે તે પૈકી મેંઢાંનું ઊન વેચે છે. તેમજ તેના કામળા, ગધેડા ઉપર લાદવાની ગુણો કે બોરીઓ વગેરે બનાવે છે.

પાડાને ખેતીના ઉપયોગમાં લેવામાં નહિ આવતા હોવાથી તેમની સંખ્યાના વધારા તરફ લક્ષ આપવામાં આવતું નથી.

ઊંટ અને ગધેડાં ભાર લાધવાના કામમા તેમજ માલ એક સ્થળેથી બીજે સ્થળે લાવવા લઇ જવાના ખપમાં આવે છે. ઊંટ મુસાફરી કરવાના ઉપયોગમાં પણ વપરાય છે.

આ એજન્સિમા જાણુવા લાયક ઊચી ઓલાદનાં પશુઓ ઉછેરવામાં આવતા નથી. શામળાજીના મેળામા જુદા જુદા સ્થળેથી ડુંગરી બળદો આવે છે તે કદે નાના હોય છે. પણ મજબુત અને ભાર ખેચવામાં જોરાવર હોય છે તે અમદાવાદ જિલ્લાના બળદો કરતા પણ નાના અને ઓછી કીંમતના હોય છે. કાંકરેજના બળદો કરતા અહીના નાના અને ઓછા ભરાવના છે પાલણુપુર એજન્સિમા **કાંકરેજ, વાવ,** અને **થરાદ** તાલુકાના બળદ સારા બાંધાના, વધારે ઊચા, જબરા, રંગે ધોળા ને દેખાવડા છે અને તે આખા ગુજરાતમા શ્રીમતના તબેલામા જોવામા આવે છે.

જંગલી જાનવરો:—આ એજન્સિનો મુલક વગડાઉ અને ડુંગરાઉ હોવાથી ડુંગરી પ્રદેશમા વાઘ, ચિત્તા, દીપડા, રીંછ, તરસ, સુવર, (જગલી ડુક્કર) શિઆળ, શાહુડી, સાબર, ચીતલ, કાળિયાર, છિકાર, નીલગાય, પાણીની બિલાડી, જગલી બિલાડી, સસલા, વગેરે જાનવરો ડુંગરો અને જગલોમા પુષ્કળ માલમ પડે છે. જેમ

જેમ જંગલો કપાતાં જાય છે અને વસ્તી થતી જાય છે તેમ તેમ હિંસક પ્રાણીનો નાશ થતો જાય છે. અનેક જાતનાં હરણ બધે છે. નાના જાનવરોમા સસલાં અને જગલી બિલાડા છે કેટલાંક જાનવરો મરી ગયા પછી તેમનાં ચામડાં, હાડકાં, શીગડા, પીછા, રૂવાટા. વગેરે માણસના ઉપયોગમા આવે છે.

આ એજન્સિમાં સઘળી જાતના ઝેરી અને ઝેર વિનાના સાપ પણ બહુ જોવામાં આવે છે.

પક્ષીઓ:—આ એજન્સિમાં અનેક તરેહના પક્ષીઓ થાય છે તેમા ચકલી, મોર, કાગડા, સમડી, પોપટ, કબુતર, હોલો, વગેરે સામાન્ય પક્ષીઓ ઉપરાંત **શામળાજી, કોટેશ્વર,** વગેરે સ્થળોના ડુંગરોમા, જ્યા મનુષ્ય જાતિનો પગરવટ ઓછો છે. ત્યાં રગ બેરગી પીછાંવાળા, કદી નહિ જોવામા આવતા અથવા પ્રદર્શનોમાજ દેખાતાં પક્ષીઓ નજરે પડે છે.

અનેક જાતની માછલીઓ અને મગર, નદીઓ અને તળાવોમા જોવામા આવે છે વાત્રક નદીમા મગરની છત વિશેષ જોવામાં આવે છે. અને તે ઊંડા ધરામાં રહે છે.

પ્રકરણ ૩ જું.

વસ્તી:—આ એજન્સિના કેટલાંક સંસ્થાન અને તાલુકા ગુજરાતના ઉત્તર અને ઇશાન તરફના ખુણે આવેલા છે. જેમ જેમ આર્ય લોકો સપાટ જમીનમાં આવીને જંગલો કાપી ઘાસ બાળી ખેતરો બનાવી ગામ વસાવતા ગયા. તેમ તેમ પ્રથમ ત્યાં રહેતી

અનાર્ય જાતિ ત્યાંથી ખસી ઊત્તર અને ઇશાન ખુણા તરફ ડુંગરી ભાગોમાં ભગતી ગઇ, એ ભાગો નાના નાના ડુંગરો, ઝાડી અને જંગલોથી ધીચ હોવાથી અને વ્યાપારી રસ્તાઓથી છેટે આવેલા હોવાથી અહીં આ ડુંગરી ભીલ–ગરાસીઆ લોકો અર્ધ જંગલી સ્થિતિમાં સુખે રહી શકયા છે. તેથીજ વસ્તીનો કેટલોક ભાગ હજુ અજ્ઞાન અને વહેમી છે આ એજન્સિના પાલ, પોસીના વગેરે, કેટલાક ભાગની હવા ઘણી નઠારી છે. તેથી ત્યાં ધીચ વસ્તી થતી નથી સને ૧૮૭૨ મા પહેલવહેલી વસ્તી ગણતરી થઇ ત્યારે ૮,૪૭,૦૫૬ માણુસની વસ્તી હતી સને ૧૮૮૧ ની ગણુતરી વખતે ૫ ૧૭, ૪૮૫ અને સને ૧૮૯૧ માં ૫, ૮૧, ૫૬૮ માણુસની વસ્તી માલુમ પડી હતી છપનીઆ દુકાળમાં ઘણાં માણુસો ભૂખમરાથી મરણ પામ્યા જેથી સને ૧૯૦૧ મા વસ્તી ઘટીને ૩,૬૧,૪૫૫ માણુસની થઇ એટલે ૨,૨૦,૧૦૦ માણુસની વસ્તી ઘટી એટલે સેંકડે ૩૮ ટકા જેટલી વસ્તો ઘટી ગઈ છે. ત્યાર પછી આ એજન્સિના કેટલાક તાલુકાઓમા પ્લેગની અમર થવા છતા પણ એકંદર જોતાં સને ૧૯૧૧ ની સાલમા વધીને ૪, ૧૨, ૬૩૧ માણુસની થઇ છે તે ૧૮૭૨ અને ૧૮૮૧ ની વસ્તીની ગણુતરી કરતાં પણ કમીજ છે. અમદાવાદ જિલ્લાની વસ્તી કરતા આ એજન્સિની હાલની વસ્તી અડધી છે આ એજન્સિનુ ક્ષેત્રફળ ૩૧૨૪ મૈલ છે અને અમદાવાદ જિલ્લાનુ ૩૮૨૪ મૈલ છે. એકંદર જોતા નજીકના અમદાવાદ જિલ્લા કરતાં આ એજન્સિમા વસ્તીનુ પ્રમાણ આછુ છે.

વસ્તી ઘટવાનાં કારણો:—આ એજન્સિમાં મીલો નહિ હોવાથી, ખેતી સિવાય બીજા મહત્વના ઉદ્યોગ, ધંધા નહિ હોવાથી,

લોક અભણ અજ્ઞાન અને ગરીબ સ્થિતિના હોવાથી, રેલવે નહિ હોવાથી, સાહસિક અને ઉદ્યોગ હુન્નરની કેળવણી મેળવવાના અભાવે, તેમજ પ્લેગ વગેરેની કુદરતી આફતો, વગેરે કારણોને લીધે બીજે ધધો મેળવવા માટે અમદાવાદ, મુબાઇ અને નજીકનાં શહેરોમાં ખસતા જાય છે તેથી પણ વસ્તીમાં ઘટાડો થતો જાય છે

લોકની જાત—*વસ્તીના ૯૨ ટકા હિદુ છે. હિંદુમા કોળી અને ડુગરી ભીલ લોકો છે. તેથી ઉતરતી કણબી, નીચવર્ણ (જેવા કે ઢેડ, ચમાર, ભગી, ભાંબી વગેરે,), બ્રાહ્મણ, રજપૂત, ભરવાડ અને રબારી, કુંભાર, વાણિયા, લવાર, સુતાર, રાવળીઆ, દરજી, હજામ વગેરે ઉતરતા પ્રમાણમા છે.

બાકીની વસ્તીમાં સાડ ચાર ટકા મુસલમાન, બે ટકા ઉપરાંત જૈન અને એક ટકા ઉપરાત પરચુરણ છે. પરચુરણ વસ્તીમા પાચમા ભાગની ખ્રિસ્તી અને બાકીની પરચુરણ ધર્મ માનનારા લોકોની છે.

---

* હિદુની વસ્તી ૩૫૯૨૫૩ છે તેમા ૧૪૪૫૨૦ કાળી ભીલ (૧,૧૧,૧૩૫ કાળી, ૩૩,૩૮૫ ભીલ), ૬૯૧૦૭ કણબી, ૨૪૧૩૨ બ્રાહ્મણ, ૩૩૫૪૦ નીચવર્ણ (ઢેડ, ચમાર, ભગી, ભાબી વગેરે), ૧૬૪૭૯ રપૂજત, ૧૦૩૭૭ ભરવાડ, રબારી (૧૪૩૨ ભરવાડ, ૮૯૪૨ રબારી, ૩ આહીર), ૧૦૮૭૬ કુભાર, ૮૭૯૯ વાણિયા, ૬૭૦૦ લવાર, ૬૨૦૦ સુતાર, ૬૧૦૦ રાવળીઆ, ૫૫૦૦ દરજી, ૫૪૦૦ હજામ, ૩૦૦૦ ભાટ, બારોટ, ૨૭૦૦ વાઘરી, ૨૪૦૦ સીધવા, ૨૦૦૦ કલાલ, ૧૯૦૦ ભાવસાર, ૧૪૦૦ સોની, ૧૦૦૦, ઘાચી, ૧૦૦૦ ભોઈ, ૮૦૦ માળી, અને બાકીની પરચુરણ જાતો છે

કુલવસ્તીમા ૩૭૯૨૫૩ હિદુ, ૨ શીખ, ૯૫૯૫ જૈન, ૧૮૭૭૭ મુસલમાન ૭૭૯ ક્રીશ્રીયન, ૧૨ જરતોસ્તી, ૪૨૧૧ એનીમીસ્ટીક પરચુરણ (ધર્મ એ શુ તે નહિ સમજનારા એટલે ધર્મની બાબતમા અજ્ઞાન) છે.

વસ્તીની વહેંચણી—બ્રાહ્મણ, વાણિયા, કણબી, અને રજપૂતની વસ્તી મહીકાંઠાનાં મોટા ગામોમા વિશેષ જથામા છે, નીચવર્ણ ઢેડ, ભંગી, ભાંભીની વસ્તી દરેક ગામોમા છે મુસલમાનની વસ્તી અમનગર, વગેરે સ્થળે વિશેષ જથામાં છે. કોળી, ભીલની વસ્તી બાવીશી અને ડુંગરાળ પ્રદેશમા વધારે જોવામા આવે છે

વસ્તીનું પ્રમાણ—મહીકાંઠામાં ઈડર, પાલ, પોળો, પોસીના, દાતા, માલપુર વગેરે સંસ્થાનોનો કેટલોક મુલક જંગલી અને પહાડી હોવાના સબબથી ત્યાના હવાપાણી ઘણાં નબળા રહે છે. તેથી ત્યા વસ્તી ઘણી ઓછી છે. પાસે આવેલા પ્રાંતિજ તાલુકામા દર ચોરસ મૈલે ૧૯૬, જ્યારે અહીં ૧૩૮, ઇડર સંસ્થાનમાં ૧૨૭ અને ઇડર સિવાયના બીજા સંસ્થાનો અને તાલુકાઓની વસ્તીનુ પ્રમાણ ૧૪૪ માણસનુ આવે છે.

શહેરો અને ગામડાની સરાસરી વસ્તી:—આ એજન્સિની વસ્તીમાથી સાડા છ ટકાજ શહેરમાં રહે છે. બાકીની બધી વસ્તી ગામડાંમા વસે છે શહેરની વસ્તી સરાસરી ૪૭૪૦ માણસની છે જ્યારે ગામડાની વસ્તી ૨૦૯ માણસની છે. શહેરોમા સૌથી વધારે વસ્તી માણસા (૮૫૦૯) માં છે

શહેરો અને ગામડાં:—આ એજન્સિમાં બધા મળીને છ શહેરો **માણસા** (૮૫૦૯), **અમનગર** (૪૨૭૨), **ઈડર** (૪૮૬૩), **વડાલી** (૪૧૭૧), **પેથાપુર** (૩૭૧૨) **અને સાદરા સીવીલ સ્ટેશન** (૧૪૪૦) આવેલાં છે અને ૧૮૪૭ ગામડાં છે.

શહેરોમાં ૫૦૦૦ કરતા વધારે વસ્તીવાળું ૧ માણસા છે. ૨૦૦૦ અને તેથી વધારે ૫૦૦૦ અંદરની વસ્તીવાળાં ૧૨, એક

હજારથી ૨૦૦૦ અંદરના ૫૫ અને ૫૦૦ થી ૧૦૦૦ અંદરનાં ૬૩૨ અને ૫૦૦ અંદરનાં ૧૬૫૩ ગામો છે. એકંદરે શહેરો તથા ગામ મળીને આ એજન્સિમા ૧૮૫૩ છે.

લોકોનાં આચરણ - મહીકાંઠા ॥ કેટલોક મુલક જંગલી અને પહાડી હોવાથી, ત્યાના લોકો જંગલી સ્થિતિમાં હતા તેથી લૂટફાટ, ચોરી કરીને ગુજરાન ચલાવતા. પણ હવે પાકો બંદોબસ્ત થવાથી તેમજ સરહદ તરફ મીશનરીઓના પ્રયાસથી આ લોકો સુધરતા જાય છે હવે ચોરી અને લૂટફાટનો ધંધો છોડી દીધો છે અને ખેતી મજુરી વગેરે ધંધા કરે છે. કેટલાક ડુંગરી ભીનો, પોલિસ વગેરે ઠેકાણે નોકરીમા છે. તેઓ પ્રમાણિક, નીમકહલાલ, પણ સામાન્ય રીતે ઉડાઉ, આજનીજ ફીકર રાખનારા, અને દારૂડીઆ હોયછે મીશનરીઓના પ્રયાસથી દારૂ પીવાના વ્યસનનો ત્યાગ થતો જાયછે. સરકારને માન આપે છે ને તેથી ડરીને ચાલે છે બીજી જાતો સ્વભાવે શાંત અને કાયદાને માન આપનારી છે

શરીરનો બાંધો:—મહીકાંઠાનો કેટલોક મુલક પહાડી છે. તેથી ત્યાના લોકોનો બાંધો સાધારણ રીતે મજબુત છે ત્યાની નઠારી હવા વિષે તેઓ ક્વચિતજ ફરીઆદ કરે છે. તોપણ શરદઋતુમા કેટલેક સ્થળે "**મેલેરીઆ**" જાતના તાવનો ઉપદ્રવ થાય છે.

ભાષા:—આ એજન્સિની ભાષા **ગુજરાતી** છે ઈડર, પોળો, દાંતાની સરહદ તરફના પ્રદેશની ભાષા ગુજરાતીને મળતી છે. મેવાડ, ડુંગરપુર, વગેરેની સરહદ તરફની ભાષા ગુજરાતી અને મેવાડીને મળતી બોલાય છે ડુંગરી ગરાસીઆ અને ડુંગરી ભીલો પોતાની જુદી **ભીલવીભાષા** બોલે છે. તે સિવાયના તમામ લોકો ઘણા ભાગે ગુજરાતી ભાષા બોલે છે.

પ્રકરણ ૪ થું. હુન્નર ઉદ્યોગ.

ઉદ્યોગ:—મહીકાંઠામાં કોઈ મોટા ખાસ ઉદ્યોગો ચાલતા નથી. વસ્તીનો મોટો ભાગ ખેતી કે તેને લગતી મજુરી કરી ગુજરાન ચલાવે છે સુતાર, લુહાર, દરજી, હજામ, કુંભાર, વગેરે લોકો પોતાનો બાપીકો ધધો કરે છે. ને તે પર નિભાવ કરે છે બાકીના લોકો વેપાર, વ્યાજવટુ નોકરી, અને બ્રાહ્મણો યજમાનવૃત્તિ, દેવસેવા કે ભિક્ષાવૃત્તિ કરે છે

વેપાર:—અમનગરથી પત્થરો આ એજન્સિની બહાર મોકલવામા આવે છે. ઇડર મારફતે મેવાડની સરહદનો, મોડાસા મારફતે ડુંગરપુર તરફનો ગઢવાડા, અને દાંતા તરફનો પાલણપુર, ખેરાલુ, અને આબુરોડ મારફતે ડુંગરાઉ પેદાશનો માલ આવે છે

ડુંગરાઉ પેંદાશમા સાગ, સીસમ, બાળવાના લાકડા, ઇમારતી લાકડા, મહુડા, મધ, મીણ, સાબુ અને કરીઆણાની જણસો, ધાન્ય, તેલીબીઆ વગેરે બીજી પેદાશ જે ખપ કરતાં વધારે થાય છે, તે બહાર નિકાસ કરવામાં આવે છે.

જે માલ આ એજન્સિમા ઉત્પન્ન થતો નથી અથવા થય છે તો, ખપ કરતા ઓછો થાય છે તે બહારથી લાવવામા આવે છે. જેમકે સુતરાઉ, ગરમ અને રેશમી કાપડ, ખાંડ, લોઢુ, ધાતુનો સામાન, દવા, રગ, રોગાન, દીવાસળી વગેરે બહાર ગામથી આવે છે.

આ એજન્સિમા પહેલા રેલવેનું સાધન નહોતું ત્યારે મેવાડ, ડુંગરપુર તરફથી ગાડા ઊટ અને પોઠી મારફતે જથાબંધ માલ આવતો હતો, પદરેક વર્ષથી અમદાવાદ પ્રાંતિજ રેલવે થઇ છે

ત્યારથી મેવાડ અને ડુંગરપુર તરફનો તમામ માલ હવે ઇડર અને મોડાસા મારફતે આવે છે. અને તે ગુજરાતના મધ્ય સ્થળ અમદાવાદ જાય છે. વણઝારા મારફતે પોઠી ઉપર આવતો માલ હવે બંધ થયો છે. કેમકે રેલવે મારફતે માલ મંગાવવાનું તેમજ મોકલી આપવાનુ સુગમ અને સસ્તું પડે છે.

એજન્સિનો વ્યાપારી સંબંધ રેલવે થવાથી સીધી રીતે અમદાવાદ સાથે ધાઢો થતો જાય છે બલકે જોડાઇ ગયો છે. આ એજન્સિમાં વ્યાપારી મધ્યસ્થ નાના શહેરો તરીકે ગાયકવાડી રાજ્યમા દહેગામ, અમદાવાદ જિલ્લામાં પ્રાંતિજ અને મોડાસા, અને ઇડર સંસ્થાનમા હીંમતનગર અને ઈડર આવેલાં છે.

આ એજન્સિમા રેલવે થઈ નહોતી તેવામા એજન્સિ હેડક્વાટર સાદરામા પોઠી મારફતે વણજારા ઘણો માલ લાવતા હતા હવે રેલવે થવાથી અને આ સ્થળ રેલવે સ્ટેશનથી દુર હોવાથી અહીની આસપાસનાં જે ગામડાંનો વ્યાપારી સંબંધ પ્રથમ જોડાએલો હતો તે ગામડાંનો વ્યાપારી સંબંધ હવે રેલવે સ્ટેશન નજીકના દહેગામ, પ્રાતિજ, ડભોડા, માણુસા સાથે જોડાઇ જવાથી તલ સાદરાનો વ્યાપાર પડી ભાગતો જાય છે.

વ્યવહારનાં સાધનો.

૧. રસ્તા—ગુજરાત અને મેવાડ વચ્ચે ઇડર અને પોળોમા થઇને પ્રથમ ધમધોકાર વેપાર ચાલતો હતો. કેટલાંક વર્ષથી તે કમી થઈ ગયો છે ઇડર, પોળો, ટીંટોઈ, શામળાજી અને ડુંગરપુરના રસ્તા સહી સલામત નહિ હોવાથી તે રસ્તેથી કોઇ જતું નહિ. હાલમાં બ્રિટિશ સરકારના ઉત્તમ બંદોબસ્તના લીધે શામળાજીનો વ્યાપાર સારી

હાલતમા આવેલો છે. મેઘરજ અને મોડાસા થઇને આવતો રસ્તો બ્રિટિશ ડીસ્ટ્રીક્ટમા આવે છે ત્યા રાહદારી દાણુ લેવાનાં બંધ થયા છે. તેથી પણુ વેપાર અને વ્યવહારને અનુકુળતા મળી છે.

આ એજન્સિમાં પાકી બાધેલી સડકો નથી; પરંતુ ચોમાસુ પુરૂ થયા પછી ધોરી અને ગાડા જવાના રસ્તા દુરસ્ત કરવામા આવે છે આવી કાચી સડકો ઉપર થઈ ગાડાં, ઊટ, ગધેડાં અને પોઠી મારફ્તે આ એજન્સિનો વેપાર અને વ્યવહાર ચાલે છે. આવી સડકો એજન્સિનાં દરેક મોટાં અને જાણીતાં સ્થળો વચ્ચે છે અને તે જુદા જુદા સ્થળો વચ્ચે મેળવી લેવામા આવેલી છે

૧. ઊડાણીથી ઇડર, મુડેટી અને પાલ થઇને એક રસ્તો ખેરવાડાની સડકને મળે છે.

૨. તળોદથી મોડાસા, ટીટોઇ અને શામળાજી થઇને ખેરવાડાના રસ્તાને, તલોદથી અમદાવાદ અને મોડાસાથી આગળ જતાં ડુંગરપુરના રસ્તાને પણ આ સડક મળે છે.

૩ ઈડરથી અહમદનગર સુધીનો રસ્તો પ્રાંતિજથી અમદાવાદ જવાના રસ્તાને મળે છે.

૪. ઈડરથી શામળાજી સુધીનો.

૫ સાદરાથી ડભોડા સ્ટેશન સુધીનો.

૬. સાદરાથી પ્રાંતિજ સુધીનો, જે પ્રાંતિજથી અમનગર અને ઇડરની સડકને મળે છે. છેલ્લા બે રસ્તાઓની સડકો પાકી છે.

૭ ડાકોર અને નડીઆદથી શરૂ થઇ કપડવણુજ અને વાત્રકકાંઠાની સરહદમાં થઈ બાયડ આગળ થઈ મોડાસા નજીક ધનસુરા આગળ તલોદથી મોડાસા જતી સડકને મળે

છે. મોડાસા થઇ આ સડક શામળાજી જાય છે. આ ઉપરાત બીજા નાના રસ્તાઓ ઘણા છે.

સરહદના ડુંગરી મુલકોમા બે ગાડા રસ્તા છે. તે રસ્તે થઇને મહીકાઠામા અવાય છે. આ રસ્તેથી વ્યાપાર માટેની ચીજો ગાડાં મારફતે લઇ જવાતી નથી, પરતુ પોઠી કે ઊટ ઉપર લઇ જઇ શકાય છે. આ ઉપરાંત હાલમા એજન્સિમાં તેમજ એજન્સિની સરહદ લગતી રેલવે લાઇનો આવેલી છે. અને નવી થાય છે. જેથી પણ વેપાર અને વ્યવહારનાં સાધનો માટે ઘણી સગવડ અને સરળતા થતી જાય છે.

૨ **રેલવે**—આ એજન્સિમા છેલ્લા પંદર વર્ષમા વેપારના અને વ્યવહારના સાધનો ઘણા સુધરી ગયા છે સને ૧૮૯૭ સુધીમા એજન્સિના કોઈપણ ભાગમા રેલવે નહોતી. પહેલવહેલી અમદાવાદથી પ્રાંતિજ અને આગળ અમનગર સુધીની બધાઇ, છેલ્લા ત્રણ વરસથી આ રેલવેને ઇડર, અને ખેડબ્રહ્મા સુધી લબાવવામા આવી છે. જેથી વેપાર અને વ્યવહારના સાધનોમા વધારે છુટ થઈ છે. અને એજન્સિનો ઘણો ભાગ સીધી રીતે ગુજરાતના નિકટ સબધમા આવ્યો છે.

આ એજન્સિની પશ્ચિમ સરહદે, નજીકમાં રાજપુતાના માળવા રેલવે લાઈન અને તેની પેટા લાઇનો અને હાલમા **નડીઆદ કપડવણજ** રેલવે નવી થઇ છે તેથી પણ એજન્સિના સાધનોમા ઘણી સરળતા અને સગવડ થતી જાય છે

આ એજન્સિના સબધમા આવેલી મુખ્ય રેલવે લાઇનો

(૧) અમદાવાદ પ્રાંતિજ રેલવે. (એ. પી. રેલવે)– આ રેલવે **અમદાવાદ, અસારવા, નરોડા,** મેંદરા, ડભોડા, દહેગામ, તલોદ, **પ્રાંતિજ, સોનાસણ** અને **હીંમતનગર** સુધી જાય

છે. ત્યાથી તેને ઈડર સંસ્થાનમા મહાદેવપુરા, જાદર, ઇડર, વડાલી અને ખેડબ્રહ્મા સુધી લંબાવી છે આ રેલવે એજન્સિના બાવીશી ઓ સાબરકાંઠા થાણામાં થઇ ઈડર સંસ્થાનમા જાય છે.

(૨) કલોલ વીજાપુર રેલવે –આ રાજપુતાના માળવા રેલવેની શાખા છે. તે એજન્સિના વાસણા, પેથાપુર, માણસા, વરસોડા અને સાબરકાંઠા થાણાના કેટલાક તાલુકાઓની નજીકમા આવેલી છે. તેમાં કલોલ, આદરજ મોટી, રાંધેજા વાસણ, લીંબોદરા, મકાખાડ, લોદરા અને વિજાપુર એ સ્ટેશનો છે

(૩) મહેસાણાથી વીરમગામ તરફ જતી શાખાઓ:— એ રાજપુતાના માળવા રેલવેની શાખા છે અને તે મહેસાણાથી જુદી પડી કટોસણ જિલ્લાની પૂર્વ તરફ ઝોટાણા, કટોસણ રોડ અને વિરમગામ થઇ વઢવાણ જાય છે. આ લાઇન કટોસણ જિલ્લાને, કાઠિયાવાડ અને ઉત્તરમા રાજપુતાનાને, અને ગાયકવાડ સરકારના પાટણ અને ખેરાલુ મહાલને જોડે છે.

(૪) રાજપુતાના માળવા લાઈનની એક શાખા મહેસાણાથી જુદી પડી વડનગર તરફ થઈ ખેરાલુ જાય છે. આ લાઈન વલાસણા અને ગઢવાડાની નજીકમા આવે છે.

(૫) ખેરાલુ અંબાજી લાઈટ રેલવે —એ ખેરાલુથી શરૂ થાય છે. વરેઠા સ્ટેશનથી તારંગા જવાય છે હાલમા તે લાઇન વરેઠા સ્ટેશનથી અંબાજી સુધી લંબાવાય છે ગઢવાડા થાણાના ટીંબા અને વાવ સ્ટેશને થઇ આગળ જતા દાતા રાજ્યમાં અંબાજી સુધી જશે.

(૬) નડીઆદ કપડવણજ રેલવે —એ હાલમાં નવી થઇ છે તેના કઠલાલ અને કપડવણજ સ્ટેશનો આ એજન્સિનાં મહીસા,

ખડાલ અને વાત્રકકાઠા થાણાના ગામો નજીક આવેલાં છે.

આ એજન્સિનો ઘણોખરો ભાગ ડુંગરાઉ પ્રદેશ હોવાથી તેમજ જોઇતા વ્યવહારનાં સાધનોની ખોટને લીધે એજન્સિના અંદરના ભાગના વેપાર અને બીજા સુધારાને અડચણ હતી. દિવસે દિવસે વ્યવહારના સાધનો પુષ્કળ વધતા જવાથી આ એજન્સિ હવે ગુજરાત અને બીજા નજીકના તેમજ દુરના મુલકના સંસર્ગમા આવવાથી વેપાર અને બીજા લાભો જલદી થવાની આશા રખાય છે.

૩. તાર અને પોસ્ટ આફિસો*—આ એજન્સિના વ્યવહારનાં સાધનોમા મુખ્ય ભાગ પોસ્ટ ઓફિસો પણ લે છે પત્રવ્યવહાર માટે મુખ્ય મુખ્ય સ્થળે (સાદરા, માણસા, હીંમતનગર, અને ઇડર) સરકારે સબ પોસ્ટ ઓફિસો તેમજ અગત્યના સ્થળે જ્યા જરૂર જણાઈ ત્યા ×બ્રાન્ચ પોસ્ટ ઓફિસો પણ બહોળા જથામા ઉઘાડી છે, જેથી સંદેશા અને પત્રવ્યવહાર મોકલવાને ઘણીજ સરળતા થઇ છે. ઇડર અને પોળો સંસ્થાનમા દરબારી ટપાલની પણ વ્યવસ્થા છે.

---

* **સબ પોસ્ટ ઓફિસો** (૪) —સાદરા, માણસા, હીંમતનગર અને ઈડર

બ્રાન્ચ પોસ્ટ ઓફિસો (૪૨) -બાયડ, ચોઈલા, ગાબટ, બડોલી, વડાલી, બાલોદા, ટીંટોઈ, દાવડ, ચિત્રોડા, કુકડીઆ, મુડેટી, લુસરીઆ, બીલડીઆ, દાંતા, અંબાજી, માલપુર, મોહનપુર, સરડોઇ, રણાસણ, રૂપાલ, (મહીકાંઠા) વરસોડા, પેથાપુર, ખડાલ, ઘોડાસર, હળદરવાસ, કટોસણ, ઝોટાણા, સાથળ, આખલીઆરા, છલોલ, વાસણા, સુદાસણા, વડાગામ, સાઠંબા ડભોડા, મહીસા, રખીઆલ, સતલાસણા, ટીંબા, વખતાપુર, નિરમાળી અને ઝેર

×**તાર ઓફિસોઃ**—પોસ્ટ સાથે તાર ઓફિસો —સાદરા, માણસા, હીંમતનગર અને ઇડર એ ચાર છે.

તાર ઑફિસો—×તાર મારફતે સંદેશા મોકલવા સારૂ સાદરા માણસા, હીંમતનગર અને ઈડરમા પોસ્ટ ઑફિસો સાથે તાર ઑફિસો પણ ખોલવામા આવેલી છે આ ઉપરાત તારના સંદેશા દરેક રેલવે સ્ટેશનેથી પણ મોકલી શકાય છે.

વેપારનાં મથક—જ્યા જ્યાં વેપારના અને વ્યવહારનાં સાધનો સારા છે. ત્યાં ત્યાં વેપાર સારો ચાલે છે સાધારણ રીતે આવા સ્થળે વધારાની પેદાશ ખેંચાઈ આવે છે ને ત્યાથી બહાર ગામ જાય છે. આવા સ્થળો ઇડર સ્ટેટમા ઇડર, હીમતનગર, ગઢ-વાડામા ખેરાલુ; અમદાવાદ જિલ્લાના આ એજન્સિના સંબંધમાં આવેલા મોડાસા, પ્રાંતિજ; અને ખેડા જિલ્લામા કપડવણુજ, નડી-આદ વગેરે છે.

આ એજન્સિની વસ્તી ઘણુા ભાગે ગરીબ, અજ્ઞાન અને સ્વતંત્રપણે વેપાર ચલાવી શકે તેવી સાહસિક નહિ હોવાથી સ્થાનિક શાહુકારો વધારાની ઉપજ ખેડૂત પાસેથી ધીરેલાં નાણુાના બદલામાં ઉઘરાવી લે છે અને તે હાલમા અમદાવાદ પ્રાતિજ રેલવે મારફતે મોડામા મારફત તલોદ, ઇડર અને **હીંમતનગર** સ્ટેશન થઈને અમદાવાદ તરફ મોકલે છે.

આ એજન્સિનો ઘણો ખરો વેપાર વાણિયા અને ઇડર તરફ અમનગરના વહોરાઓના હાથમાં છે.

×રેલવે સ્ટેશનોની તાર ઑફિસો —ડભોડા, દહેગામ, રખીઆલ, તલોદ, પ્રાતિજ, હીંમતનગર, મહાદેવપુરા, જાદર, ઇડર, વડાલી, ખેડબ્રહ્મા, ખેરાલુ, તારગાહિલ, ઝોટાણા, કટોસણરાડ, વીજાપુર, લોદરા, લીંબોદરા, રાધેજા વગેરે—

પ્રકરણ ૫ મું.

ઇતિહાસ—મહીકાંઠા એજન્સિના ઇતિહાસનો મુખ્ય ભાગ ઈડર સંસ્થાનની હકીકતમાં સમાએલો છે, ઈડરગઢ-ઇલદુર્ગ સબંધી એવી દંતકથા ચાલે છે કે ત્યા દ્વાપરયુગમા **એલવાન** રાક્ષસ અને તેનો ભાઇ **વાતાપી** રાજ કરતા હતા. તેઓનો નાશ **અગસ્ત્ય ઋષિએ** કર્યો જ્યારે ઈ. સ. ૫૨૪ મા વલ્લભીનગરનો નાશ થયો ત્યારે ત્યાંનો છેલ્લો રાજા શિલાદિત્ય મરાયાથી તેની સગર્ભા રાણી પુષ્પાવતી ઇડરના ડુંગરમા ગુફામા સંતાઈ બેઠી તેને કુંવર થયો તે ગુફામા અવતર્યો તેથી તેનું ગોહો નામ પડયુ. તેણે ભીલોની મદદથી રાજ્ય સ્થાપ્યુ. મહીકાઠામા પહેલવહેલા રજપૂતો ત્યારેજ આવ્યાનુ જણાય છે. આઠમા સૈકામા સિંધમાં નગરઠઠ્ઠાનો મુસલમાનોએ નાશ કરવાથી પરમાર રજપૂતો નાશી મહીકાઠામા આવ્યા. બારમા તેરમા સૈકામાં મુસલમાની સત્તા વધતી ચાલી તેમ તેમ ચદ્રાવતીના પરમાર, કનોજના રાઠોડ, અને અણહિલવાડના ચાવડા, મહીકાઠામા આવી વસ્યા. મોહનપુર, રણાસણ, રૂપાલ, વડાગામ, અને બોલુદરાના ઠાકોરો ચદ્રાવતીના* પરમાર વશના છે પોળો, માલપુર, વલાસણા, મગોડી, એ કનોજના રાઠોડ વશના છે, માણસા, વરસોડા, એ અણહિલવાડના ચાવડા વશના છે. કેટલાકોએ કોળીની કન્યાઓ પરણી રજપૂતની જાત ખોઈ. તેઓ હાલ મકવાણા, ડાભી, અને બારીઆ રજપૂત કહેવાય છે પંદરમા સૈકામા પેથાપુર અને પોશીનાના વાઘેલાઓ આવ્યા.

---

* આબુ પર્વત ઉપર ચદ્રાવતી નગરી હતી ત્યા પરમાર વશના રાજા રાજ કરતા હતા.

ઇ. સ. ૧૪૧૨ માં અમદાવાદમાં મુસલમાન પાદશાહનું ઉપરી-પણું જામ્યુ તે વખતે ઘોડાસર, કટોસણ, ઇલોલ, લીખી અને ગાબટ વગેરે ઘણા સરદારોએ નોકરી કે મદદ કરવાના બદલામાં જમીનના પટા મેળવ્યા હતા. પુનાદરા, ખડાલ, રમાંસ અને ડાભા એ માડ-વાના મીઆના ભાયાત છે. તેમણે ઇસ્લામ ધર્મ કબુલ કરી જમીનના પટા મેળવ્યા

ઇ સ. ૧૮૧૧ મા બ્રિટિશ સરકાર જોડે મહીકાઠા સંબધિ ગાયકવાડ સરકારની ખંડણી વસુલ કરવા માટેનો દસોટાથી આંકડો નક્કી થયો ને તે વસુલ કરી આપવાનુ કામ ઇંગ્રેજ સરકારે હાથમા લીધુ અને દરેક સસ્થાનિકો સાથે ખ ડણીનો ચોકસ બંદોબસ્ત કર્યો તેથી ખરેખરી રીતે મહીકાઠા એજન્સિની સ્થાપના ઈ. સ. ૧૮૧૨ થી થઇ છે

ઇ. સ. ૧૮૧૮ મા ગુજરાતમાંથી પેશ્વાનો ભાગ ઇંગ્રેજ સર-કારને મળ્યો. તેથી સરકારને નવો મળેલો મુલક મહીકાંઠાના મેવાસી મુલકની લગોલગ આવ્યો, તે કારણથી સુલેહ જાળવવા અને મુલ-કના બદોબસ્ત માટે અંગ્રેજ સરકાર અને ગાયકવાડ સરકારને તા.૩ એપ્રિલ ૧૮૨૦ ના રોજ કરાર થયો, તેથી મહીકાઠાનો વહીવટ અંગ્રેજ સરકારને સ્વાધીન થયો તેથી તેમણે વગર ખર્ચે ખંડણી વસુલ આ-પવાનુ માથે લીધુ અને ગાયકવાડ સરકારે મહીકાઠામા દરમ્યાન નહિ થવા કબુલ્યુ.

બંદોબસ્ત રાખવા અને કગરની સરતો અમલમાં લાવવા ૧૮૨૧ મા પોલિટિકલ એજંટનો નિમણુક થઇ અને મહીકાઠા એજન્સિ સ્થાપન થઇ. ૧૮૨૮ ની શરૂઆતમા મહીકાઠા એજન્સિ કાઢી નાંખી

અને ખર્ચનો બચાવ કરવા માટે પંચમહાલ, રાજપીંપળા અને મહીકાંઠા એજન્સિને જોડી દેવામાં આવ્યા, અને મી. વીલૅાબીને તેના ઉપરી ઠરાવ્યા. ત્યારપછી મહીકાંઠાને વડોદરા રેસીડેન્સીમાં જોડી દેવામાં આવ્યુ. ૧૮૨૯ મા ગાયકવાડી સરંજામની સભાળ માટે સાદરામા એક અમલદાર નીમ્યો તેને નજીકના મહાલોનો બદોબસ્ત રાખવા અમુક પોલિટિકલ અખત્યાર સોંપ્યો સુલેહ જાળવવા તેમજ ટ્રીબ્યુટ વસુલ કરવા સારૂ વડોદરા રેસીડેન્સીમાથી એક આસિસ્ટંટને દર વરસે મોકલવામા આવતો હતો. આ બદોબસ્ત ઘણા દુરથી કરવો પડતો હતો જેથી આ વ્યવસ્થા ફતેહમદ નીવડી નહિ. અને ઇડર, અમનગર, વગેરે સ્થળે અવ્યવસ્થા ચાલી. તેથી ૧૮૩૫ મા મહીકાઠા એજન્સિ ફરીથી સ્થાપવામાં આવી, અને પોલિટિકલ એજટ તરીકે કેપ્ટન ઔટ્રામને નીમવામા આવ્યા. ત્યારથી મહીકાઠામા સ્વસ્થતા થવા માડી.

સને ૧૮૫૭ મા હથિયાર નોધવા માટે ઉપાયો લેવામા આવ્યા તે એવા હેતુથી કે, જ્યારે જરૂર પડે, ત્યારે રૈયત પાસેથી હથિયાર લઇ શકાય પણ આ પગલુ રૈયત અને સરદારોને એટલુ બધુ અણગમતુ થઇ પડ્યુ હતું કે તેથી ૧૮૫૭ મા ચાડપમા તોફાન ઉઠયુ તે લશ્કરી મદદથી સમાવવામા આવ્યુ. ત્યારપછી હાલ સુધી મહીકાઠામા શાતિ પથરાએલી છે. અને હવે તોફાનનો સભવ નથી

મહીકાઠામા હાલનો જેટલો વિભાગ છે, તે ઉપરાત પાલણપુર એજન્સિનો કાકરેજ જિલ્લો, રેવાકાઠા એજન્સિના લુણાવાડા, ભાદરવા, ઉમેટા, રાયકા, દોડકા અને અનઘડ તથા ગાયકવાડ તાબાના માડવા સસ્થાનનો સમાવેશ હતો. તે પૈકી નીચેનો મુલક પાછળથી મહીકાઠામાંથી અન્ય એજન્સિઓમા મૂકવામા આવ્યો છે.

લુણાવાડા, ભાદરવા, ઉમેટા, રાયકા, દોડકા, અને અનઘડ વગેરે મુલક રેવાકાંઠા એજન્સિમા અને કાકરેજ પરગણાનો મુલક પાલણપુર એજન્સિમાં જોડી દેવામાં આવ્યો છે. લાલના માંડવા ઉપર કોઇનો ધાસદાણાનો લાગો નહિ તેથી તે મહીકાંઠામાંથી આશરે પચાસ વષ ઉપર ગાયકવાડ સરકારની હકુમતમાં મૂકવામાં આવ્યુ છે.

રાજ્યવહીવટઃ—મહીકાંઠા એજન્સિમા ઇડરરાજ પહેલા વર્ગનુ છે. એનો વિસ્તાર લગભગ **એજન્સિના** અર્ધ ભાગ જેટલો છે; પોળો અને દાંતા એ બે બીજા વર્ગનાં સંસ્થાનો છે, માલપુર, માણુસા, મોહનપુર, કટોસણ એ ચાર ત્રીજા વર્ગના તાલુકા છે, વરસોડા, પેથાપુર, રણાસણ, પુનાદરા, ખડાલ, ઘોડાસર, ઇલોલ અને આંબલીઆરા એ આઠ ચોથા વર્ગના તાલુકા છે, વલાસણા, ડાભા, વાસણા, સુદાસણા, રૂપાલ, દધાળીઆ, મગોડી, વડાગામ અને સાઠંબા એ નવ પાચમા વર્ગના તાલુકા છે. સંસ્થાનો અને તાલુકાઓનો વહીવટ સરકારે નિર્માત કરેલી સત્તા મુજબ દરેક સંસ્થાનિકો અને તાલુકદારો પોતે કરે છે

માણુસા અને કટોસણ દરબારોને સ્વર્ગસ્થ શહેનશાહ બહાદુર એડવર્ડ ૭ માના કોરોનેશનના માગલિક પ્રસંગે સને ૧૯૦૩ ની સાલમાં હયાતી સુધી બીજા વર્ગના રાજાઓ જેટલો જાસ્તી અધિકાર અને સને ૧૯૧૧ ની સાલના નામદાર શહેનશાહ બહાદુર પાંચમા જ્યોર્જના કોરોનેશન વખતે સુદાસણા દરબારને હયાતી સુધી ત્રીજા વર્ગ જેટલો જાસ્તી અધિકાર આપવામાં આવ્યો છે. અને કટોસણ ઠાકોરને ચોથા વર્ગમાથી હમેશ માટે ત્રીજા વર્ગમાં મુકવામાં આવ્યા

છે. સને ૧૯૧૪ માં વરસોડા ઠાકોરને પણ હયાતી સુધી ત્રીજા વર્ગ જેટલો અધિકાર બક્ષવામાં આવ્યો છે.

પહેલા પાચ વર્ગનાં ૨૪ સ્ટેટો અને તાલુકાઓ સિવાય છઠ્ઠા તથા સાતમા વર્ગના નાના નાના ૨૮ તાલુકાઓ છે તેનો વહીવટ સરકાર તરફથી દરેક થાણાના થાણદાર કરે છે. તેમને બીજા વર્ગના માજિસ્ટ્રેટ અને દીવાનીમાં રૂ. ૫૦૦ સુધીના દાવા ચુકવવાનો અધિકાર છે

છઠ્ઠા વર્ગમા રમાંસ, બોલુંદ્રા, દેરોલ, ખેડાવાડા, કડોલી, વક્તાપુર, પ્રેમપુર, દેધરોટા, તાજપુરી, હાપા, સતલાસણા, ભાલુસણા, લીખી અને હડોલ એ ચૌદ તાલુકા છે. તે પૈકી હાપાને હયાતીસુધી તેગના વર્ગનો અધિકાર મળેલો છે.

સાતમા વર્ગમા મગુના, તેજપુરા, વીરસોડા, પાલજ, દેલોલી કસલપુરા, મેમદપુરા, ઇજપુરા, રામપુરા, રાણીપુરા, ગાબટ, ટીબા, ઊબરી, અને મોટાકોઠારણા એ ચૌદ તાલુકા છે તે પૈકી ગાબટને ત્રીજા વર્ગનો માજિસ્ટ્રેટી અખત્યાર મળેલો છે

ઉપર દર્શાવેલાં ૫૨ સ્ટેટો પૈકી **પોળો, વડાગામ, લીખી** અને ગાબટ એ ચાર ખંડણી આપતા નથી સિવાય બધા તાલુકા ગાયકવાડ સરકાર કે ઇડરરાજને ખડણી હક આપે છે. **રાણીપુરા** અને **ઊંબરીની** ખડણીનો સમાવેશ બીજા તાલુકાઓ ભેગો છે.

રાજ્યપધ્ધતિ:—સંસ્થાનો અને તાલુકાઓમાં સારી રીતે રાજ્યવ્યવસ્થા ચાલે તેથી સવડ મુજબ કેટલાક સ્ટેટો ઉપર દેખરેખ રાખવા સરકારે એક અંગ્રેજ અમલદાર ઠરાવેલા છે. જેમના અધિકારમા એજન્સિની કુલ સત્તા છે તેમને **પોલિટિકલ એજંટ** કહેછે

અને તેમને સોંપેલા વિભાગને **એજન્સિ** કહે છે.

મહીકાંઠા એજન્સિની પ્રથમ સ્થાપના ઈ. સ. ૧૮૧૨ માં કરવામાં આવી. જેમ જેમ કામનો વધારો થતો ગયો તેમ તેમ પ્રથમ **યુરોપીઅન આસિસ્ટંટ પોલિટિકલ એજંટ, પછીથી ડીસ્ટ્રીકટ ડેપ્યુટી, (પહેલાં પર્સનલ) આસિસ્ટંટ પોલિટિકલ એજંટ અને હજુર ડેપ્યુટી (પહેલાં નેટીવ) આસિસ્ટંટ પોલિટિકલ એજંટ** એ બે દેશી મળી ત્રણ મદદનીસ નીમવામાં આવ્યા છે. તેમની મદદથી પોલિટિકલ એજંટ તમામ જાતની દેખરેખ રાખે છે.

ડીસ્ટ્રીકટ ડેપ્યુટી આસિસ્ટંટ પોલિટિકલ એજંટ પોતાની સુંપરતના થાણાના કામ ઉપરાત જમી તાલુકાઓની દેખરેખનું કામ પણ કરે છે અને હજુર ડેપ્યુટી આસિસ્ટંટ પોલિટિકલ એજંટ, ટ્રેઝરી ઓફિસર, જેલ સુપ્રીન્ટેન્ડેન્ટ, અફીણ સબંધિ વગેરે કામ કરે છે.

મહીકાઠાનો વહીવટ કરવા માટે સાધારણ રીતે પાંચ વિભાગ **થાણાં** કે **જિલ્લા** ઠરાવ્યા છે દરેક થાણામાટે થાણદાર નીમેલા છે.

બાવીશી જિલ્લો મોટો હોવાથી તેના બાવીશી અને મહીસાડીવીજન એવા બે વિભાગ કરેલા છે. મહીસા પેટા વિભાગ માટે અવલ કારકુનની નીમણુંક કરેલી છે અને તે બાવીશી થાણદારના તાબામા છે.

મહીકાઠાની સઘળી જમીન દેશી રાજની છે એ જમીનની મહેસુલ ઉઘરાવવાને સારૂ મોટાં રાજ્યોના ભાગ પાડવામાં આવ્યા છે. મહીકાંઠામા મોટામાં મોટું રાજ્ય ઈડરનું છે. તેના જે ભાગ પાડવામાં આવ્યા છે તે **પરગણાં** કહેવાય છે. પરગણાના પેટા ભાગને

પટો કહે છે દરેક પરગણામાં એકેક મામલતદાર રહે છે. તે પરગણાની મહેસુલ ઉઘરાવે છે. તેમજ તેનો હિસાબ રાખે છે.

ઇડરસ્ટેટના મામલતદાર અને એજન્સિના થાણદારના હાથ નીચે જે ગામોનું મહેસુલ ઉઘરાવવું પડે છે. ત્યા તલાટી નીમેલા હોય છે. એજન્સિમાં ફક્ત બાવીશી થાણામાજ આવા તલાટીઓ ઠરાવેલા છે. બીજાં થાણામાં નાના નાના તાલુકાઓ હોવાથી તાલુકદાર પોતેજ અથવા તો તેમના કામદાર મહેસુલ ઉઘરાવે છે. જે તાલુકામા અંગ્રેજ સરકારની જમી છે. ત્યા ત્યાંના જમીદાર મહેસુલ ઉઘરાવે છે. મોટા સંસ્થાનોમા જમીનનું મહેસુલ પરગણા, મહાલ યા તાલુકાના થાણદાર, મામલતદાર અથવા મહાલકરી વસુલ કરે છે નાના તાલુકદારો વસુલાતની જાતે દેખરેખ રાખે છે.

દરબારી ગામોમા અનેક રીતે મહેસુલનો દર નક્કી કરવામા આવે છે. છેક જંગલી લોકો પાસેથી દાતરડીવેરો, પાણીવેરો, કોદાળીવેરો, વગેરે લેવાય છે. ચઢતી સ્થિતિના જગલી લોકો પાસેથી હળબંધી–હળવેરો, અને વધારે સુધરેલા ખેડુતો પાસેથી વિઘોટી, ખાતાબધી કે ખાતાવાર, ભાગબટાઇથી અમુક રકમ લેવામાં આવે છે એજન્સિમા કેટલેક ઠેકાણે જમીનની માપણી અને વર્ગણી કરી જમીનના દર નક્કી કરવામા આવ્યા છે તે પ્રમાણે મહેસુલ લેવાય છે. કેટલાક તાલુકાઓમા મહેસુલ તરીકે પાકનો અમુક ભાગ લેવામા આવે છે.

આગલા વખતમા મહેસુલ ઉઘરાવવા માટે બરોબર બદોબસ્ત નહિ હોવાથી જમીન મહેસુલ બહુ ઉપજતું નહિ. હાલમા સુધારો થતો જાય છે. જમીન માપણી થવાથી અને જમીનના દર નક્કી થવાથી, હવે ભાગબટાઈ માટે ખલવાડ, કળતર વગેરે બધ થતું જાય

છે. વિઘોટીથી ખાતાવાર જમીનનું મહેસુલ નક્કી થતું જાય છે વળી રેલવે, વગેરે વેપારનાં સાધનો, રાજ્યવહીવટમાં સરકારની દેખરેખ, બંદોબસ્ત અને જમીન મહેસુલની રીતમા સુધારો થવાથી, આવકમાં વધારો થતો જાય છે.

જંગલ ખાતુ:—મહીકાંઠાનો કેટલોક ભાગ જંગલોથી છવાયેલો છે. એ જંગલોમા આગલા વખતમાં ઈમારતી કાટ અને વાસ, પુષ્કળ થતો હતો પણ દુકાળ પડવાથી અને પુરતી સંભાળ વિના ઘણા સારાં સારા ઝાડ કપાઇ ગયા છે. છતા જો જંગલની પુરતી સંભાળ લેવામા આવે તો તેથી જંગલની પેદાશ સારી થવા સંભવ છે.

ન્યાય ખાતું:—હાલમા આ એજન્સિમા ૩૪ દીવાની કોર્ટો છે. તેમાંની ૧૦ અંગ્રેજ સરકારના તાબા હસ્તક છે અને ૨૪ દેશી રાજ્યોમાં છે.

ફોજદારી ફરીઆદનો નિકાલ તાલુકદારો સરકારે ઠરાવેલી વર્ગવારી પ્રમાણે કરે છે. સિવાય દરેક થાણામા નાના નાના બીન હકુમતી તાલુકાઓ માટે બીજા વર્ગના માજિસ્ટ્રેટની સત્તા ધરાવનારા થાણદાર નીમેલા છે, મહીસા પેટા થાણા માટે ત્રીજા વર્ગના માજિસ્ટ્રેટની સત્તા ધારણ કરનાર અવ્વલ કારકુનની નીમણોક કરેલી છે

પોલિસ ખાતું—મહીકાઠામાં મોટુ રાજ્ય ઈડર છે, ત્યા સ્ટેટનુ પોલિસ ખાતુ જુદુ છે તેના ઉપરીને પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટ કહે છે. બીજાં સંસ્થાનો અને હકુમતી તાલુકાઓમા સ્ટેટના ખર્ચે પોલિસ રાખેલી છે. તેના ઉપરીને પોલિસ ઈન્સ્પેકટર કે ફોજદાર કહે છે.

આશરે ૧૦૦ વર્ષ ઉપર ગાયકવાડ સરકાર તરફથી મહીકાઠામા ખંડણી ઉઘરાવવા અને મુલકના બંદોબસ્ત માટે ગાયકવાડી સરંજામ

ગાયકવાડી ઢબના ૧૦૦૦ ઘોડેસ્વાર માણુસોનુ અગ્રેજ સરકારના તાબામા સોંપવામા આવ્યુ હતું. આ લશ્કરનુ ગાયકવાડ સરકારને દરવર્ષે ચાર લાખ બાબાશાહી રૂપિઆનું ખર્ચ થતું હતું તોપણુ સંતોષકારક રીતે કામ થઇ શકતુ નહિ તેથી સને ૧૮૮૫ માં તે લશ્કર કાઢી નાખી અંગ્રેજી ઢબ પ્રમાણે પોલિસ રાખવા ઠરાવી અને ખર્ચ બદલ વર્ષે સવાલાખ રૂપિયા કલદાર અગ્રેજ સરકાર ખંડણીમાથી વસુલ કરી લે એવુ ઠર્યું. ત્યારથી આ એજન્સિ પોલિસના આશરે ૪૦૦ માણુસો રાખવામા આવ્યા છે તેના ઉપર આસિસ્ટટ પોલિટિકલ એજંટ '**પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટ**' એ હોદ્દાથી દેખરેખ રાખે છે. તેમને મદદ કરવા માટે **ડેપ્યુટી પોલિસ સુપ્રીન્ટેન્ડેન્ટ, પોલિસ ઈન્સ્પેકટરો, સબઇન્સ્પેકટરો,** હેડ કવાર્ટર **ચીફ કોન્સ્ટેબલ,** એમ ચઢતા ઉતરતા દરજ્જા પ્રમાણે ઠરાવેલા છે. દરેક જિલ્લા (થાણુા) ના હેડકવાટરમા મુખ્ય પોલિસ થાણુા મુકેલા છે. અને બીજા પેટા થાણુા પણુ ઠરાવેલા છે, મહીકાંઠાનુ સદર સ્ટેશન સાદરા હોવાથી બધી પોલિસ સાદરામાં રહે છે અને અહીંથી થાણુાઓમા મોકલવામાં આવે છે સાદરા હેડ કવર્ટરમાં ઉપરી તરીકે એક સુબેદાર જેમને હેડ કવાર્ટર ચીફ કોન્સ્ટેબલ; અને ઘોડા પોલિસના ઉપરી જેને રીસાલદાર કહે છે તેઓ હેડકવાર્ટરમા પોલિસની દેખરેખ રાખે છે મહીકાંઠાનો ઘણો ભાગ ડુંગરાઉ પ્રદેશ અને મહેવાસી હોવાથી અહીની પોલિસ હથિયારવાળી રાખવામા આવી છે. પ્રથમ સરકારી ત્રીજોરી અને જેલના સરક્ષણુ માટે ૭૫ માણુસોની લશ્કરી ટુકડી રહેતી હતી પણુ હવે તે કામ પોલિસ નીભાવી શકે તેમ હોવાથી સને ૧૯૦૦ થી સરકારે તે ઉઠાવી લીધી છે અને તેનું કામ એજન્સિ પોલિસથી લેવામા આવે છે.

કેળવણી ખાતું.—આ એજન્સિના કુમારોને શિક્ષણ આપવા માટે સાદરામાં **સ્કૉટ કોલેજ** સ્થાપવામાં આવેલી છે તેમાં મહીકાંઠા, પાલણપુર, અમદાવાદ અને ખેડા જિલ્લાના રાજકુમારો અભ્યાસ કરે છે. પહેલા તેને તાલુકદારી સ્કુલ કહેતા હતા

ઇડર સંસ્થાન પોતાની નિશાળોની દેખરેખ રાખે છે અને વ્યવસ્થા કરે છે; જ્યારે બાકીના રાજ્યો, તાલુકાઓ અને થાણાની નિશાળો સંબંધિનું બધુ કામકાજ મહીકાઠાના **ડેપ્યુટી એજ્યુકેશનલ ઇન્સ્પેકટર** કરે છે.

અગ્રેજી કેળવણી આપવા માટે ઇડર સસ્થાનમા તથા ઇડરમા એકજ હાઇસ્કુલ છે ત્યા અગ્રેજી પાચ ધોરણ સુધી શીખવાય છે. આ હાઇસ્કુલ સાથે બહાર ગામના વિદ્યાર્થીઓને રહેવા સારૂ **કેસરી બોર્ડીંગ** નામનુ હોસ્ટેલ છે વળી હીંમતનગર, સાદરા, અને માણસામાં નીચલા ધોરણો શિખવનારી એગ્લો વર્નાકયુલર સ્કુલો છે. જેમા ૧૬૩ વિદ્યાર્થીઓ ઇંગ્રેજી કેળવણી લે છે. આ સિવાય પેથાપુર અને વાસણામાં ખાનગી ઇંગ્લીશ સ્કુલો છે.

પ્રાથમિક કેળવણી આપવા માટે ઇડર સસ્થાનમાં ૪૨ છોકરાઓની અને ૫ કન્યાશાળાઓ, અને એજન્સિના બીજા તાલુકા અને થાણાઓમા ૭૨ છોકરાઓની અને ૧૧ કન્યાશાળાઓ મળી ૧૧૪ છોકરાઓની અને ૧૬ કન્યાશાળાઓ ગુજરાતી કેળવણી આપવા માટે સ્થાપવામા આવેલી છે. તેમા ૭૨૫૦ છોકરાઓ અને ૭૫૧ છોકરીઓ કેળવણી લે છે આ સિવાય ૩૨ ખાનગી શાળાઓ ચાલે છે તેમા આશરે ૮૦૦ વિદ્યાર્થીઓ કેળવણી લે છે. આ ઉપરાંત પોળો

સંસ્થાનમાં ૨, અને ઇડર સંસ્થાનમાં લુસરીઆ, બીલડીઆ વગેરે સ્થળે મીશનરી (પાદરી) હસ્તક ચાલતી સ્કુલો છે.

સાદરા અને ઇડરમાં એકેક જાહેર પુસ્તકાલય—લાયબ્રેરી છે. આ સિવાય માણસા હીંમતનગર અને ડભોડામાં પણ છે

સાદરામા ખાનગી અને હીંમતનગરમા ઇડર રાજ્યનુ એ બે છાપખાનાં છે.

વૈદક ખાતું—એજન્સિ સદર સ્ટેશન સાદરાબજારમાં સીવ્હીલ હોસ્પિટલ છે ઇડરસ્ટેટમા તેમજ ઇલોલ, પેથાપુર, કટોસણ, માણસા, હલદરવાસ, આંબલીઆરા, પુનાદરા, વરસોડા વગેરે સ્થળે તાલુકાના ખર્ચે અને ડભોડા, સતલાસણામાં થાણાના ખર્ચે દવાખાના ખોલેલાં છે, કે જેથી રૈયત તેનો છુટથી લાભ લઇ શકે.

આ એજન્સિમા વેકશીનેશન (શીતળા) ખાતુ રાખવામા આવેલું છે. તે માટે વેકશીનેટરો રાખેલા છે તેઓ વેકશીનેટર ઇન્સ્પેક્ટરની દેખરેખ નીચે શીળી ટાકવાનું કામ કરે છે.

મ્યુનિસિપાલિટિ—મહીકાંઠાના મહત્વના ગામો જેવા કે:- સાદરા બજાર, ઇડર, હીંમતનગર, પેથાપુર, માણસા, ઓટાણા, વગેરે સ્થળે મ્યુનિસિપાલિટિ સ્થાપવામાં આવેલી છે. તે શહેર સુધરાઇ સંબધિ સઘળું કામકાજ કરે છે.

મહીકાંઠા એજન્સિના રાજા રજવાડાઓના વર્ગ અને હકુમતના અખત્યારની વર્ગવારી.

પહેલા વર્ગના રાજા. (૧):—

૧. ઇડરના મહારાજા.

હકુમતના અખત્યાર.

દિવાની—કુલ અખત્યાર

ફોજદારી—કુલ અખત્યાર પણ પોલિટિકલ એજન્ટની પરવાનગી વગર બ્રિટિશ રૈયતનો ઇનસાફ કરી શકશે નહિ.

બીજા વર્ગના રાજાઓ (૨)

૧. પોળોના રાઓ. ૨. દાંતાના મહારાણા

હકુમતના અખત્યાર.

દિવાની:—૨૦,૦૦૦ રૂપિઆ સુધી.

ફોજદારી:—કુલ અખત્યાર પણ દેહાંત શિક્ષાના મુકદમામાં પોલિટિકલ એજન્ટની પરવાનગી વગર બ્રિટિશ રૈયતનો ઇનસાફ કરી શકશે નહિ.

અપીલકોર્ટ:—પોલિટિકલ એજંટની કોર્ટ.

ત્રીજા વર્ગના ઠાકોરો. (૪)

૧. માલપુરના રાવળજીશ્રી. ૨. માણસાના રાવળજીશ્રી.*

---

* માણસા અને કટોસણના દરબારોને સને ૧૯૦૩ ના કોરોનેશન પ્રસંગે હયાતી સુધી સાત વરસ કેદ, રૂા ૧૦,૦૦૦ દંડ અને રૂા ૨૦,૦૦૦ સુધી દીવાની દાવા સાભળવાનો અધિકાર પ્રાપ્ત થયો છે.

૩. મોહનપુરના ઠાકોર. ૪. કટોસણના ઠાકોરશ્રી+

હકુમતના અખત્યાર

દિવાની:—૫,૦૦૦ રૂપિઆ સુધી.

ફોજદારી:—બે વરસની કેદ તથા ૧૦૦૦ રૂપિઆ દંડ, પણ પોલિટિકલ એજંટની પરવાનગી વગર બ્રિટિશ રૈયતનો ઇનસાફ કરી શકશે નહિ.

અપીલ કોર્ટ:—પોલિટિકલ એજંટની કોર્ટ

ચોથા વર્ગના ઠાકોરો. (૮)

*૧. વરસોડાના ઠાકોર. ૨. પેથાપુરના ઠાકોર.
૩. રણાસણના ઠાકોર. ૪. પુનાદરાના મીઆં.
૫. ખડાલના મીઆં. ૬. ઘોડાસરના ઠાકોર.
૭. ઇલોલના ઠાકોર. ૮. આબલીઆરાના ઠાકોર.

હકુમતના અખત્યાર.

દિવાની:—૨૫૦૦ રૂપિઆ સુધી

ફોજદારી:—એક વરસની કેદ તથા ૫૦૦ રૂપિઆ દંડ, પણ પોલિટિકલ એજન્ટની પરવાનગી વગર બ્રિટિશ રૈયતનો ઇનસાફ કરી શકશે નહિ

અપીલકોર્ટ:—પોલિટિકલ એજન્ટની કોર્ટ.

+ કટોસણ સ્ટેટને સને ૧૯૧૧ ના કોરોનેશન પ્રસંગે હમેશ માટે ચોથા વર્ગમાથી કાઢી ત્રીજા વર્ગમા મૂકવામા આવ્યુ છે ને ત્યારપછી ઠાકોરશ્રી લખવા ઠરાવ્યુ છે વળી અમદાવાદ જિલ્લામા ઓનરરી ફસ્ટ કલાસ માજિસ્ટ્રેટનો પાવર સરકારે આપ્યો છે

* વરસોડા ઠાકોરને સને ૧૯૧૪ મા ત્રીજા વર્ગનો અંગત અધિકાર આપવામા આવ્યો છે.

પાંચમા વર્ગના ઠાકોરો. (૯)

૧. વલાસણાના ઠાકોર. ૨ ડાભાના મીયાં.+
૩ વાસણાના ઠાકોર. ૪. સુદાસણાના ઠાકોર.×
૫. રૂપાલના ઠાકોર. ૬. દધાળીઆના ઠાકોર.
૭. મગોડીના ઠાકોર. ૮. વડાગામના ઠાકોર.
૯ સાઠંબાના ઠાકોર.

હકુમતના અખત્યાર

દિવાની:—૧૦૦૦ રૂપિઆ સુધી.

ફોજદારી:—૭ મહીનાની કેદ તથા ૨૫૦ રૂપિઆ દંડ, પણ પોલિટિકલ એજંટની પરવાનગી વગર બ્રિટિશ રૈયતનો ઈનસાફ કરી શકશે નહિ

અપીલકોર્ટ:—પોલિટિકલ એજન્ટની કોર્ટ.

છઠ્ઠા વર્ગના ઠાકોરો. * (૧૪)

૧. રમાંસના મીયાં } વાત્રકકાંઠા થાણદારના તાબામાં.

૨. બોલુંદરાના ઠાકોર. ૩. હેરોલના ઠાકોર.
૪. ખેડાવાડાના ઠાકોર ૫. કડોલીના ઠાકોર
૬. વકતાપુરના ઠાકોર ૭ પ્રેમપુરના ઠાકોર.
૮. દેધરોટાના ઠાકોર ૯ તાજપુરીના ઠાકોર.
૧૦. +હાપાના ઠાકોર ૧૧ લાખીના ઠાકોર.
} સાબરકાંઠા થાણદારના તાબામાં.

+ ડાભાનો અધિકાર મોકુફ રાખી વાત્રકકાંઠા થાણામાં મુકેલો છે

× સુદાસણા ઠાકોરને સને ૧૯૧૧ ના કોરોનેશન વખતે ત્રીજા વર્ગનો અંગત અધિકાર આપવામાં આવ્યો છે

* છઠ્ઠા તથા સાતમા વર્ગના ઠાકોરોને ઠરાવેલા અધિકાર ભોગવવા દેવામાં

૧૨. સતલાસણાના ઠાકોર. ૧૩ ભાલુસણા- ⎫ ગઢવાડા થાણદાર-
૧૪. હડોલના ઠાકોર. [ઠાકોર. ⎭ ના તાબામાં.

હુકુમતના અખત્યાર.

દિવાની --૫૦૦ રૂપિઆ સુધી.

ફોજદારી:—ત્રણ મહીનાની કેદ તથા ૧૦૦ રૂપિઆ દંડ, પણ પોલિટિકલ એજંટની પરવાનગી વગર બ્રિટિશ રૈયતનો ઇનસાફ કરી શકશે નહિ.

અપીલકોર્ટ:--પોલિટિકલ એજન્ટની કોર્ટ.

સાતમા વર્ગના ઠાકોર. *(૧૪)

૧. મગુનાના ઠાકોર. ૨. તેજપુરાના ઠાકોર ⎫
૩. વીરસોડાના ઠાકોર. ૪. પાલજના ઠાકોર. ⎪
૫ દેલોલીના ઠાકોર. ૬ કસળપુરાના ઠાકોર. ⎬ કટોસણથાણદારનાતાબામા
૭ ગેમદપુરાના ઠાકોર. ૮. ઇજપુરાના ઠાકોર ⎪
૯. રામપુરાના ઠાકોર. ૧૦. રાણીપુરાના ઠાકોર. ⎭

૧૧ ગાબટના ઠાકોર.× } વાત્રકકાઠા થાણદારના તાબામા

૧૨ ટીંબાના ઠાકોર. ૧૩ ઊંબરીના ઠાકોર. ⎫ ગઢવાડા થાણદા-
૧૪ મોટાકોઠારણાના ઠાકોર. ⎭ રના તાબામા

આવતા નથી. પણ તે તાલુકાઓનો ગૂફ પાડી તેના ચાર જિલ્લા કે થાણા (સાબરકાંઠા, વાત્રકકાંઠા, કટોસણ અને ગઢવાડા) ઠરાવ્યા છે બાવીશી માટે જુદુ બાવીશી થાણુ ઠરાવ્યુ છે એ પાચ થાણાનો વહીવટ દરેક જિલ્લાના થાણદાર કરે છે તેમને સરકારે બીજા વર્ગના માજિસ્ટ્રેટનો અધિકાર આપેલો છે

× હાપા તાલુકાના હાલના ઠાકોરને તેમનો છઠ્ઠા વર્ગનો અંગત અધિકાર મળેલો છે

× ગાબટ ઠાકોરને ત્રીજા વર્ગના માજિસ્ટ્રેટનો અધિકાર મળેલો છે.

હકુમતના અખત્યાર.

દિવાની —૨૫૦, રૂપિઆ સુધી.

ફોજદારી:—એક મહીનાની કેદ તથા ૫૦ રૂપિઆ દંડ, પ. પોલિટિકલ એજન્ટની પરવાનગી વગર બ્રિટિશ રૈયતનો ઇ. કરી શકશે નહિ.

અપીલ કોર્ટ:—પોલિટિકલ એજંટની કોર્ટ

પ્રકરણ ૬ ઠું.

જાણવા લાયક સ્થળો.*

સાદરાબજાર (૧૪૪૦)+:—એ મહીકાઠાં એજન્સિનું સદર સ્ટેશન "સાદરા છાવણી કે સાદરા કેમ્પ" એ નામથી પણ ઓળખાય છે. તે સાબરમતીના કિનારે છે. ઈ. સ. ૧૪૨૬ માં ગુજરાતના બાદશાહ સુલતાન અહંમદ ૧ લાએ બંધાવેલો પુરાતની મજબુત કિલ્લો છે તે ખાસ જોવા લાયક છે. એમાં એજન્સિ બંગલો, ઓફિસો, રાજસ્થાનિક (લીમીટ) હોલ આવેલાં છે. સાદરા સીવીલ સ્ટેશન હોવાથી અહી સીવીલ હોસ્પિટલ, લાઇબ્રેરી, સ્કુલો, પોસ્ટ અને તાર ઓફિસ, દરબારી ઉતારા, એજન્સિ ઓફિસરોના બંગલા, કોર્ટો, ઓફિસો, પોલિસ લાઇનો, જ્યુબિલિકલોકટાવર,

---

* મહીકાઠા એજન્સિના બાવન તાલુકાના રાજધાનીના તેજ બાવન ગામો અને પાચ થાણાના સદર સ્ટેશનો સબંધિ જાણવા લાયક કેટલીક હકીકત સામાન્ય વર્ણનમા આવી જાય છે, તેથી ખાસ અગત્યના સ્થળોની હકીકતજ આ પ્રકરણમા દાખલ કરવામા આવી છે

+ વસ્તીના આકડા માત્ર મુકાબલા સારૂ આપેલા છે

સીલીમાર્કીટ, બગીચા, ધર્મશાળાઓ, પેવેલિયન, પરેડ ગ્રાઉન્ડ અને તાલુકદારોના કુંવરોને કેળવણી આપવા સ્થાપેલી સ્કોટ કોલેજ, વગેરે સ્થળો આવેલાં છે અને તે જોવા લાયક છે. સાદરાબજારની ાત બ્રિટિશ સરકાર હસ્તક છે.

સાદરા ગામ. (૧૫૦૯).—એ વાસણા તાલુકાનું ગામ છાવણી સાથે ભેળાએલું છે કેમકે છાવણી બાંધવા સાદરાગામની જમીન વાસણા ઠાકોરે ભાડુ લેવાનુ ઠરાવી આપેલી છે. હાલમાં સાદરા બજારની જમીનનુ ભાડું દર વરસે રૂ. ૨૩૦) અપાય છે.

ઈડર (ઈલિદુર્ગ ૪૮૬૩)·—એ પ્રાચીન અને ઐતિહાસિક સ્થળ ઇડર સંસ્થાનનુ રાજગાદીનુ સ્થળ હતું. હાલમાં આ સ્થળને બદલે હીંમતનગર (અમનગર) માં રાજગાદી ઠરાવવામા આવી છે. ઇડર શહેરને ફરતો પત્થરની ભીંતનો મજબુત કિલ્લો છે તે કિલ્લા નજીક ડુગર છે અને તે ડુગર શહેરની આસપાસ વીંટાએલો છે શહેરમાં ગજમહેલો, પ્રાચીન કુંડો, વાવો, બગીચા, **ત્રિપોળીઓ નામે કલોકટોવર,** વગેરે છે. સિવાય શહેરમાં, ગઢ અને ડુગર ઉપર હિંદુ અને જૈનના દેવાલયો, પીરની દરગાહો, સ્થળો, મકાનો, વગેરે જોવા લાયક છે તેમા દુર્ઘટ અને અજીત " ઈડરગઢ " ડુગરના શિખરો ઉપર " **રાવ રણમલ્લનું રક્ષસ્થાન,** " " **રૂઠી રાણીનો માળીઓ** " (શોકાતુર રાણીનો મહેલ) એ પ્રાચીન અને ઐતિહાસિક સ્થળો ખાસ જોવા લાયક છે.

અમનગર. (૨૯૧૩)·—હાલમા આ શહેરનુ નામ બદલીને **હીંમતનગર** રાખવામા આવેલુ છે. તે હાથમતીના કિનારે ઇડર રાજની હાલની રાજગાદીનુ કોટબંધ અને ઐતિહાસિક શહેર છે.

એને ફરતો કોટ છે. તે સુલતાન અહમદશાહે ઇ. સ. ૧૪૨૬ માં બંધાવ્યો હતો. હાલમા તે કેટલેક સ્થળેથી તૂટી ગયો છે. તેનો પ્રાંતિજ કે અમદાવાદનો દરવાજો કારીગરીનો ઉત્તમ નમુનો છે. આ શહેર પુરાતની બાંધણીનુ છે. બાદશાહી વખતનાં મકાનો જીર્ણ હાલતમાં છે તોપણ ઉમદા અને જોવા લાયક છે. અહંમદશાહના શાહજાદે બંધાવેલી મસીદ, અને તેની બારીઓના પત્થરમાં ડાળાં પાંદડા સાથે ઝાડનુ કોતર કામ, નવલખી કુંડ, હાથમતીની નહેર, અને હાલમા મહારાજાએ તદ્દન પત્થરથી બંધાવેલો રાજમહેલ એ ખાસ જોવા લાયક છે. આ શહેરને રાજગાદીનુ મુખ્ય શહેર ઠરાવવામાં આવ્યુ છે. એ એ. પી. રેલવેનુ રેલવે સ્ટેશન છે. વહોરાની વસ્તી પુષ્કળ હોવાથી એ કસબો ગણાય છે. શહેર નજીકમાથી ઇમારત લાયક અને કોતર-કામ થઇ શકે તેવા કઠણ પત્થરોની ખાણો છે. અહીં કપડા ધોવાનો સાબુ સારો બને છે. પ્રથમ અમનગરની આસપાસ ઊંચી જાતની હળદર થતી હતી.

વડાલી (૪૧૭૧)·—ઈડર સ્ટેટમાં આ અગત્યનુ સ્થળ છે, અને તે ઇડર ખેડબ્રહ્મા લાઈનનુ રેલવે સ્ટેશન છે. અહીં શાક ભાજી પુષ્કળ થાય છે. આ સ્થળ એજન્સિમાં વસ્તીમાં ૪ થા નબરે આવે છે અહીં જૈનના દહેરા જોવા લાયક છે.

ઘોડાદર (૯૫૬) —એ પોળો સંસ્થાનની હાલની રાજધા-નીનું સ્થળ છે. એમા રાવશ્રીનો દરબાર, દેવાલયો, સ્કુલો, દવાખાનું, લાઇબ્રેરી, વગેરે છે

પોળો (વિજયનગર):—એ જુની રાજગાદીનુ ગામ છે, અહીંના ખડેરા જોતા તે પહેલાં મોટુ શહેર હશે, સદેવંત શાવ-

ભીંત્રા અહીં ધસી ગયાં એમ કહેવાય છે. અહીં પત્થરથી બાંધેલો મોટો કુંડ છે તેમજ એક જૈન દહેરૂ જે લાખેણું દહેરૂ કહેવાય છે તે ઉત્તમ કોતર કામની પ્રાચીન કારીગરીનો નમુનો છે.

દાંતા. (૧૨૨૩) એ દાંતા સંસ્થાનની રાજધાનીનું શહેર ડુંગરની તળેટીએ આવેલું છે. એમાં મહારાણાના મહેલ, બગીચા, ધર્મશાળા, વગેરે છે. હાલમાં દાંતાનુ નામ "**દાંતા ભવાનગઢ**" રાખવામાં આવ્યુ છે.

માલપુર (૧૫૭૯):—એ વાત્રક નદીના કાંઠે રાજધાનીનું ગામ છે. એને ફરતો પુરાતની કિલ્લો, મહેલ, બગીચો, બંગલો, વગેરે જોવા લાયક છે.

માણસા (૮૫૦૯)·—એ રાજગાદીનુ શહેર મહીકાંઠામાં વસ્તીમા પહેલા નબરે છે. અહીં ઉંચ કોમની અને ઘાટી વસ્તી છે. વ્યાપારને લીધે અહીંના લોકોનો સંબંધ મુંબાઇ, પુના વગેરે દેશાવર સાથે છે અહી મહેલ, બગીચો, સ્કુલો, વૈષ્ણવી મંદિરો, તળાવો, શ્રીમંત શેઠીઆઓનાં મકાનો વગેરે જોવા લાયક છે.

મોહનપુર (૭૪૮)·—એ રાજગાદીનુ ગામ મેશ્વો નદી ઉપર છે. કાબળી નામના વહેળાનો મેશ્વો સાથે સંગમ થાય છે. તે સ્થળનો દેખાવ ચોમાસામા રમણીય લાગે છે અહીંનો દરબાર અને બગીચો જોવા લાયક છે.

અડપોદરા (૧૦૩૮): – મોહનપુર તાલુકાનુ ગામ છે. આ સ્થળ **અબરખની** ખાણો માટે વખણાય છે. ગામના ડુંગર ઉપર ઝાલાનું દેવળ છે ત્યા દર વરસે ભાદરવામાં મેળો ભરાય છે.

પેથાપુર (૩૭૧૨):—સાબરમતીના કાંઠે રાજગાદીનુ સ્થળ છે

અહીં ખત્રી અને ભાવસારની વસ્તી વિશેષ છે. તેઓ રંગાટી કામ ઘણુ સારૂ કરે છે. અહીં બાંધણીના સાલ્લા કે જે "પેથાપુરની બાંધણી," એ નામથી પ્રખ્યાત ગણાય છે. અને તે વખણાય છે. અહીંથી જથાબંધ કાપડ શિયામ અને ચીન જાય છે. પ્રથમ જામગીરીવાળી બંદુકો સારી બનતી હતી, સિવાય હાલમાં પણ તરવ ભાલા, જમૈયા, છરા, છરી, ચપ્પુ વગેરે હથિયારો અને તાળાં વખણુવા લાયક થાય છે.

પુનાદરા (૯૦૦):–એ વાત્રકના કિનારે રાજગાદીનુ ગામ છે. એની પાસે મહમદ બેગડાના વખતનો પુરાતની કિલ્લો છે. અહીંથી એક મૈલ છેટે વાત્રકના કાઠે ઉત્કંઠેશ્વર (ઉંટડીઆ) મહાદેવનુ વિશાળ શિવાલય ગાયકવાડી હદમા આવેલુ છે. ત્યા મહાશિવરાત્રિએ અને સિંહસ્થ વર્ષે મોટો મેળો ભરાય છે થોડે દૂર ઝાડીમા કેદારેશ્વર મહાદેવનુ રમણીય સ્થળ આવેલુ છે તે પણ જોવા લાયક છે.

કટોસણ (૧૧૬૮):—એ કટોસણ તાલુકાની રાજગાદીનુ સ્થળ છે તેથી અહીં દરબાર, કોર્ટ અને તેને ફરતો કિલ્લો છે કટોસણ આસપાસ ઉદપુરા અને ધનપુરા એ પરાં છે. તે જુદાં જુદાં ગામ ગણાય છે. ધનપુરા કટોસણ તાલુકાનુ ગામ છે. એમા બગીચો, દવાખાનું અને દરબારી માણસોના ઉતારા માટે મકાનો બાંધેલાં છે.

ચુવાળમાં આ તાલુકો પ્રસિદ્ધ અને મશહુર છે. ચુવાળના બીજા તાલુકાઓ કેટલાક વિરમગામ તાલુકામાં અને ગાયકવાડ સરકારના મુલકમા આવેલા છે. તે સઘળામા કટોસણ તાલુકો સૌથી અગત્યનો ગણાય છે તેથી પણ આ સ્થળ શ્રેષ્ઠ અને અગત્યનુ છે.

ઝોટાણા. (૨૩૭૮ :—કટોસણ તાલુકાનુ કટોસણ જિલ્લામાં

વસ્તી અને વ્યાપારમાં આગળ પડતુ મોટામાં મોટું સ્થળ અને રેલવે સ્ટેશન છે. અહીં પાટીદાર, વાણિયા, બ્રાહ્મણ, વગેરે ઉંચ કોમની વસ્તી છે. જૈનનુ દેરાસર, ગામની પાદરે લક્ષ્મીનારાયણનુ વિશાળ અને રમણીય મંદિર, શિવાલય, વગેરે જોવા લાયક છે. અહીંનાં ખડેરો ત઼ આ સ્થળ પ્રથમ મોટુ શહેર હશે એમ અનુમાન થાય છે.

પાલજઃ—(૭૭૬) જેને સર્પ, ઝેરી ઉંદર કે ઝેરી જનાવર કરડયુ હોય તેને પાલજના મહાદેવના મંદિરમા આવી ત્યાંના કુવાનુ પાણી પીવાની બાધા રાખવાથી ઝેર ચઢતું નથી એવી માનતા ચાલે છે.

આંબલીઆરાઃ—(૧૭૫૨) માજુમ નદીના કાંઠે એ "**ભાથીજીના આંબલીઆરા**" એ નામથી પ્રસિદ્ધ છે. અહીં દરબાર, બે બગીચા, મુસાફરી બગલો, વગેરે જોવા લાયક છે. હલકી જાતના **અકીક** નીકળે છે. તે પરદેશ જાય છે. **વીરમના વાળા (ખસ)** થાય છે તેની (ખસની) ટટ્ટી બને છે તે ઉનાળામાં ઠંડક મેળવવાના ઉપયોગ સારૂ કામમાં લેવાય છે સિવાય વિરમનાવાળા (ખસ) ધુપેલ (સુગંધીદાર પાકુ તેલ) તેલ પાડવાના ખપમા પણ આવે છે.

વાસણાઃ—(૨૧૨૩) સાબરમતી નદીના કાઠે '**દોલારણાના વાસણા**" એ નામે ઓળખાય છે. અહીં ભાવમારની વસ્તી ઘણી છે તેઓ રંગાટીનુ કામ સારૂ કરે છે. વાસણામા બનતું દેશી કાપડ કેટલુક શિયામ, ચીન વગેરે પરદેશ જાય છે. અહીંના ગોદડાની ખોળો (ખોળીઆં), સેલા, બૈરાંના બરનુ જાડુ દેશી કાપડ, સાલ્લા, વગેરે વખણાય છે.

ડભોડા (૨૮૧૧) એ ખારી નદીના કાઠે બાવીશી થાણાનુ મુખ્ય સ્થળ અને રેલવે સ્ટેશન છે સ્ટેશન નજીક મહીકાઠા માટે ખાસ દારૂ

ગાળવા સારૂ **ડીસ્ટલરી** બાંધવામાં આવેલી છે તેથી આ આબકા-રી ખાતાનુ પણ મુખ્ય સ્થળ છે. અહીં "**ડભોડીઆ હનુમાન**" નુ દેવળ છે તેની ઘણી માનતા ચાલે છે. સિવાય થાણદાર ઓફિસ, પોલિસ થાણું, દવાખાનુ, લાયબ્રેરી, સ્કુલો અને પોસ્ટ ઓફિસ વ-ગેરે આવેલાં છે.

મહીસા. (૧૫૯૭):—એ બાવીશીનું પેટા થાણું છે. તેથ અવલ કારકુન ઓફિસ, પોલિસ પેટા થાણું, સ્કુલો, પોસ્ટ ઓફિસ અને **મર્મસાગર** નામનુ મોટું તળાવ આવેલાં છે. **મર્મસાગર** તળાવમા કમળ થાય છે.

જાણવા લાયક યાત્રાનાં સ્થળ.

ખેડબ્રહ્મા (૧૧૦૭):—એ ઇડર સંસ્થાનમા યાત્રાનુ સ્થળ છે, તેને બ્રહ્માની ખેડ કે ખેડ પણ કહે છે. એ હરણાવ-હરણાક્ષીના કાંઠે છે એમાં **ભ્રગુ ઋષિનો આશ્રમ** અને **બ્રહ્માની મૂર્તિ** જે તદ્દન રેતીની બનાવેલી છે તે જાવા લાયક છે અને અંબાજીનું મંદિર, તેને ફરતી ધર્મશાળા અને નજીકમા માનસરોવર આવેલું છે તે પણ જોવા લાયક છે.

અહીં ભ્રગુએ બંધાવેલુ પ્રાચીન બાંધણીનું દેવાલય છે. તે સંબં-ધમા બ્રહ્મ પુરાણમા એવી કથા છે કેઃ—બ્રહ્માના પુત્ર ભ્રગુએ બ્રહ્મા અને રૂદ્રનું અપમાન કર્યું, તેથી પાપ નિવારણ માટે આ બ્રહ્મક્ષેત્રમાં આવી નદીમા સ્નાન કરી શિવની તપશ્ચર્યા કરી, તેથી પ્રસન્ન થઇ શંકરે પાપમુક્ત કર્યા ત્યારથી આ ક્ષેત્ર **ભ્રગુક્ષેત્ર** કહેવાય છે.

ખેડબ્રહ્મા નામ પડવાનું કારણ બ્રહ્મપુરાણમાં એવું બતાવ્યુ છે

કે:—બ્રહ્માએ પાપમુક્ત થવા માટે વિષ્ણુની સલાહથી હાલ જ્યાં ખેડબ્રહ્મા છે ત્યા નદીના કાંઠે વિશ્વકર્મા પાસે ગામ બંધાવી મહાયજ્ઞ કર્યો બ્રહ્માએ જતી વખતે પોતાની ચાર મુખવાળી મૂર્તિ સ્થાપન કરી તેથી આ સ્થળનું નામ **બ્રહ્માની** ખેડ એવુ પડયુ એમ કહેવાય છે.

અહીં દર વરસે મહા સુદી ૧૪ થી મહાશિવરાત્રિ સુધી પંદર દિવસ મોટા મેળો ભરાય છે. મેળામાં ગુજરાત, કાઠિયાવાડ, મેવાડ વગેરે તરફના વેપારીઓ અનેક પ્રકારનો માલ લાવે છે અને તે વેચે છે બદલામાં આ તરફ થતો માલ પણ પુષ્કળ ખપે છે. તેથી આવા મેળા એક બીજા સ્થળે થતા માલનો અરસપરસ અદલોબદલો કરવા માટે ઘણા ઉપયોગી છે.

સામળાજી (૯૬)·—ઈડર સંસ્થાનમાં મેશ્વો નદીના કાઠે ભીલોડા નજીક મેવાડની સરહદ પર પુરાતન અને પવિત્ર ધામ છે. એમા સામળાજી એટલે શ્રીકૃષ્ણની મૂર્તિ છે. એ મદિર પ્રાચીન બાંધણીનુ છે. દેવાલયના પત્થરો ઉપર હાથી, ઘોડા, વગેરે જાનવરોનાં ચિત્રો છે, મદિરના સભામંડપ આગળ પાષાણના મહાવત સાથે ઉમદા નકશીના મોટા હાથી છે ।

આ પ્રાચીન મદિરમાં સને ૮૪ અને ૧૦૨ ના લખે છે તે ઉપ- રથી મૂર્તિનુ નામ **ગદાધરજી** જણાય છે. દેવળ નજીક જુનુ **સામ- ળાજીનું**, **સોમનારાયણજીનું** અને **મહાદેવજીનું** એવા બીજા ત્રણ દેવાલય છે. મહાદેવજીનુ દેવાલય ભોંયરામા છે તેથી તે **કાશીવિ- શ્વેશ્વર** કહેવાય છે આ ત્રણ દેવળો તથા ગાંધારીની ૧૦૧ બાળકો સાથેની મૂર્તિ જોવા લાયક છે. મેશ્વો નદીમા “ **નાગધરો** ” નામે મોટા ધરો છે તેમા નહાવાથી ભૂત, પ્રેત, પિશાચના વળગાડનો વહેમ

દુર થાય છે. અહી કરમાબાઇ નામનું મોટું તળાવ છે. આ તળાવ કોઇ ઋષિએ વગર હથિયારે હાથથી કરેલુ છે એવી દંતકથા ચાલે છે સામળાજીમા દરવરસે કારતક સુદ ૧૫ ઉપર મોટો મેળો ભરાય છે. આ મેળો પખવાડીયુ ચાલે છે. તેમાં ગુજરાત, રાજપુતાના અને મધ્ય હિંદુસ્તાનના વેપારીઓ અને યાત્રાળુઓ આવે છે. મેળામાં જાનવરો જેવા કે:—બળદ, ઘોડા, ગાયો, ભેંસો, વગેરે અને બીજા માલની જથા બંધ ખપત થાય છે પહેલા મેળો ઘણો વિસ્તારમા ભરાતો હતો. કેમકે ગુજરાતમાં આવતા અફીણનો પાકો બંદોબસ્ત થવાથી આ મેળામા આવતું અફીણ બંધ થયુ છે.

ભુવનેશ્વર (ભવનાથ) :—ઇડરથી ૧૫ મૈલ ઉત્તરે અને બાલોડાથી દક્ષિણે ચાર મૈલ છેટે દેસણ ગામે પુરાતન તળાવ છે. તેના કિનારા ઉપર **શ્રી ભુવનેશ્વર કે ભવનાથ** મહાદેવનુ પ્રાચીન અને પવિત્ર દેવાલય છે. અહીં ભ્રગુઋષિનો આશ્રમ પણ છે. આ પુરાતન અને પવિત્ર તળાવની જમીન અને પાણીમા રગતપીત તથા બીજી જાતના કોઢ મટાડવાનો મહાન ગુણ રહેલો છે. તેથી કોઢવાળાં દર્દીઓ ત્યાં આવી રહે છે. ભવનાથમાં રહેનાર સાધુની સુચના પ્રમાણે દર્દીઓ તળાવમા નહાય છે અને કિનારા પરની ભભુતી જેવી માટી શરીરે ચોળી ત્રણ ચાર કલાક સુધી રહેવા દે છે. આ માટી કે જે ઘણી ભારે અને રાખોડીના રંગની છે. તેનાં તત્ત્વો બીજી માટીનાં જેવાં જણાયાં હતા, છતા પણ તેમાં કોઢ અને રગતપીતનો રોગ મટાડવાનો અદ્ભુત ગુણ રહેલો છે. માટે હાલમાં ત્યા દર્દીઓને વસવા માટે ધર્મશાળા અને સેનેટરીઅમ બંધાવ્યુ છે. તેથી સરળતા થઈ છે.

ભુવનેશ્વરના દેવળ નજીકના ડુંગરમાં **ભુવનેશ્વરીનું** મંદિર

આવેલુ છે. અને નજીકના જંગલમા " ચ્યવનભાર્ગવ " નામના મહર્ષિનો આશ્રમ હતો એમ મનાય છે.

તારંગા (૧૪૮):— એ દાંતાથી ૨૦ મૈલ દક્ષિણે ટીંબાની હદમા ડુંગરી ઉપર **અજીતનાથ** અને **સંભવનાથનાં** પુરાતન જૈન દેવાલયો છે, તારંગા એ નામ તારણ માતાના દેવાલય ઉપરથી પડેલુ હોવું જોઇએ. મુખ્ય દેવળ અણહિલવાડના સોલંકી જૈન ધર્મી રાજા કુમારપાળે ઇ. સ. ૧૧૪૩ માં બાંધેલુ છે. દેવળ બાંધવા ડુંગરની ટોચ ઉપર આવી ઝાડીમા પત્થરો શી રીતે લઇ જવામા આવ્યા હશે એ વિચારવું મુશ્કેલ છે. આ દેવળ ૧૨૫ ફીટ ઊંચુ છે. આની પાસેના દેવળમા તીર્થંકરની ૨૦૮ મૂર્તિઓ એક આરસપહાણના પત્થરમા કોતરેલા છે. તારંગાજીની મુખ્ય યાત્રા કારતકી અને ચૈત્રી પૂનમે હોવાથી તે વખતે યાત્રાળુઓ પુષ્કળ ભેગા થાય છે.

અંબાભવાની (૫૬૪)·—એ દાંતા સંસ્થાનમા સરસ્વતીના મૂળ પાસે આરાસુરના ડુંગરોમાંથી ગુજરાતમાં પવિત્ર અને પ્રસિદ્ધ યાત્રાનું ધામ આવેલુ છે. આ દેવળમાં શિવની અર્ધાંગના અને હિમાચળની પુત્રી દુર્ગા જગતની માતા **અંબાભવાનીના** રૂપે પૂજાય છે. માતાની માનતા ઘણા પ્રાચીન કાળથી ચાલે છે. શ્રીકૃષ્ણના વાળ અહીં ઉતાર્યા હતા, રૂક્ષ્મણીજી અહીં પૂજન કરવા આવ્યા હતા અને અહીંથીજ કૃષ્ણે હરણ કર્યું હતું, એમ કહેવાય છે. ગુજરાતના વલ્લભીનગરના મહારાજા શિલાદિત્યની રાણી પુષ્પાવતી વલ્લભીપુરનો નાશ થયો ત્યારે યાત્રાર્થે આવી હતી. આથી પણ પુરાતન કાળથી અંબાભવાનીનુ ધામ ઘણુ નામીચું અને પ્રસિદ્ધ ગણાય છે.

દેવીની યાત્રા માટે વર્ષમા પાંચ વખત સંઘ આવે છે. તેમાં ભાદરવા માસમા માતાજીનો જન્મ દિવસ આવે છે. તે પ્રસંગે મોટો સંઘ

ભરાય છે. નવરાત્રિમાં મહારાણા હવન કરે છે. અંબાજીની મૂર્તિ નથી પણ સોના અને રૂપાની પાદુકાનુ પૂજન થાય છે;

ભવાનીના દેવળની પશ્ચિમમાં "ગબ્બરગઢ" છે. ત્યાં અસલ કિલ્લો હતો. એના ઉપર ચઢવાનુ કામ મુશ્કેલ હતું. તેથી "જે ચઢે ગબ્બર તે થાય જબ્બર" એવી કહેવત હજુ પણ બોલાય છે. માતાજીના દેવળની પાછળ માનસરોવર છે તેના કિનારા ઉપર અજીતમાતાનુ દેવળ અને માતાજીના દેવળ સામે વાવ છે.

કુંભારીઆ (૨૮):--અંબાભવાનીની પાસે વહેળીઆ કિનારે સ્વાભાવિક ઉગેલા સુગંધમય પુષ્પના છોડવા અને ઝાડોની ઘટામાં ચિતોડના કુંભારાણાએ વસાવેલુ કુંભારીઆ ગામ છે. તેની પાસે ધોળા આરસપહાણના વિમળશાના બંધાવેલાં જૈનનાં દહેરાં છે. આ દહેરા પ્રથમ ૩૬૦ હતા હાલ પાંચ રહેલા છે. જ્યાં વિમળશાએ દહેરાં-બંધાવેલા હતા તે બળી ગયાની વાત સાચી જણાય છે. કેમકે તે વખતે આરાસુરના આખા ડુંગરમાં જ્વાળામુખીના તત્ત્વ પ્રજ્વલિત હતા એમ જણાય છે વળી એવી પણ દંતકથા ચાલે છે કે અંબાજીના પ્રકોપથી આ દહેરા બળી ગયા હશે એવુ વિમળશાએ આબુ ઉપર દેલવાડામા દેવળ બંધાવેલુ છે તેમા માતાજીની સ્તુતિનો લેખ છે તે ઉપરથા જણાય છે.

કોટેશ્વર (૩)·--અંબાજીથી ચાર મૈલ છેટે કોટેશ્વર મહાદેવનુ દેવળ છે. અંબાજીની યાત્રાએ આવેલા યાત્રાળુઓ અહી ખસુસ જાય છે પવિત્ર સરસ્વતી નદીનુ મૂળ અહી આથી શરૂ થાય છે. એથી આ સ્થળ પવિત્ર મનાય છે.

કેદારેશ્વર:—એ વાત્રક નદીના કાંઠે વસ્તીથી દુર જંગલ ઝાડી અને વાઘામા નિર્માલી અને તેલનાળ નજીક પવિત્ર શિવાલય આવેલું છે. અહી વાઘામાથી નાની નાની ઝાંઝરી અને ઝરણો પત્થરોમાથી ઝરે તેમાના કેટલાકનુ પાણી શિવાલયની આસપાસ ભ્રમણ કરી શિવ-

લિંગને નવરાવી ગૌમુખ રસ્તે નિરંતર વહ્યા કરે છે તે વાધામાથી આ-વતી નાની ઝાંઝરોમાં ભળી આગળ જતાં વાત્રકમાં ભળી જાય છે. અહીં સ્વાભાવિક ઉગેલા કદળી—કેળ વૃક્ષોનો સમુદાય છે. અહી દરવરસે શ્રાવણ માસમાં, મહા શિવરાત્રિ અને સિંહસ્થવર્ષે મોટા મેળા ભરાય છે. અને અસંખ્ય યાત્રાળુઓ એકઠા થાય છે,

ઉત્કંઠેશ્વર-ઊંટડીઆ મહાદેવ:—એ પવિત્ર પ્રખ્યાત અને વિશાળ શિવાલય વાત્રક નદીના ડાબા કાંઠે ગાયકવાડ સરકારની હદમાં પુનાદરા નજીક આવલુ છે આ શિવાલય નદીના તટ ઉપર ઊંચા ટેકરા ઉપર બહુ મજબુત અને વિશાળ જગામા ઊંચા પ્રકારનો બાંધણીથી ધ-ર્ણુજ મોટુ બાંધવામા આવેલુ છે અહીં જામાલીઋષિનો આશ્રમ હતો એમ કહેવાય છે. દર વર્ષે મહા શિવરાત્રિ અને સિંહસ્થ વર્ષે ઘણો મોટા મેળો ભરાય છે જે વખતે એક લાખ કરતાં પણ વધારે યાત્રા-ળુઓ અને વેપારીઓ એકઠા થાય છે. સિંહસ્થ વર્ષે તો ઘણો મોટો મેળો ભરાય છે

બહુચરાજી:—એ પવિત્ર સ્થળ ચુંવાળમા ગાયકવાડ સરકારની હદમાં આવેલુ છે. અહીં ચૈત્ર સુદી ૧૫ મોટો મેળો ભરાય છે. જેમ આરાસુરમા અંબાજીનુ પવિત્ર સ્થળ છે તેમ ચુંવાળમા બહુચરાજી માતાનુ પવિત્ર સ્થળ છે. બહુચરાજીની યાત્રાએ ગુજરાત અને મુંબાઇ ઇલાકામાથી અસંખ્ય યાત્રાળુઓની મેદની દરવર્ષે આવે છે. આ સ્થળ ગુજરાતમા દિલ્હીનો પાદશાહ અલ્લાઉદ્દીન ખુની આવ્યો ત પહેલાંનુ પ્રસિદ્ધિમા છે.

-૦

જાહેર ખ•

મારા તરફથી પ્રગટ થ

૧. ભૂગોળની મુખ્ય સંજ્ઞાએ

૨. મહીકાંઠા એજન્સિની સ:

સંજ્ઞાઓ, (શિખવવાની સુચના સાથે)
ભૂગોળ, સ્ટેટો અને થાણાની વિસ્તૃત '
પેજી, ૫૮૨ ફરમાનુ પુસ્તક. કીમત

૩. મહીકાંઠા એજન્સિની
મુખ્ય સંજ્ઞાઓ, અને સામાન્ય વર્

૪. ઈડર સંસ્થાનની મા

ઉપલા ચાર પુસ્તકો મહીકાંઠા અ
જનિક વાચ્છેરીઓ તેમજ સ્કુલોમા ઇ
ન ૩, ૪ ના (મહીકાંઠા અને ઇડરની
સા. બહાદુરે લાઈબ્રેરી સારૂ મંજુર '

૫ બાળગીત સંગ્રહ:-મ

૬ બાળસભાષણ.—મોર

મળવ

સાદરા
મહીકાંઠા એજન્સિ.